# મિડ-ડે

Jagran ૧ જુલાઈ ૨૦૨૪, સોમવાર, મુંબઈ, કુલ ૩૨ પાનાં, ₹૭.૦૦ | ફોન: 6831 4800 | ફૅક્સ: 2642 6812 | www.gujaratimidday.com


# જબરદસ્ત જીતનો જોરદાર જશન




એક સમયે હારની લગોલગ પહોંચી ગયેલી આપણી ટીમે સૉલિડ કમબૅક કરીને ભારતને બીજો T20 વર્લ્ડ કપ અપાવ્યા બાદ આખા દેશમાં દિવાળી જેવું સેલિબ્રેશન થયું. મુંબઈમાં તો લોકો વરસાદ હોવા છતાં મોડી રાતથી વહેલી સવાર સુધી રસ્તા પર તિરંગા સાથે જીતનો જશન કરતા જોવા મળ્યા. ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ પણ એમાં બાકાત નહોતા. તેમણે પણ ગ્રાઉન્ડથી લઈને ડ્રેસિંગ રૂમ સુધી ઉજવણી કરી



ગઈ કાલે ભારતની સાઉથ આફ્રિકા સામે થયેલી જીત બાદ દાદરના શિવાજી પાર્કમાં સેલિબ્રેશન કરી રહેલા મુંબઈગરાઓ.



સ્પેશ્યલ કવરેજ માટે જુઓ પાનાં ૨, ૪, ૫, ૬, ૮, ૧૦, ૧૨ અને ૧૪



## T20 વર્લ્ડ કપ જીતવા બદલ ટીમ પર થયો પૈસાનો વરસાદ

## ક્રિકેટ બોર્ડે આપ્યા ૧૨૫ કરોડ રૂપિયા

T20 વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમને ૧૨૫ કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. દુનિયાના સૌથી પૈસાદાર ક્રિકેટ બોર્ડમાં ભારતીય ક્રિકેટ બોર્ડના નામનો સમાવેશ થાય છે અને એના સેક્રેટરી જય શાહે આ જાહેરાત કરી છે. ઇન્ડિયાએ ૭ રનથી સાઉથ આફ્રિકાને હરાવીને ૧૭ વર્ષ બાદ T20 વર્લ્ડ કપની ટ્રોફી પોતાના નામે કરી છે. T20 વર્લ્ડ કપ 2024 માટે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ કુલ ૯૩.૭૮ કરોડ રૂપિયાનું ઈનામ આપ્યું છે. આ ટુર્નામેન્ટમાં ભારતની ટીમ એક પણ મૅચ નથી હારી. ટીમના અદ્ભુત પ્રદર્શન બદલ શુભેચ્છા આપતાં જય શાહે સોશ્યલ મીડિયા પર જાહેરાત કરી હતી કે 'ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024નો કપ જીતવા બદલ ટીમ ઇન્ડિયા માટે ૧૨૫ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવાની મને ખુશી થાય છે. આ ટીમે સમગ્ર ટુર્નામેન્ટમાં તેમની અદ્ભુત ટૅલન્ટ, સંકલ્પ અને ખેલભાવનાનું પ્રદર્શન કર્યું છે. દરેક પ્લેયર, દરેક કોચ અને સપોર્ટ-સ્ટાફનો આ અદ્ભુત સિદ્ધિ મેળવવા બદલ આભાર માનું છું.'

**20.36**

આટલા કરોડ રૂપિયા ચૅમ્પિયન ટીમની પ્રાઇઝ મની ભારતીય ટીમને ICC તરફથી મળી

રોહિત ઍન્ડ કંપનીએ એક પણ મૅચ હાર્યા વગર ટુર્નામેન્ટ જીતનારી પ્રથમ ટીમ બનીને અસાધારણ પ્રદર્શનથી તેના ટ્રોલર્સને ચૂપ કરી દીધા છે. રોહિત શર્માના નેતૃત્વમાં અને વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ અને અન્ય ખેલાડીઓની મદદથી તેઓએ ૧.૪ અબજ ભારતીયોનાં સપનાં અને અપેક્ષાઓ પૂર્ણ કર્યાં છે. T20 વર્લ્ડ કપ 2024 માટે ICCની ટોટલ પ્રાઇઝ મની ૯૩.૫૧ કરોડ છે, જેની સરખામણીએ ક્રિકેટ બોર્ડની આ પ્રાઇઝ મની ઐતિહાસિક છે.


Zagdu Singh Charitable Trust's (Regd.)

THAKUR SPECIALIZED DEGREE COLLEGE

Approved by Government of Maharashtra, Affiliated to University of Mumbai, Institute Code: 1235

ADMISSION ENQUIRY A.Y. 2024 - 2025 | B.Sc. | B.Com. | B.A. | B.M.S

B.Sc. (I.T.), B.Sc. (C.S.), B.Sc. (D.S.) | B.Com (B.A.F), B.Com (B.B.I), B.Com (B.F.M), B.Com (Management Studies) | B.A.M.M.C

Bachelor of Management Studies B.M.S Approved by All India Council for Technical Education (AICTE)

For Admission Queries: 8291959009, 8237360665 ENROLL NOW Registration Link — https://bit.ly/40xG3DK

Shivaji Road, off. M.G Road, near Dahanukarwadi Metro Station, Kandivali (West), Mumbai - 400 067. Contact: Tel: 022-69384444/45 • E-mail:tspdc@thakureducation.org • Website: www.tspdcmumbai.in

OPENING TOMORROW




10:30am - 7:30pm
For more info, Call: +91 98204 39178

BANDSTAND, MUMBAI
TAJ LANDS END

TUE | WED
2 & 3
JULY





# દીકરા અંગદની સામે વર્લ્ડ કપ જીતવાની ફીલિંગને બેસ્ટ માને છે જસપ્રીત બુમરાહ

## ઇન્ટરવ્યુ બાદ પત્ની સંજના ગણેશનને ભેટી પડ્યો પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ





**ભારતીય** ટીમનો દિગ્ગજ બોલર જસપ્રીત બુમરાહ T20 વર્લ્ડ કપ ૨૦૨૪માં ૧૫ વિકેટ લઈને પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ બન્યો હતો. T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ ૧૭ વિકેટ લેનાર ભારતીય બોલર અર્શદીપ સિંહ અને ૧૪૪ રન બનાવીને ૧૧ વિકેટ લેનાર હાર્દિક પંડ્યા આ અવૉર્ડના મુખ્ય દાવેદારમાં સૌથી આગળ હતા. જોકે ટુર્નામેન્ટ દરમ્યાન જસપ્રીત બુમરાહની બોલિંગ ટર્નિંગ-પૉઇન્ટ બની હતી.

અવૉર્ડ જીત્યા બાદ તેની પત્ની અને ઍન્કર સંજના ગણેશન સાથેના ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું કે અંગદ અહીં છે અને તેણે તેના પિતાને વર્લ્ડ કપ જીતતા જોયા છે. આનાથી સારી લાગણી બીજી કોઈ નથી. આ ઈન્ટરવ્યુ બાદ તે સંજનાને ભેટી પડ્યો હતો. મેદાન પર તેણે પોતાનો ચૅમ્પિયન-મેડલ દીકરા અંગદને પહેરાવી દીધો હતો. બુમરાહ-ફૅમિલીના આ ક્યુટ વિડિયોએ સોશ્યલ મીડિયા પર સૌનું ધ્યાન ખેંચ્યું હતું.



**3**

આટલી વાર ભારતીય T20 વર્લ્ડ કપમાં બન્યો પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ, આ પહેલાં ૨૦૧૪ અને ૨૦૧૬માં વિરાટ કોહલીને મળ્યો હતો અવૉર્ડ

**T20 વર્લ્ડ કપ ૨૦૨૪માં જસપ્રીત બુમરાહનું પ્રદર્શન**

કુલ મૅચ - ૦૮
ઓવર - ૨૯ .૪
બૉલ - ૧૭૮
વિકેટ - ૧૫
રન આપ્યા- ૧૨૪
ઈકૉનૉમી રેટ - ૪.૧૭

# હાર્દિકને ઈમોશનલ થતો જોઈને તેને ભેટીને ગાલ પર કિસ કરી રોહિતે

હાર્દિક શર્મા ઈમોશનલ થતાં રોહિત શર્મા તેની પાસે જઈને તેને ભેટી પડ્યો હતો. સાઉથ આફ્રિકા સામેની ફાઇનલ મૅચની છેલ્લી ઓવર હાર્દિક પંડ્યાએ નાખી હતી. આ ઓવરમાં તેણે બે વિકેટ લીધી હતી અને ઈન્ડિયન ટીમે સાઉથ આફ્રિકાને સાત રનથી હરાવ્યું હતું. T20 વર્લ્ડ કપ જીતી ગયા બાદ સેલિબ્રેશન દરમ્યાન દરેક પ્લેયર ઈમોશનલ થઈ ગયા હતા. હાર્દિકને રડતો જોઈ રોહિત તેની પાસે પહોંચી ગયો હતો. રોહિત તેને ભેટી પડ્યો હતો અને ત્યાર બાદ હાર્દિકને ઊંચકી લીધો હતો. તેણે હાર્દિકને ગાલ પર કિસ પણ કરી હતી.



### જીત બાદ ભાવુક થયો ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા

# છેલ્લા છ મહિના કેવા ગયા એના વિશે મેં એક પણ શબ્દ કહ્યો નથી, મારી સાથે અયોગ્ય થયું હતું

## હાર્દિક પંડ્યા કહે છે કે શબ્દોથી જવાબ આપવાની જરૂર નથી, પરિસ્થિતિ જવાબ આપે છે; ઘણા ઓછા લોકોને જિંદગી બદલવાની આવી તક મળે છે



**T20** વર્લ્ડ કપ જીત્યા બાદ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ કહ્યું હતું કે ‘આ વિજય મારા માટે ખૂબ મોટી વાત છે. છેલ્લા છ મહિના કેવા ગયા એના વિશે મેં એક પણ શબ્દ કહ્યો નહોતો. મારી સાથે અયોગ્ય થયું હતું, પણ મને ખબર હતી કે ક્યારેક એવો સમય આવશે જ્યારે હું મારી પ્રતિભા બતાવી શકીશ.’

IPL 2024ની સીઝનમાં ઘરઆંગણે હાર્દિક પંડ્યાનો મેદાનમાં હુરિયો બોલાવવામાં આવતો હતો. ગુજરાત ટાઇટન્સમાંથી તેને મુંબઈ ઇન્ડિયન્સનો કૅપ્ટન બનાવવામાં આવ્યો હતો અને આ સીઝન હાર્દિક પંડ્યા માટે સારી ગઈ નહોતી.

જોકે જીત બાદ મેદાનમાં રડી પડેલા હાર્દિક પંડ્યાએ કહ્યું હતું કે ‘હું ગરિમામાં વિશ્વાસ કરું છું. જે લોકો મને એક પર્સન્ટ પણ નથી જાણતા એ લોકોએ મારા વિશે એટલું બધું કહ્યું, પણ કોઈ વાત નહીં. મારું હંમેશાં માનવું છે કે શબ્દોથી જવાબ આપવાની કોઈ જરૂર નથી, પરિસ્થિતિ જવાબ આપી દેતી હોય છે. ખરાબ સમય હંમેશાં નથી રહેતો. ગરિમા બનાવી રાખવી જરૂરી છે, ભલે તમે જીતો કે હારી જાઓ.’

હાર્દિક પંડ્યાએ આગળ કહ્યું હતું કે ‘પ્રશંસકો અને સૌકોઈએ શાલીનતાથી રહેવાનું શીખવું પડશે. આપણે સારું આચરણ રાખવું પડશે. મને વિશ્વાસ છે કે હવે એ લોકો પણ ખુશ થશે. ઈમાનદારીથી કહું તો મને મજા આવી રહી હતી. ઘણા ઓછા લોકોને આવી જિંદગી બદલવાની તક મળે છે. અહીં દાવ ઊંધો પણ વળી શકતો હતો; પણ હું અડધો ગ્લાસ ભરેલો જોઉં છું, અડધો ખાલી નહીં.’

**બરોડાનો એક છોકરો પોતાનું જીવન જીવી રહ્યો છે**

સાઉથ આફ્રિકા સામેની મૅચમાં છેલ્લી ઓવરમાં ૧૬ રન ડિફેન્ડ કરીને હાર્દિક પંડ્યાએ ભારતને T20 વર્લ્ડ કપની ફાઈનલ જીતવામાં મદદ કરી હતી. તેણે જીત બાદ એક વિડિયો શૅર કર્યો હતો, ‘બરોડાનો એક છોકરો પોતાનું સપનું જીવી રહ્યો છે અને તેના માર્ગમાં જે કંઈ આવ્યું છે એના માટે આભારી છે. ’ તેણે લખ્યું, ‘મારા દેશ માટે રમવું હંમેશાં સૌથી મોટું સન્માન રહેશે.’



# T20 વર્લ્ડ કપ જીતવાનું સપનું પૂરું કરીને એકમેકને ભેટીને રડી પડ્યા રોહિત-કોહલી

**વિરાટ** કોહલી અને રોહિત શર્મા વર્લ્ડ કપ જીતવાનું સપનું પૂરું કરી એકમેકને ભેટીને રડી પડ્યા હતા. T20 વર્લ્ડ કપ જીતવો રોહિત અને કોહલીનું સપનું હતું. વર્લ્ડ કપ જીતવાની ખુશી શું હોય છે એ કોહલી અને રોહિત બન્ને જાણે છે અને એમ છતાં બન્ને આ ટાઇટલ જીતવા માટે આકાશ-પાતળ એક કરવા તૈયાર હતા અને એ તેમણે કરી દેખાડ્યું. વર્લ્ડ કપ જીતતાં જ રોહિત જમીન પર પન્ચ મારી રહ્યો હતો અને કોહલી આકાશ તરફ હાથ કરીને સેલિબ્રેશન કરી રહ્યો હતો. ત્યાર બાદ તેઓ બન્ને ઈમોશનલ થઈ ગયા હતા અને એકમેકને ભેટીને રડી પડ્યા હતા. તેઓ પંદર વર્ષથી સાથે રમી રહ્યા હતા અને એ સમય જાણે સ્થિર થઈ ગયો હોય એવું લાગી રહ્યું હતું.

# રિટાયરમેન્ટ બાદ વિડિયોકૉલ પર અનુષ્કા સામે રડ્યો, પણ બાળકોને હસાવતો જોવા મળ્યો કિંગ કોહલી

## T20 ઇન્ટરનૅશનલમાં સૌથી વધુ ૧૬ પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતનાર એકમાત્ર ક્રિકેટર બન્યો વિરાટ



**૩૫** વર્ષનો વિરાટ કોહલી ફાઇનલ મૅચ પહેલાં સામાન્ય પ્રદર્શનને કારણે ભારે પ્રેશરમાં હતો, પણ T20 ફાઇનલમાં ૭૬ રનની યાદગાર ઇનિંગ્સ રમીને તેણે તમામ ક્રિકેટફૅન્સને ખુશ કરી દીધા હતા. તે T20 ઇન્ટરનૅશનલમાં સૌથી વધુ ૧૬ પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતનાર એકમાત્ર ખેલાડી બન્યો હતો. આ અવૉર્ડ લેતી વખતે તે ઘણો ઇમોશનલ હતો અને ત્યારે જ તેણે T20 ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા હતા. તેણે ફાઇનલ મૅચ પહેલાં જ નક્કી કર્યું હતું કે ભલે હાર થાય, પણ આ તેની છેલ્લી T20 ઇન્ટરનૅશનલ મૅચ રહેશે.

પોતાની છેલ્લી મૅચ બાદ તેણે પરિવાર સાથે વિડિયોકૉલ પર વાત કરી હતી. પત્ની અનુષ્કા શર્મા સામે તે પોતાનાં ઇમોશન્સ છુપાવી નહોતો શક્યો અને રડી પડ્યો હતો, પણ ફોન પર જેવાં તેનાં દીકરા-દીકરી આવ્યાં એટલે તે પોતાની તમામ પીડાઓ ભૂલીને ખુશ-ખુશ થઈ ગયો. તે વિડિયોકૉલ પર વામિકા અને અકાયને હસાવતો જોવા મળ્યો હતો. T20 ઇન્ટરનૅશનલમાં વિરાટ કોહલીએ ૧૪ વર્ષ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

# રડતા ક્રિકેટરોને જાદુ કી જપ્પી કોણ આપશે?

## વર્લ્ડ કપ જીત્યા બાદ આપણા પ્લેયરોને મેદાનમાં ભાવુક થયેલા જોઈને વિરાટ કોહલીની દીકરીએ વ્યક્ત કરી આવી ચિંતા : જોકે અનુષ્કાએ તેને કહ્યું કે દેશના ૧૫૦ કરોડ લોકોએ તેમને ગળે લગાવ્યા હતા



**ભારતે** T-20 વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ કેટલાય ક્રિકેટરો મેદાનમાં રડી પડેલા જોવા મળ્યા હતા. આવી રીતે ક્રિકેટરોને રડતા જોઈને વિરાટ કોહલી અને અનુષ્કા શર્માની દીકરીને ચિંતા થઈ હતી કે ક્રિકેટરો રડતા હોય તો તેમને ગળે લગાવવા માટે કોઈ હોય કે નહીં? આ મુદ્દે વિરાટ કોહલીની પત્ની અનુષ્કા શર્માએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે ‘અમારી દીકરીએ ઘણાબધા ક્રિકેટરોને ટીવી પર રડતા જોયા પછી તેની સૌથી મોટી ચિંતા એ હતી કે તેમને ગળે લગાવવા માટે કોઈ હશે કે નહીં? મેં કહ્યું, હા મારી ડાર્લિંગ, તેમને દેશના ૧.૫ અબજ લોકોએ ગળે લગાવ્યા હતા. આ કેટલી અસાધારણ જીત અને કેટલી મહાન સિદ્ધિ હતી. આપણા ચૅમ્પિયન્સને અભિનંદન.’

Printed and published by Shaikh Latif Gaffar on behalf of Mid-Day Infomedia Ltd, Printed at Balaji Globus Industrial Park, Bldg. No. B, Unit No. 1, 2 & 3, Bhiwandi-Nashik bye pass Road, Village-Walshind, Bhiwandi 421 302. Published at 6th floor, RNA Corporate Park, off Western Express Highway, Kalanagar, Bandra (East), Mumbai 400 051; Telephone No. 6831 4800; Fax No: 26426812, E-mail : gujmid@mid-day.com. RNI Number 62476/95. Postal Registration No MCN / 312 / 2024-2026. Reproduction in whole or in part without the written permission of the publisher is prohibited. Editor: *Rajesh Thawani (*Responsible for selection of news under the Press and Registration of Books Act 1867)





# સૂર્યકુમારે ૧૯૮૩ના કપિલ દેવના અદ્ભુત કૅચની યાદ તાજી કરાવી

## ઐતિહાસિક જીત બાદ ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહે ભારતીય ડ્રેસિંગ-રૂમમાં સૂર્યકુમાર યાદવને બેસ્ટ ફીલ્ડરનો મેડલ આપ્યો





**લંડનમાં** ૧૯૮૩ની વર્લ્ડ કપ ફાઇનલમાં મિડ-ઑનથી બાઉન્ડરી તરફ દોડીને એ સમયના કૅપ્ટન કપિલ દેવે વેસ્ટ ઇન્ડીઝના દિગ્ગજ બૅટર સર વિવિયન રિચર્ડ્સને આઉટ કરીને ભારતને ચૅમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. એ વર્લ્ડ કપ જીતનાં ૪૧ વર્ષ બાદ બાર્બેડોઝમાં મુંબઈકર સૂર્યકુમાર યાદવે ૨૦મી ઓવરના પહેલા બૉલ પર ડેવિડ મિલરનો આઇકૉનિક કૅચ પકડીને ફાઇનલ માં ભારતની શાનદાર વાપસી કરાવી હતી. એ અંતિમ ઓવરમાં તેણે પાંચમા બોલે કૅગિસો રબાડાનો પણ કૅચ પકડીને ભાર તની જીત સુનિશ્ચિ ત કરી હતી.

ફીલ્ડિંગકોચ ટી. દિલીપે બેસ્ટ ફીલ્ડર અવૉર્ડ સેરેમની યથાવત્ રાખીને ફાઇનલ બાદ ભારતીય ડ્રેસિંગ રૂમમાં સૂર્યકુમાર યાદવની ભારે પ્રશંસા કરી હતી. ઐતિહાસિક જીત બાદ ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહ ભારતીય ટીમના ડ્રેસિંગ રૂમમાં હાજર રહ્યા હતા અને તેમના હાથે સૂર્યકુમારને ફાઇનલ માટે બેસ્ટ ફીલ્ડરનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. આ પહેલાં બંગલાદેશ સામેની મૅચ બાદ સર વિવિયન રિચર્ડ્સના હાથે તેને બેસ્ટ ફીલ્ડરનો મેડલ મળ્યો હતો. મેડલ સેરેમની વખતે ડ્રેસિંગ રૂમમાં ટીવીમાં ફા ઇ નલની હાઇલાઇટ સમયે સૂર્યકુમારનો શાનદાર કૅચ જોઈને આખી ટીમે ફરી એક વાર એ કૅચની ઉજવણી કરી હતી.

# દ્રવિડને ઊંચકીને સન્માન આપીને ટીમ ઇન્ડિયાએ આપી વિદાય



**સાઉથ** આફ્રિકા સામે ફાઈનલમાં જીત્યા બાદ ટીમ ઇન્ડિયાએ રાહુલ દ્રવિડને સન્માન આપ્યું હતું. ૨૦૦૭માં ટીમ ઇન્ડિયા વર્લ્ડ કપમાંથી જલદી બહાર થઈ ગઈ હતી. ત્યારથી રાહુલ દ્રવિડ માટે એ સપનું અધૂરું રહી ગયું હતું. જોકે ટીમ ઇન્ડિયાના હેડ કોચ તરીકે તેમની શનિવારે છેલ્લી મૅચ હતી. એ મૅચ જીત્યા બાદ રાહુલ દ્રવિડનું એ સપનું પણ પૂરું થયું હતું. ટીમ ઇન્ડિયાના હેડ કોચે પણ ખૂબ જ યોગદાન આપ્યું હોવાથી વિરાટ કોહલી અને રોહિત શર્માએ રાહલુ દ્રવિડને ઊંચકી લીધા હતા અને ત્યાર બાદ સમગ્ર ટીમ દ્વારા તેમને ઊંચકીને સન્માન આપી ખુશી વ્યક્ત કરી હતી.

### KDFBFDDFHDBHFKDJSREBMEEFBCKA!

#### ક્રિકેટ બોર્ડે કહ્યું કે આ જીતનું વર્ણન કરવા અમારી પાસે શબ્દો નથી

T20 વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતીય ક્રિકેટ બોર્ડે ટ્વીટ કરતાં સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે KDFBFDDFHDBHFKDJSREBMEEFBCKA! અમારી પાસે આ જીતનું વર્ણન કરવા માટે શબ્દો નથી. આપણે આ સિદ્ધિ મેળવી લીધી છે.

# હું ફાઈનલની આગલી રાતે સૂઈ નહોતો શક્યો : રોહિત શર્મા

## વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને હાર્દિક પંડ્યાનાં ભરપૂર વખાણ કર્યાં કૅપ્ટને




**સાઉથ** આફ્રિકા સાથેની ફાઇનલ મૅચ પહેલાં રોહિત શર્મા સૂતો નહોતો. સાત રનથી સાઉથ આફ્રિકાને હરાવીને ભારતે T20 વર્લ્ડ કપની ટ્રોફી પોતાના નામે કરી હતી. આ વિશે વાત કરતાં રોહિતે કહ્યું હતું કે 'હું હમણાં કેવાં ઇમોશન્સમાંથી પસાર થઈ રહ્યો છું એ કહીં શકું એમ નથી. શબ્દોમાં એને કહેવું મુશ્કેલ છે. હું મેચની આગલી રાતે ઊંઘી પણ નહોતો શક્યો, કારણ કે હું જીતવા માટે ખૂબ જ ડેસ્પરેટ હતો. જોકે મેં ગ્રાઉન્ડ પર પોતાની જાતને સારી રીતે મૅનેજ કરી હતી. છેલ્લાં ત્રણ-ચાર વર્ષમાં અમે શું-શું કર્યું એને ટૂંકાણમાં કહેવું અઘરું છે. અમે જે કર્યું એ પાછળ અમે આજ સુધી શું કર્યું એ મહત્ત્વનું છે. અમે બધા આ જીત કોઈ પણ રીતે મેળવવા માગતા હતા. અમને ખુશી છે કે મૅનેજમેન્ટે અમારા પર વિશ્વાસ મૂકીને અમને અમારી રીતે રમવાની છૂટ આપી. કોહલીના ફૉર્મ વિશે કોઈને કોઈ દિવસ શંકા નહોતી. મોટી મૅચમાં અનુભવી પ્લેયર હંમેશાં રમે છે અને કોહલીએ એ કરી દેખાડ્યું. અક્ષરની ઇનિંગ્સ પણ મહત્ત્વની હતી. બુમરાહ વિશે શું કહેવું એ સમજ નથી પડતી. તેની સ્કિલ અદ્ભુત છે. તે માસ્ટર-ક્લાસ છે. હાર્દિક પણ છેલ્લી ઓવરમાં અદ્ભુત હતો. મને મારા પ્લેયર્સ પર ગર્વ છે.'

# ત્રણ વિકેટ પડી જતાં રાહુલભાઈએ અચાનક મને બૅટિંગ માટે તૈયાર થવા કહ્યું : અક્ષર પટેલ



**ઇન્ડિયાની** ત્રણ વિકેટ પડી જતાં અક્ષર પટેલને અચાનક રાહુલ દ્રવિડે બૅટિંગ માટે તૈયાર થઈ જવા કહ્યું હતું. સાઉથ આફ્રિકા સામેની ફાઇનલ મૅચમાં રોહિત શર્મા, રિષભ પંત અને સૂર્યકુમાર યાદવની વિકેટ જલદી પડી જતાં અક્ષર પટેલને બૅટિંગ માટે મોકલવામાં આવ્યો હતો. તે નીચેના નંબરે બૅટિંગ કરશે એવી આશા હતી, પરંતુ રોહિત શર્મા અને રાહુલ દ્રવિડે તેને પાંચમા નંબર પર મોકલ્યો હતો. અક્ષરે ૩૧ બૉલમાં ૪૭ રન કર્યા હતા. વિરાટ કોહલી સાથે મળીને અક્ષરે ટીમની વિકેટ સાચવી રાખી હતી. આ વિશે અક્ષર પટેલે કહ્યું હતું કે 'રોહિત અદ્ભુત કૅપ્ટન છે. આ ટુર્નામેન્ટમાં તેણે ટીમને ખૂબ જ સારી રીતે લીડ કરી છે. રાહુલ (દ્રવિડ)ભાઈએ અમને એન્જૉય કરવા કહ્યું હતું, નહીં કે પ્રેશર લેવા માટે. મને એવું લાગતું હતું કે બૅટિંગ-ઑર્ડરમાં હું નીચે હોઈશ. અમારી ત્રણ વિકેટ પડી કે અચાનક રાહુલભાઈએ મને બૅટિંગ માટે તૈયાર થવા કહ્યું. બૅટિંગ કેવી રીતે કરવી એ વિશે વિચારવાનો મને સમય નહોતો મળ્યો અને એ જ મને મદદરૂપ રહ્યું.'

# તુનક તુનક સૉન્ગ પર ડાન્સ-પાર્ટનર બનીને ભાંગડા કર્યા વિરાટ-અર્શદીપે

૧૩ વર્ષ બાદ વર્લ્ડ કપ ટ્રોફી અને ૧૧ વર્ષ બાદ ICC ટ્રોફી જીતીને દરેક ભારતીય ખેલાડી ઇમોશનલ થઈ ગયો હતો. બાર્બેડોઝની ધરતી પર ભારતીય ટીમની આ ઐતિહાસિક જીત બાદ દેશભક્તિના સૉન્ગની સાથે બૉલીવુડના ફેમસ સૉન્ગ પણ ગુંજ્યાં હતાં. જેવું સિંગર દલેર મેહંદીનું ફેમસ સૉન્ગ 'તુનક-તુનક' શરૂ થયું કે ભારતીય ખેલાડીઓ પોતાના પગ પર નિયંત્રણ ન કરી શક્યા અને આપોઆપ ભાંગડા કરવાના શરૂ થઈ ગયા.

વિરાટ કોહલી અને અર્શદીપ સિંહ ડાન્સ-પાર્ટનર બનીને શાનદાર ભાંગડા કરતા જોવા મળ્યા, જેમાં તેમને મોહમ્મદ સિરાજ, અક્ષર પટેલ અને રિઝર્વ ખેલાડી રિન્કુ સિંહ-ખલીલ અહમદનો સાથ મળ્યો હતો. આ ભાંગડા-સેલિબ્રેશનનો વિડિયો સોશ્યલ મીડિયા પર ભારે વાઇરલ થયો હતો.





# ટીમ ઈન્ડિયાની જીતનું ગુજરાતમાં થયું ધામધૂમથી સેલિબ્રેશન

વેસ્ટ ઈન્ડીઝના બાર્બેડોઝમાં રમાયેલી T20 વર્લ્ડ કપની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે ભારતીય ટીમનો ભવ્ય વિજય થતાં અમદાવાદ સહિત ગુજરાતમાં રાતભર ક્રેઝી ક્રિકેટ-ફૅન્સે સેલિબ્રેશન કર્યું હતું. ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, વેરાવળ, જામનગર સહિતનાં સ્થળોએ ક્રિકેટ-લવર્સ સ્વયંભૂ એકઠા થયા હતા. મૅચ જીતવાની સાથે જ અમદાવાદના મોટા ભાગના વિસ્તારોમાં લોકો હાથમાં તિરંગા સાથે ઘરની બહાર નીકળ્યા હતા અને ફટાકડા ફોડી, એકબીજાનું મોં મીઠું કરાવીને વિજયની ખુશી મનાવતાં સેલિબ્રેશન કર્યું હતું. મોડી રાત સુધી ક્રિકેટપ્રેમીઓ એકથી બીજા વિસ્તારોમાં ફરતા રહ્યા હતા અને ભારત માતા કી જયના નારા બોલાવ્યા હતા. 📷 જનક પટેલ.

# પચાસ T20 ઇન્ટરનૅશનલ મૅચ જીતનાર પ્રથમ કૅપ્ટન બન્યો રોહિત શર્મા



**સાઉથ** આફ્રિકા સામે ફાઇનલ જીતીને T20 ઇન્ટરનૅશનલનો નંબર-વન બૅટર રોહિત શર્મા આ ફૉર્મેટની ૫૦ મૅચ જીતનાર એકમાત્ર કૅપ્ટન પણ બન્યો હતો. ૩૭ વર્ષ ૬૦ દિવસની ઉંમરે તે T20 વર્લ્ડ કપ જીતનાર સૌથી ઓલ્ડેસ્ટ કૅપ્ટન બન્યો હતો. આ પહેલાં આ રેકૉર્ડ ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન ઍરોન ફિન્ચના નામે હતો. તેણે ૨૦૨૧માં ૩૪ વર્ષ ૩૬૨ દિવસની ઉંમરે ન્યુ ઝીલૅન્ડ સામે ફાઇનલ જીતીને T20 વર્લ્ડ કપ જીત્યો હતો.

૨૦૦૭થી ૨૦૨૪ સુધી તે ભારત માટે ૯ T20 વર્લ્ડ કપ રમ્યો હતો. તે ૨૦૦૭ અને ૨૦૨૪નો વર્લ્ડ કપ જીતીને બે T20 વર્લ્ડ કપ ફાઇનલ જીતનો ભાગ બનનાર એકમાત્ર ભારતીય બન્યો હતો. ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં ૬૦૦ અને T20 ઇન્ટરનૅશનલમાં ૨૦૦ સિક્સર ફટકારવાનો રેકૉર્ડ તેણે આ વર્લ્ડ કપમાં જ બનાવ્યો હતો. ૧૭ વર્ષ સુધી T20 ઇન્ટરનૅશનલમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યા બાદ તેણે ફાઇનલ પછીની પ્રેસ-કૉન્ફરન્સમાં વિરાટ કોહલી જેમ રિટાયરમેન્ટની જાહેરાત કરી હતી. જોકે તે ટેસ્ટ અને વન-ડેમાં રમતો જ રહેશે.

**14**

આટલી વખત પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ T20 ઇન્ટરનૅશનલમાં જીતી ચૂક્યો છે રોહિત શર્મા

### T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ રન

વિરાટ કોહલી - ૧૨૯૨
રોહિત શર્મા - ૧૨૨૦
માહેલા જયવર્દને - ૧૦૧૬
જૉસ બટલર - ૧૦૧૩
ડેવિડ વૉર્નર - ૯૮૪

### T20 ઇન્ટરનૅશનલમાં કૅપ્ટન તરીકે સૌથી વધુ જીત

૫૦ - રોહિત શર્મા (ભારત)
૪૮ - બાબર આઝમ (પાકિસ્તાન)
૪૫ - બ્રાયન મસાબા (યુગાન્ડા)
૪૪ - ઓઇન મૉર્ગન (ઇંગ્લૅન્ડ)

### T20 ઇન્ટરનૅશનલમાં રોહિત શર્માનું પ્રદર્શન

| | |
|---|---|
| મૅચ - ૧૫૯ | ફિફ્ટી - ૩૨ |
| રન - ૪૨૩૧ | ચોગ્ગા - ૩૮૩ |
| સેન્ચુરી - ૫ | સિક્સર - ૨૦૫ |









# બાર્બેડોઝના સ્ટેડિયમમાં ગુજરાતી ફૅન્સે અવર્ણનીય રોમાંચ અનુભવ્યો

શૈલેષ નાયક
feedbackgmd@mid-day.com

## લૉસ ઍન્જલસથી મૅચ જોવા આવેલા મૂળ મુંબઈના એક પારસી અને બે ગુજરાતી ફ્રેન્ડ્સ ઓવારી ગયા ટીમ ઇન્ડિયાના પર્ફોર્મન્સની સાથે બુમરાહ તેમ જ હાર્દિક પર

**વેસ્ટ** ઇન્ડીઝના બાર્બેડોઝમાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની એક્સાઇટિંગ બનેલી T20 ક્રિકેટ વર્લ્ડ કપની ફાઇનલ મૅચ ભારત જીતી જતાં વર્ણવી ન શકાય એવો થ્રિલિંગ રોમાંચ સ્ટેડિયમમાં બેસીને મૅચ જોઈ રહેલા ગુજરાતી ફૅન્સે અનુભવ્યો હતો. લૉસ ઍન્જલસથી મૅચ જોવા બાર્બેડોઝ આવેલા મૂળ મુંબઈના એક પારસી અને બે ગુજરાતી ફ્રેન્ડ્સ ટીમ ઇન્ડિયાના પર્ફોર્મન્સ પર અને ખાસ કરીને જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યા પર ઓવારી ગયા હતા અને સ્ટેડિયમમાંથી જીતની ખુશી વ્યક્ત કરતાં તેમણે 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'બુમરાહે સાબિત કરી દીધું કે તે મૅચવિનર છે તો હાર્દિકે ઊભા થઈને દુનિયાને બતાવી દીધું કે તે સુપરસ્ટાર કેમ છે.'

મૂળ મુંબઈના વર્સોવાના અને છેલ્લાં ૨૨ વર્ષથી લૉસ ઍન્જલસમાં રહેતા પારસી સમુદાયના નૌઝાદ સદરીએ 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'વર્લ્ડ કપની ફાઇનલ મૅચના રોમાંચનો જે અનુભવ અમને થયો એ શબ્દોમાં સમજાવી શકાય એમ નથી. અમારા માટે આ અહેસાસ ખૂબ જ અલગ જ ફીલિંગ લાવ્યો છે. જ્યારે આપણે મૅચ જીત્યા ત્યારે સ્ટેડિયમમાં બેઠેલી મોટા ભાગની વ્યક્તિઓ ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી. અમે ત્રણ મિત્રો કે જેમાં મારી સાથે મૂળ મુંબઈના ડૉ. અનિલ શાહ અને મૂળ સુરતના ડૉ. ભરત પટેલ ખાસ વર્લ્ડ કપની સેમી ફાઇનલ અને ફાઇનલ મૅચ જોવા લૉસ ઍન્જલસથી વેસ્ટ ઇન્ડીઝ આવ્યા હતા. આ એક્સાઇટિંગ રહેલી ફાઇનલ મૅચના અમે પણ સાક્ષી બન્યા એનો આનંદ કંઈક અલગ જ છે અને જીવનમાં ક્યારેય નહીં ભૂલી શકાય એવી આ મૅચ અમારા માટે યાદગાર બની રહી.'



લૉસ ઍન્જલસથી મૅચ જોવા આવેલા ડૉ. અનિલ શાહ, ડૉ. ભરત પટેલ અને નૌઝાદ સદરી.



બાર્બેડોઝના સ્ટેડિયમમાં ફાઇનલ મૅચમાં ટીમ ઇન્ડિયાને ચિયરઅપ કરવા આવેલા લૉસ ઍન્જલસના ત્રણ મિત્રો સહિતના ગુજરાતીઓ અને ભારતીયો.

ફાઇનલ મૅચમાં જે રીતે પાછલી ઓવર્સમાં જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાએ બોલિંગ કરી એને લઈને નૌઝાદ સદરીએ કહ્યું હતું કે 'મારો ફેવરિટ ખેલાડી જસપ્રીત બુમરાહ છે, તે મૅચવિનર ટૉપ-ક્લાસ બોલર છે. તેણે કેટલી સારી બોલિંગ કરી એનું વર્ણન હું કોઈ શબ્દમાં નથી કરી શકતો. અનબિલીવેબલ મૅચવિનિંગ પર્ફોર્મન્સ ટીમ ઇન્ડિયાનો રહ્યો હતો. લૉસ ઍન્જલસથી અહીં બાર્બેડોઝ આવવા માટે અંદાજે ૧૦ કલાક જેટલો સમય લાગતો હશે, પણ અમે બે સેમી ફાઇનલ અને ફાઇનલ મૅચ સ્ટેડિયમમાં બેસીને જોઈ અને એમાં પણ ફાઇનલ મૅચમાં ટીમ ઇન્ડિયા T20 વર્લ્ડ કપ જીતી ગઈ એનો આનંદ કંઈક ઑર જ રહ્યો અને અમારી ટ્રિપના પૈસા વસૂલ થઈ ગયા.'

તેમણે કહ્યું હતું કે 'ફાઇનલ મૅચમાં સ્ટેડિયમમાં ઓછામાં ઓછા ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા ગુજરાતીઓ સહિત મોટી સંખ્યામાં અન્ય ભારતીયો પણ મૅચ જોવા આવ્યા હતા. આખા સ્ટેડિયમમાં જ્યાં જુઓ ત્યાં ભારતીય અચૂક નજરે પડતા હતા અને આપણી ટીમને ચિયરઅપ કરતા હતા.'

# ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહની ભવિષ્યવાણી સાચી પડી: કૅપ્ટન રોહિત શર્માએ બાર્બેડોઝની ધરતી પર તિરંગો લગાવ્યો



**T20માં** જીત બાદ ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહની ભવિષ્યવાણી સોશ્યલ મીડિયા પર યાદ કરવામાં આવી રહી છે જેમાં તેમણે રોહિતની કૅપ્ટન્સીમાં બાર્બેડોઝના મેદાન પર તિરંગો લગાવવાનો દાવો કર્યો હતો.

જય શાહે આ ભવિષ્યવાણી ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ફેબ્રુઆરીમાં રાજકોટમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટમૅચ પહેલાં કરી હતી. જય શાહ SCA સ્ટેડિયમનું નામ બદલીને નિરંજન શાહ સ્ટેડિયમ કરવાના પ્રસંગે બોલી રહ્યા હતા. તેમણે એ સમયે કહ્યું હતું કે 'ભારત સતત ૧૦ મૅચ જીતવા છતાં ૨૦૨૩માં ODI વર્લ્ડ કપ જીતી શક્યું નહોતું, પરંતુ અમે દિલ જીતી લીધાં હતાં. હું વચન આપું છું કે ૨૦૨૪માં રોહિત શર્માની કૅપ્ટન્સીમાં અમે બાર્બેડોઝમાં ભારતીય ધ્વજ લગાવીશું.'

ખરેખર ૨૯ જૂને બાર્બેડોઝમાં આ ઘટનાની સાક્ષી આખી દુનિયા બની હતી.

# દુનિયામાં વિરાટ કોહલી એકમાત્ર એવો પ્લેયર છે જેણે આ મહારત મેળવી છે...

**સાઉથ** આફ્રિકાને સાત રનથી હરાવીને ભારતીય ક્રિકેટ ટીમ T20 વર્લ્ડ કપ જીતી ગઈ હતી. આ વર્લ્ડ કપ જીતતાંની સાથે વિરાટ કોહલીએ એવી મહારત મેળવી છે જે દુનિયાના કોઈ પ્લેયર પાસે નથી. ઇન્ડિયા ૧૭ વર્ષ બાદ T20 વર્લ્ડ કપ જીત્યું છે તો અગિયાર વર્ષ બાદ ICCની ટ્રોફી મેળવી છે. વિરાટ કોહલીએ ૨૦૦૮માં ICCની U-19 વર્લ્ડ કપની ટ્રોફી જીતી હતી. ૨૦૧૧માં ભારત મહેન્દ્ર સિંહ ધોનીની કૅપ્ટન્સી હેઠળ વન-ડે વર્લ્ડ કપ જીત્યું હતું. ૨૦૧૩માં બર્મિંગહૅમમાં ભારત જ્યારે ICCની ચૅમ્પિયન ટ્રોફી જીત્યું હતું ત્યારે પણ વિરાટ કોહલીએ એમાં યોગદાન આપ્યું હતું. શનિવારે રમાયેલી T20 વર્લ્ડ કપની ફાઇનલ મૅચમાં કોહલીએ સૌથી વધુ સ્કોર કરીને ટીમને જિતાડવા માટે એક સન્માનજનક સ્કોર પર પહોંચાડી હતી. આથી આ ચાર ટ્રો ફી જીતનારો તે દુનિયાનો એકમાત્ર પ્લેયર છે.





## ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહનું કર્યું નવું નામકરણ રવિ શાસ્ત્રીએ

રવિ શાસ્ત્રીએ ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહને નવું નામ આપ્યું છે. ૨૦૨૩માં વર્લ્ડ કપ હારી ગયા બાદ દરેક વ્યક્તિ જય શાહના સ્ટેટમેન્ટની રાહ જોઈ રહ્યું હતું. થોડા સમય પહેલાં તેમણે ભવિષ્યવાણી કરી હતી કે રોહિત શર્મા T20 વર્લ્ડ કપ જીતશે. શનિવારે આ વાત સાચી પડતાં રવી શાસ્ત્રીએ તેમને જય 'નૉસ્ટ્રડમસ' શાહ કહ્યું હતું. નૉસ્ટ્રડમસ એક ફ્રેન્ચ ઍસ્ટ્રોલૉજર હતો. તેના નામ પરથી ભવિષ્ય ભાખનારને 'નૉસ્ટ્રડમસ' કહેવામાં આવે છે. આ વિશે રવિ શાસ્ત્રીએ ટ્વીટ કર્યું હતું કે 'જય શાહ અદ્ભુત. તમારું નામ હવે જય 'નૉસ્ટ્રડમસ' શાહ છે. તમે ચાર મહિના પહેલાં રોહિત શર્માને કૅપ્ટન તરીકે પસંદ કર્યો હતો અને એ સમયે ભવિષ્ય શું હશે એ કહ્યું હતું અને આજે એ સાચું પડ્યું છે.'

# લંડનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા જતાં થાંભલા પરથી પડી ગઈ વ્યક્તિ

## સેલિબ્રેશન દરમ્યાન અન્ય એક વ્યક્તિને પોલીસ દ્વારા ડિટેન પણ કરવામાં આવી હતી, પરંતુ એ માટેનું કારણ જણાવવામાં નથી આવ્યું

**ભારતની** T20 વર્લ્ડ કપની જીતનું સેલિબ્રેશન દુનિયાભરમાં થઈ રહ્યું છે. લંડનના રસ્તાઓ પર પણ ભારતીયો રાષ્ટ્રધ્વજ લઈને નીકળ્યા હતા. જોકે આ સેલિબ્રેશન દરમ્યાન એક ઘટના બની હતી. ક્વીન્સબરી ટ્યુબ સ્ટેશનની બહાર એક વ્યક્તિ થાંભલા પર ભારતીય ઝંડો લગાવવા માટે ચડી હતી. જોકે તે ઉપરથી પડી ગઈ હતી અને તેને ચહેરા પર ઈજા થઈ હતી. આમ છતાં તે સ્વસ્થ હતી અને થોડી જ મિનિટમાં ચાલતી પણ થઈ ગઈ હતી. લંડનમાં અન્ય જગ્યાએ પણ સેલિબ્રેશન થયું હતું.. એલિંગ રોડ પર પોલીસ દ્વારા એક વ્યક્તિની સેલિબ્રેશન કરવા બદલ અરેસ્ટ કરવામાં આવી હતી. જોકે તેને ડિટેન શું કામ કરી એનું કારણ હજી સુધી જાણવા નથી મળ્યું.



# સ્માર્ટ કૅચ ઑફ ધ મૅચનો અવૉર્ડ જીત્યા બાદ સૂર્યકુમાર યાદવે શું કહ્યું?

૩૩ વર્ષના સૂર્યકુમાર યાદવે ૨૦મી ઓવરમાં બે શાનદાર કૅચ પકડીને ભારતને ફાઇનલમાં કારમી હારથી બચાવ્યું હતું. આ કૅચને કારણે તેને ફાઇનલ મૅચ માટે સ્માર્ટ કૅચ ઑફ ધ મૅચના અવૉર્ડ સાથે ૩૦૦૦ ડૉલરની ઇનામી રકમ મળી હતી. તેણે આ મૅચ બાદ કહ્યું હતું કે 'ચૅમ્પિયન બન્યા બાદ હું મારી પત્નીને ગળે લગાવીને ખૂબ રડ્યો. કૅચ સમયે ત્રણ-ચાર સેકન્ડમાં એવું કંઈ અલગ લાગ્યું નહોતું, પણ હવે મને સમજાયું કે એ કેટલું મહત્ત્વનું હતું. ત્યારે એ જરૂરી હતું. મેં જે પણ કર્યું એના માટે અમે ઘણો સમય વિતાવ્યો હતો અને આવી ક્ષણો માટે ફીલ્ડિંગકોચ સાથે પ્રૅક્ટિસ કરી હતી.'



વર્લ્ડ કપની ટ્રોફી સાથે સૂતા હોય એવો ફોટો પડાવ્યો સૂર્યકુમાર અને તેની પત્ની દેવિશાએ.

Zynova SHALBY
MULTI-SPECIALTY
HOSPITALS

# તમારા આરોગ્યની કાળજી કુશળ અને કાબેલ નિષ્ણાતોની સહાયથી.



**ડો. અમિત ગંગવાની**
ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ



**ડો. વિશ્વનાથન ઐયર**
ન્યુરોસર્જન



**ડો. ઉર્વી મહેશ્વરી**
ફિઝિશિયન



**ડો. હેમંત પટેલ**
જનરલ સર્જન



**ડો. ધનંજય પરબ**
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન



**ડો. શ્રીસનત રાવ**
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન



**ડો. નોમાન શિરોળકર**
ચીફ ઈન્ટેન્સીવિસ્ટ



**ડો. શ્વેતા લાલગુડી**
ઓબ્સ્ટેટ્રીક્સ અને ગાયનેકોલોજીસ્ટ



**ડો. રુજુ ગાલા**
નેફ્રોલોજીસ્ટ



**ડો. તનવિ ભટ્ટ**
ચેસ્ટ ફિઝિશિયન



**ડો. શિલ્પા જોશી**
રેડિયોલોજીસ્ટ



**ડો. વૈશાલી શેંદે**
એનેસ્થેટીસ્ટ



**ડો. પલ્લવી અરદક**
એનેસ્થેટીસ્ટ



**ડો. આશિષ અગ્રહરી**
પેથોલોજીસ્ટ



**ડો. સુષ્મા રોકાડે**
માઈક્રોબાયોલોજીસ્ટ



**ડો. ઐશ્વર્યા પોલ**
ડેન્ટીસ્ટ




## ઝાયનોવા શેલ્બી: આપણા જીવનદાતાના સમર્પણનું સન્માન

ઝાયનોવા શેલ્બી હોસ્પિટલમાં અમારા કુશળ ડોક્ટર્સ તેમના કૌશલ અને આધુનિક મેડિકલ જ્ઞાનની મદદથી દરેક કેસને અતૂટ આત્મવિશ્વાસ અને સહાનુભૂતિથી હાથમાં લે છે. ભલે તે કેસ રૂટીન ચેક-અપ હોય કે પછી કોઈ ઈમરજન્સી સમસ્યા, તેમના અથક પ્રયાસોને કારણે તમામ દરદીઓને ઉત્કૃષ્ટ કાળજી, પ્રોત્સાહન અને આરામ મળી રહે છે.

આ ડોક્ટર્સ દિવસના અવસર પર અમે અમારા ફુલ ટાઈમ કન્સલ્ટન્ટ અને વિઝિટીંગ કન્સલ્ટન્ટ પેનલનો આભાર માનીએ છીએ. તમારા સતત ઉત્કૃષ્ટ પ્રયાસો બદલ હૃદયથી આભાર.

Acme Elanza, LBS Marg, Ghatkopar (W)

**022 6890 0000 / 18002665544**

JOSHBRO



## વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટીમ ઇન્ડિયાને આપ્યાં અભિનંદન

# ICC ટ્રૉફીનો ૧૩ વર્ષનો દુકાળ દૂર કરવા બદલ રાહુલ દ્રવિડને ખાસ અભિનંદન







**ભારતે** T20 વર્લ્ડ કપ જીતી લીધા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક વીડિયો-સંદેશમાં ટીમ ઇન્ડિયાને અભિનંદન આપ્યાં હતાં. ત્યાર બાદ તેમણે ટીમના ખેલાડીઓ સાથે ફોન પર વાત કરી હતી.

વડા પ્રધાન મોદીએ ટીમના કોચ રાહુલ દ્રવિડને ખાસ અભિનંદન આપ્યાં હતાં. તેની આગેવાની હેઠળ ભારતને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ની ટુર્નામેન્ટમાં ૧૩ વર્ષ બાદ વિજયી ટ્રૉફી મળી છે. કોચ તરીકેની રાહુલ દ્રવિડનો અઢી વર્ષનો સમયગાળો ફાઇનલ મૅચની સાથે જ પૂર્ણ થઈ ગયો છે.

વડા પ્રધાને કૅપ્ટન રોહિત શર્માની કાબિલેદાદ કૅપ્ટન્સી અને ફાઇનલ મૅચમાં વિરાટ કોહલીની શાનદાર ઇનિંગ્સ માટે પણ અભિનંદન આપ્યાં હતાં. વડા પ્રધાન મોદીએ શાનદાર છેલ્લી ઓવર માટે હાર્દિક પંડ્યા અને બાઉન્ડરી લાઇન પર ડેવિડ મિલરના અફલાતૂન કૅચ માટે સૂર્યકુમાર યાદવને પણ અભિનંદન આપ્યાં હતાં.

ફાઇનલ મૅચ પૂરી થયા બાદ વડા પ્રધાન મોદીએ ટીમ ઇન્ડિયા માટે એક વીડિયો-સંદેશ આપ્યો હતો જેમાં તેમણે કહ્યું હતું કે 'આપે માત્ર વર્લ્ડ કપ જીત્યો નથી, કરોડો ભારતીયોનાં દિલ જીતી લીધાં છે. આ નાની સિદ્ધિ નથી, કારણ કે તમે આ ટુર્નામેન્ટમાં એક પણ મૅચ હારી નથી.'

## કોહલીએ લખ્યું, ભગવાન મહાન છે, હું શીશ ઝુકાવું છું



**T20** વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન વિરાટ કોહલીએ ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ લખી હતી અને એમાં લખ્યું હતું કે 'ભગવાન મહાન છે, હું શીશ ઝુકાવું છું. આનાથી વધુ સારા દિવસનું સપનું નહોતો જોઈ શક્યો. ભગવાન મહાન છે અને હું કૃતજ્ઞતામાં મારું માથું ઝુકાવું છું. અમે આખરે વિજય મેળવી લીધો. જય હિન્દ.'

વિરાટ કોહલીએ સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં ૫૯ બૉલમાં સૌથી વધુ ૭૬ રન બનાવ્યા હતા. ભારતે આ મૅચમાં સાઉથ આફ્રિકાને સાત રનથી હરાવ્યું હતું.

## T20 વર્લ્ડ કપમાં ઇન્ડિયાની જીત વિશે સચિન તેન્ડુલકરે કહ્યું...

# ભારતીય ટી-શર્ટ પર ચોથા સ્ટારનો ઉમેરો થયો

**સચિન** તેન્ડુલકરે ભારતીય ક્રિકેટ ટીમ માટે એક ઓપન લેટર લખ્યો છે. આ લેટરમાં તેણે ભારતીય ટીમના ટી-શર્ટ પર હવે ચોથો સ્ટાર આવી ગયો એમ કહ્યું છે. શનિવારે રાતે T20 વર્લ્ડ કપની ફાઇનલમાં સાઉથ આફ્રિકાની ટીમને હરાવી ઇન્ડિયાએ ટાઇટલ પોતાને નામ કર્યું હતું. આ વિશે ટ્વિટર પર ઓપન લેટરમાં સચિને લખ્યું કે 'ભારતીય ટીમની જર્સી પર જેટલા પણ સ્ટાર્સનો ઉમેરો થઈ રહ્યો છે એનાથી દેશનાં તમામ બાળકો તેમનું સપનું પૂરું કરવા તરફ એક સ્ટેપ આગળ વધી રહ્યાં છે. ઇન્ડિયાના ટી-શર્ટ પર ચોથો સ્ટાર આવી ગયો છે અને T20 વર્લ્ડ કપમાં બીજો. વેસ્ટ ઇન્ડીઝમાં ભારતીય ક્રિકેટ માટે લાઇફ એક સર્કલ જેવી બની ગઈ છે. ૨૦૦૭ના વન-ડે વર્લ્ડ કપમાં આપણી ટીમનું પ્રદર્શન થોડું નબળું રહ્યું હતું અને ત્યાર બાદ આપણે ક્રિકેટની દુનિયામાં ખૂબ જ જોરદાર રીતે આગળ વધ્યા છે અને આજે ૨૦૨૪માં T20 વર્લ્ડ કપના વિજેતા બન્યા છે. મારા ફ્રેન્ડ રાહુલ દ્રવિડ માટે હું ખૂબ જ ખુશ છું. ૨૦૧૧ના વર્લ્ડ કપની જીતમાં તે સામેલ નહોતો થઈ શક્યો, પરંતુ T20 વર્લ્ડ કપની જીતમાં તેનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે.'



ભારતીય ટીમ વિશે વાત કરતાં સચિને લખ્યું કે 'રોહિત વિશે લોકો કહે એટલું ઓછું છે. તેની કૅપ્ટન્સી અદ્‌ભુત રહી હતી. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપની હારને પાછળ મૂકીને તેણે ટીમના દરેક પ્લેયરને T20 વર્લ્ડ કપ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. તેની આ વાત કાબિલેદાદ છે. જસપ્રીત બુમરાહ પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ અને વિરાટ કોહલી પ્લેયર ઑફ ધ મૅચના ખરા હકદાર છે. જરૂર હોય ત્યારે તેઓ હંમેશાં સારું પર્ફોર્મ કરે છે. રાહુલની સાથે પારસ મ્હામ્બ્રે અને વિક્રમ રાઠોડે પણ ૧૯૯૬માં તેમનું ઇન્ટરનૅશનલ ડેબ્યુ કર્યું હતું. ક્લાસ ઑફ '96ના ગાઇડન્સ હેઠળ ટીમ ઇન્ડિયાના પર્ફોર્મન્સને જોવાની મજા આવી. આ એક સંપૂર્ણ ટીમ-એફર્ટ હતો. દરેક પ્લેયર, કોચ, સપોર્ટ સ્ટાફ અને ભારતીય ક્રિકેટ બોર્ડને મારી શુભેચ્છા.'

**મારા ફ્રેન્ડ રાહુલ દ્રવિડ માટે ખૂબ જ ખુશ છું. ૨૦૧૧ના વર્લ્ડ કપની જીતમાં તે સામેલ નહોતો થઈ શક્યો, પરંતુ T20 વર્લ્ડ કપની જીતમાં તેનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે.**

સચિન તેન્ડુલકર

## અમિતાભ બચ્ચને અભિનંદન આપ્યાં અને કહ્યું...

# મેં મૅચ જોઈ નહોતી, જોઉં તો ભારત હારે છે

**T20** વર્લ્ડ કપમાં જીત મેળવ્યા બાદ ઍક્ટર અમિતાભ બચ્ચને ટીમ ઇન્ડિયાને અભિનંદન આપ્યાં હતાં. તેમણે લખ્યું હતું કે મેં મૅચ જોઈ નહોતી, હું મૅચ જોઉં તો ભારત હારે છે.

અમિતાભ બચ્ચને તેમના બ્લૉગમાં લખ્યું હતું કે વર્લ્ડ ચૅમ્પિયન ઇન્ડિયા T20 વર્લ્ડ કપ ૨૦૨૪. ઉત્તેજના, લાગણી અને આશંકા; બધું થઈ ગયું. મેં ટીવી જોયું નહોતું, હું જો ટીવી પર મૅચ જોઉં છું તો આપણે હારી જઈએ છીએ. મસ્તિષ્કમાં વધુ કંઈ પ્રવેશતું નથી. મારાં આંસુ સાથે ટીમ ઇન્ડિયાનાં આંસુ ભળે છે.

સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ એક્સ પર અમિતાભ બચ્ચને લખ્યું હતું કે આંસુ વહી રહ્યાં છે. ટીમ ઇન્ડિયાની સાથે એનો સુમેળ થાય છે. વર્લ્ડ ચૅમ્પિયન ઇન્ડિયા. ભારત માતા કી જય. જય હિન્દ, જય હિન્દ, જય હિન્દ.



## પપ્પાને T20 વર્લ્ડ કપ મેડલ પહેરાવ્યો અર્શદીપ સિંહે

**અર્શદીપ** સિંહે તેનો T20 વર્લ્ડ કપ મેડલ તેના પપ્પાને પહેરાવ્યો ત્યારે તેની ખુશીનો પાર નહોતો રહ્યો. સાઉથ આફ્રિકા સામેની ફાઇનલ જીત્યા બાદ પ્લેયરોને મેડલ મળ્યા હતા. ત્યાર બાદ જે પણ ખેલાડીના પેરન્ટ્સ કે ફૅમિલી મેમ્બર્સ આવ્યા હોય તે ગ્રાઉન્ડ પર આવ્યા હતા. એક વિડિયો વાઇરલ થયો છે જેમાં અર્શદીપ તેનો મેડલ કાઢીને તેના પપ્પાને પહેરાવે છે. ત્યાર બાદ તે ખૂબ જ ખુશ થાય છે અને ત્યાર બાદ પપ્પાને ભેટી પડે છે.



20+ YEARS of
**Trust & Excellence**
Premier Super Speciality Hospital

**Hiranandani Hospital**
*Your Family Superspeciality Hospital™*

# ડૉ. એલ એચ હિરાનંદાની હૉસ્પિટલ, પવઈ

તમામ ડોક્ટરો દ્વારા કરવામાં આવતી દરદીઓની સેવા અને સંભાળ
બદલ ખૂબ ખૂબ આભાર માને છે.

દરદીના જીવનને ખુશીઓથી ભરી દેવા બદલ

## ધન્યવાદ



HAPPY
DOCTOR'S
DAY

JULY 1, 2024

Hillside Avenue, Hiranandani Gardens, **Powai, Mumbai 400076**

022-2576 3300/3333

@Hiranandani.Hospital
wecare@hiranandanihospital.org
www.hiranandanihospital.org
drlhhiranandanihospital



# ૧૫મી ઓવર પછી માત્ર ૩.૩૫ ટકા હતા જીતના ચાન્સ, પણ છેલ્લી પાંચ ઓવરમાં ભારતીય બોલરોએ અશક્યને શક્ય કરી બતાવ્યું

## ૧૩મી ICC ફાઇનલ રમનાર ભારત છઠ્ઠી વખત બન્યું ચૅમ્પિયન : બે ચૅમ્પિયન્સ ટ્રોફી, બે વન-ડે વર્લ્ડ કપ અને બે T20 વર્લ્ડ કપ જીતનાર એકમાત્ર દેશ બન્યું

T20 વર્લ્ડ કપની ફાઇનલમાં એક તબક્કો એવો હતો જ્યારે મોટા ભાગના ભારતીય ક્રિકેટફૅન્સે ટીવી બંધ કરી દીધાં હતાં, જ્યારે સાઉથ આફ્રિકન ટીમને ચૅમ્પિયન બનવા માટે ૩૦ બૉલમાં ૩૦ રનની જરૂર હતી.

**2**

આટલી વખત T20 વર્લ્ડ કપ જીતનાર ઈંગ્લૅન્ડ અને વેસ્ટ ઈન્ડીઝ બાદ ત્રીજી ટીમ બની ભારત

૧૫મી ઓવર બાદ ભારતની જીતના ચાન્સ ૩.૩૫ ટકા હતા, પણ ૧૬મી ઓવરમાં જસપ્રીત બુમરાહે અને ૧૭મી ઓવરમાં હાર્દિક પંડ્યાએ માત્ર ૪-૪ રન આપીને આ જીતની શક્યતા ૯.૩૧ ટકા કરી દીધી હતી. ૧૮મી ઓવરમાં જસપ્રીત બુમરાહ, ૧૯મી ઓવરમાં અર્શદીપ સિંહ અને ૨૦મી ઓવરમાં હાર્દિક પંડ્યાએ બેસ્ટ બોલિંગ કરીને બાજી પલટી દીધી હતી.

અંતિમ પાંચ ઓવરમાં સાઉથ આફ્રિકાની ટીમે ૪ વિકેટ ગુમાવીને માત્ર બાવીસ રન બનાવ્યા હતા. ૧૩મી વખત ICC ફાઇનલ રમનાર ભારતીય ટીમ ૬ વખત ચૅમ્પિયન બની હતી. ભારતીય ટીમ પહેલી એવી ટીમ બની છે જેણે બે ચૅમ્પિયન્સ ટ્રોફી, બે વન-ડે વર્લ્ડ કપ અને બે T20 વર્લ્ડ કપ જીત્યા હોય. ન્યુ ઝીલૅન્ડના ભૂતપૂર્વ કૅપ્ટન કેન વિલિયમ્સન બાદ રોહિત શર્મા બીજો એવો કૅપ્ટન બન્યો છે જે ટેસ્ટ ચૅમ્પિયનશિપ ફાઇનલ, વન-ડે વર્લ્ડ કપ ફાઇનલ અને T20 વર્લ્ડ કપ ફાઇનલ રમ્યો હોય.

**8**

આટલી મૅચ સતત જીતીને ચૅમ્પિયન બન્યું ભારત




### અંતિમ પાંચ ઓવરમાં ભારતીય બોલરોએ કેટલા રન આપ્યા?

| | |
|---|---|
| ૧૬મી ઓવર | ૪ રન |
| ૧૭મી ઓવર | ૪ રન |
| ૧૮મી ઓવર | ૨ રન |
| ૧૯મી ઓવર | ૪ રન |
| ૨૦મી ઓવર | ૮ રન |

### ICC ટુર્નામેન્ટની ફાઇનલમાં ભારતીય ટીમનું પ્રદર્શન

| | |
|---|---|
| ૧૯૮૩ | વન-ડેમાં વેસ્ટ ઈન્ડીઝ સામે જીત |
| ૨૦૦૦ | ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ન્યુ ઝીલૅન્ડ સામે હાર |
| ૨૦૦૨ | ચૅમ્પિયન્સ ટ્રોફીમાં સંયુક્ત વિજેતા |
| ૨૦૦૩ | વન-ડેમાં ઑસ્ટ્રેલિયા સામે હાર |
| ૨૦૦૭ | T20માં પાકિસ્તાન સામે જીત |
| ૨૦૧૧ | વન-ડેમાં શ્રીલંકા સામે જીત |
| ૨૦૧૩ | ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ઈંગ્લૅન્ડ સામે જીત |
| ૨૦૧૪ | T20માં શ્રીલંકા સામે હાર |
| ૨૦૧૭ | ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન સામે હાર |
| ૨૦૨૧ | ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં ન્યુ ઝીલૅન્ડ સામે હાર |
| ૨૦૨૩ | ટેસ્ટ ચૅમ્પિયનશિપમાં ઑસ્ટ્રેલિયા સામે હાર |
| ૨૦૨૩ | વન-ડેમાં ઑસ્ટ્રેલિયા સામે હાર |
| ૨૦૨૪ | T20માં સાઉથ આફ્રિકા સામે જીત |

### ભારતીય ટીમની જીત સાથે ધોની કેમ થયો ટ્રેન્ડ?

ભારતીય ટીમે ૧૭ વર્ષની લાંબી રાહ બાદ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો છે. ટીમ ઈન્ડિયાએ ફાઇનલમાં સાઉથ આફ્રિકાને ૭ રનથી હરાવીને T20 વર્લ્ડ કપની ટ્રોફી જીતી હતી. ટીમના ભૂતપૂર્વ કૅપ્ટન મહેન્દ્ર ધોનીએ પણ ભારતને આ જીત પર અભિનંદન આપ્યાં હતાં. ધોનીએ અભિનંદન આપતાંની સાથે જ લોકોએ 'થાલા ફૉર રીઝન' કમેન્ટ કરવાનું શરૂ કર્યું. તમને જણાવી દઈએ કે ધોનીની જર્સીનો નંબર ૭ છે અને ભારતે ફાઇનલ મૅચ પણ ૭ રનથી જીતી હતી. જ્યારે પણ ક્રિકેટજગતમાં કોઈ પણ નંબર ૭ સાથે સંબંધિત હોય છે ત્યારે ધોનીના ફૅન્સ 'થાલા ફૉર રીઝન' ટ્રેન્ડ કરાવે છે.

# એકસાથે ત્રણ ભારતીય સ્ટાર ક્રિકેટર્સે T20 ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટ જાહેર કરી દીધી

## ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ ૧૫ વર્ષની T20 ઇન્ટરનૅશનલ કરીઅરનો અંત કર્યો




૨૯ જૂનનો દિવસ ભારતીય ક્રિકેટ માટે કભી ખુશી કભી ગમનો રહ્યો. એક તરફ ૧૭ વર્ષ બાદ ભારત T20 વર્લ્ડ ચૅમ્પિયન બન્યું હતું તો બીજી તરફ ટપોટપ ભારતીય સ્ટાર ક્રિકેટર્સે આવનારી પેઢીને જગ્યા આપવા માટે T20 ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટ જાહેર કરી દીધી હતી. વિરાટ કોહલી અને રોહિત શર્મા બાદ ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ સોશ્યલ મીડિયા દ્વારા T20 ઇન્ટરનૅશનલમાંથી રિટાયરમેન્ટ જાહેર કરી હતી.

તેણે ટ્રોફી સાથેનો ફોટો શૅર કરીને પોસ્ટમાં લખ્યું હતું કે 'વર્લ્ડ કપ જીતવો મારી T20 કરીઅરનો સૌથી મોટો માઇલસ્ટોન હતો. હું ખુશીથી T20 ઇન્ટરનૅશનલ છોડી રહ્યો છું. મેં હંમેશાં દેશ માટે પોતાનું સર્વશ્રેષ્ઠ યોગદાન આપ્યું છે અને એ અન્ય ફૉર્મેટમાં પણ આપતો રહીશ.'

તે વિરાટ અને રોહિતની જેમ ટેસ્ટ અને વન-ડે ફૉર્મેટમાં રમતો રહેશે. આ વર્લ્ડ કપમાં તેનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. તેણે ૭ ઇનિંગ્સમાં એક વિકેટ લીધી હતી અને પાંચ ઇનિંગ્સમાં ૩૫ રન બનાવ્યા હતા.

### જાડેજાની T20 ઇન્ટરનૅશનલ કરીઅર

| | |
|---|---|
| મૅચ | ૭૪ |
| રન | ૫૧૫ |
| વિકેટ | ૫૪ |

# T20 વર્લ્ડ કપની ટ્રોફી અને મૅચની તારીખનું ટૅટૂ ચીતરાવશે સૂર્યકુમાર

**સૂર્યકુમાર** યાદવ તેના શરીર પર T20 વર્લ્ડ કપની ટ્રોફી અને ફાઇનલ મૅચ રમાઈ હતી એ તારીખનું ટૅટૂ ચીતરાવવાનો છે. સાઉથ આફ્રિકા સામે શનિવારે રમાયેલી ફાઇનલ મૅચમાં સૂર્યકુમારે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. છેલ્લી ઓવરમાં હાર્દિક પંડ્યા બોલિંગ માટે આવ્યો ત્યારે સૂર્યકુમાર યાદવે બાઉન્ડરી પર કૅચ પકડ્યો હતો. આ કૅચથી ભારતના લોકોની મૅચ જીતવાની આશા ફરી જાગી હતી. આ કૅચ મૅચનો ટર્નિંગ પૉઇન્ટ પણ હતો. આ વિશે વાત કરતાં સૂર્યકુમાર યાદવ કહે છે, 'હું ટ્રોફી અને મૅચની તારીખનું ટૅટૂ ચીતરાવીશ. મેં એ પ્લાન કરી રાખ્યું હતું. મેં ૨૦૨૩માં એ પ્લાન કર્યું હતું, પરંતુ ત્યારે એ શક્ય નહોતું થયું; પરંતુ હમણાં અમે જીતી ગયા. ૨૦૨૪ની ૨૯ જૂન દરેક માટે યાદગાર દિવસ છે. મારી બહેનનો એ જન્મદિવસ પણ છે. તેના માટે આ એકદમ પર્ફેક્ટ ગિફ્ટ હતી અને આપણા બધા માટે યાદગાર દિવસ.'



તે દિલની નજીક ટૅટૂ ચીતરાવશે એવી હિન્ટ આપતાં સૂર્યકુમાર કહે છે, 'આ મારા દિલની ખૂબ જ નજીક છે અને એને ખૂબ જ લાંબા સમય સુધી યાદ કરવામાં આવશે. એ વિશે વિચાર કરવા માટે મારી પાસે સમય છે, પરંતુ હું સોશ્યલ મીડિયા પર એને શૅર જરૂર કરીશ.'

# સાઉથ આફ્રિકા સામે ૮ વિકેટ લઈને દિગ્ગજોના લિસ્ટમાં સામેલ થઈ સ્નેહ રાણા

## ફૉલોઑન મળ્યા બાદ બીજી ઇનિંગ્સમાં સાઉથ આફ્રિકાનો સ્કોર બે વિકેટે ૨૩૨ રન : ૧૦૫ રનથી પાછળ ચાલી રહેલી આ ટીમ સામે ભારતીય ટીમ એક ઇનિંગ્સથી જીતી શકે છે

**ચેન્નઈના** ચેપૉક સ્ટેડિયમમાં ભારત અને સાઉથ આફ્રિકાની વિમેન્સ ટીમ વચ્ચે રોમાંચક ટેસ્ટમૅચ રમાઈ રહી છે. ત્રીજા દિવસની રમતના અંતે સાઉથ આફ્રિકાએ ફૉલોઑન મળ્યા બાદ એની બીજી ઇનિંગ્સમાં બે વિકેટના નુકસાન પર ૨૩૨ રન બનાવ્યા હતા, જેમાં સુને લુસની ૧૦૯ રનની ઇનિંગ્સ જોવા મળી હતી. દિવસની રમતના અંતે કૅપ્ટન વોલ્વાડાર્ટ ૯૩ રન પર અને મેરિજેન કેપ ૧૫ રન પર રમી રહી હતી. ભારતીય મહિલા ટીમે આ મૅચમાં પ્રથમ ઇનિંગ્સમાં આફ્રિકન ટીમને માત્ર ૨૬૬ રનના સ્કોર પર રોકી દીધી હતી, જેમાં સ્નેહ રાણાની બોલિંગ અદ્ભુત હતી. તેણે ૨૫.૩ ઓવરમાં ૭૭ રન આપીને ૮ વિકેટ ઝડપીને ભારતીય દિગ્ગજોના લિસ્ટમાં સ્થાન મેળવ્યું હતું. આજે ચોથા દિવસની રમતમાં સાઉથ આફ્રિકાને ઑલઆઉટ કરીને ભારતીય ટીમ ઝડપથી ટેસ્ટમૅચ સંકેલવાનો પ્રયાસ કરશે.

### ભારત માટે વિમેન્સ ટેસ્ટક્રિકેટની એક ઇનિંગ્સમાં શ્રેષ્ઠ બોલિંગ કરનાર બોલર

| | | |
|---|---|---|
| નીતુ ડેવિડ | ૫૫ રનમાં ૮ વિકેટ | (ઈંગ્લૅન્ડ, ૧૯૯૫) |
| સ્નેહ રાણા | ૭૭ રનમાં ૮ વિકેટ | (સાઉથ આફ્રિકા, ૨૦૨૪) |
| ગાર્ગી બૅનરજી | ૯ રનમાં ૬ વિકેટ | (ન્યુ ઝીલૅન્ડ, ૧૯૮૫) |
| ડાયના એડલજી | ૬૪ રનમાં ૬ વિકેટ | (ઑસ્ટ્રેલિયા, ૧૯૮૪) |
| શુભાંગી કુલકર્ણી | ૯૯ રનમાં ૬ વિકેટ | (ઑસ્ટ્રેલિયા, ૧૯૭૭) |



JCI Accredited

# MGM
## NEW BOMBAY HOSPITAL, VASHI

NABH Accredited

# હેલ્થકૅરના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ગુણવત્તાનું પાલન

૧૯૯૩ થી વાશી સ્થિત એમજીએમ ન્યુ બોમ્બે હોસ્પિટલ આધુનિક મેડિકલ ટેકનોલોજીની સહાયથી હેલ્થકૅરના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા પ્રદાન કરી રહી છે. આ ડોક્ટર્સ દિવસના અવસર પર અમે સંભાળ, સહાનુભૂતિ અને સાચી સારવારના સૂત્રનું હંમેશા પાલન કરનારા અમારા પ્રભાવશાળી ડોક્ટરોને શુભકામનાઓ પાઠવીએ છીએ.

### એડવાન્સ્ડ હાર્ટ કૅર

અત્યાધુનિક કેથલેબ, કાર્ડિયૅક ઓટી અને કાર્ડિયૅક કૅર યુનિટ





### મલ્ટી સ્પેશ્યાલિટી આઈસીયુ

વિશિષ્ટ આઈસીયુ: સર્જીકલ, મેડિકલ, કાર્ડિયૅક, નીઓનૅટલ અને ટ્રાન્સપ્લાન્ટ આઈસીયુ

CARDIOLOGY · CRITICAL CARE · NEPHROLOGY · ONCOLOGY

CARE · COMPASSION · CURE

VASHI MGM

SINCE 1993

### સૌથી મોટું ડાયાલિસિસ યુનિટ

અહીં નવી મુંબઈનું સૌથી મોટું ડાયાલિસિસ યુનિટ છે જેમાં વ્યાપક પ્રમાણમાં રેન્ટલ કૅરની સુવિધા પૂરી પાડવામાં આવી છે.





### વ્યાપક પ્રમાણમાં કેન્સરની સારવાર

અમારી વ્યાપક કેન્સરની સારવારમાં મેડિકલ અને સર્જીકલ ટ્રીટમેન્ટ સામેલ છે. તેમજ બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ યુનિટ પણ કરવામાં આવે છે.

- ૨ લાખથી વધુ ચો. ફૂટની જગ્યા
- ૪૦૦ બૅડ ધરાવતી હૉસ્પિટલ
- ૩૫ થી વધુ આધુનિક વિશિષ્ટતાઓ
- ૨૩૦ થી પણ વધુ કન્સલ્ટન્ટ




# હેપ્પી ડોક્ટર્સ ડે !

### • આગામી સુવિધાઓ •

## રેડીએશન ઓન્કોલોજી અને પી.ઈ.ટી. સ્કૅન

અહીં આધુનિક ટેકનોલોજીની મદદથી કેન્સરનું ચોક્કસ નિદાન અને તેની સારવાર શક્ય છે જે અમને નવી મુંબઈમાં કેન્સર ટ્રીટમેન્ટના ક્ષેત્રમાં એક અગ્રણી હોસ્પિટલ બનાવે છે.

Plot No. 35, Sector 3, Vashi, Navi Mumbai | Hotline 14466 | Emergency 022 50666888 | Toll-Free 18002665456 | Inquiry 022 50666777 | www.mgmhospitalvashi.net |

### WWE, જૉકોવિચ અને મેસી સ્ટાઇલમાં હિટમૅને કર્યું સેલિબ્રેશન

# બાર્બેડોઝની પિચની માટી ખાઈને રોહિત શર્માએ ઐતિહાસિક જીતનો સ્વાદ માણ્યો

## કુલદીપ યાદવના કહેવા પર કૅપ્ટને કર્યું હતું બ્રેક-ડાન્સ સેલિબ્રેશન





એક કૅપ્ટન તરીકે પહેલો વર્લ્ડ કપ જીતનાર રોહિત શર્મા સાઉથ આફ્રિકા સામેની રોમાંચક જીત બાદ આઉટ ઑફ કન્ટ્રોલ થઈ ગયો હતો. ૨૦ ઓવર પૂરી થયા બાદ ઇમોશનલ થઈને તે મેદાન પર આડો પડ્યો હતો. WWEની મૅચની જેમ તેણે હાથ જમીન પર જોરજોરથી પછાડીને સેલિબ્રેશન શરૂ કર્યું હતું. બાર્બેડોઝની પિચની માટી ખાઈને તેણે ટેનિસસ્ટાર નોવાક જોકોવિચ જેવું સેલિબ્રેશન કર્યું હતું. જૉકોવિચ ટાઇટલ જીત્યા બાદ ટેનિસ કોર્ટની માટી-ઘાસ ખાઈને સેલિબ્રેશન કરે છે. ૨૦૨૨માં ફુટબૉલમાં લિયોનેલ મેસીનો દેશ આર્જેન્ટિના ફિફા વર્લ્ડ કપ ચૅમ્પિયન બન્યો ત્યારે તેણે અનોખી સ્ટાઇલમાં ટીમ સાથે સેલિબ્રેશન કર્યું હતું. જોકે મેડલ સેરેમની વખતે કુલદીપ યાદવે તેને સ્પેશ્યલ ડાન્સ કરવા કહ્યું હતું જેને કારણે ટ્રોફી કલેક્ટ કરતાં પહેલાં તે બ્રેક-ડાન્સ કરીને ટીમ પાસે પહોંચ્યો હતો. આ તમામ સેલિબ્રેશન ભારતીય ક્રિકેટ વર્ષો સુધી યાદ રાખશે. ફિફા અને વિમ્બલ્ડન દ્વારા સોશ્યલ મીડિયા પર હિટમૅનના આ સ્પેશ્યલ સેલિબ્રેશનના ફોટો શૅર કરવામાં આવ્યા હતા.




# હેન્રિક ક્લાસેને મેન્સ વર્લ્ડ કપ ફાઇનલમાં ફાસ્ટેસ્ટ ફિફ્ટી ફટકારી હોવા છતાં ચોકર્સ જ રહી સાઉથ આફ્રિકન ટીમ

## કૅપ્ટન તરીકે પહેલી વખત વર્લ્ડ કપ મૅચ હાર્યો એઇડન માર્કરમ


મૅચ હાર્યા બાદ તબ્રેઝ શમ્સીને સાંત્વના આપી રહેલી તેની પત્ની.

**સાઉથ** આફ્રિકન બૅટર હેન્રિક ક્લાસેને ભારત સામે ફાઇનલમાં ૨૩ બૉલમાં ફિફ્ટી રન ફટકારી દીધા હતા જે મેન્સ વર્લ્ડ કપ ફાઇનલના સૌથી ફાસ્ટેસ્ટ ફિફ્ટી હતા. તેણે ૨૭ બૉલમાં પાંચ સિક્સર અને બે ચોગ્ગાની મદદથી બાવન રન ફટકારીને ટીમને જીતની નજીક લઈ જવાનો પ્રયત્ન કર્યો, પણ દર વખતની જેમ સાઉથ આફ્રિકન ટીમે નૉકઆઉટ મૅચમાં અંતિમ સમયમાં શરણાગતિ સ્વીકારી લીધી હતી. જોકે પહેલી વખત વર્લ્ડ કપ ફાઇનલમાં પહોંચનારી આ ટીમે ભારતને જોરદાર ટક્કર આપી હતી. કૅપ્ટન તરીકે એઇડન માર્કરમ વર્લ્ડ કપમાં પહેલી વખત મૅચ હાર્યો હતો. હાર બાદ સાઉથ આફ્રિકન ક્રિકેટર્સ મેદાન પર પરિવાર સાથે ઇમોશનલ જોવા મળ્યા હતા. તેમની તસવીરોએ ક્રિકેટ ફૅન્સનું દિલ તોડ્યું હતું, સૌ કોઈ તેમને સોશ્યલ મીડિયા પર કહી રહ્યા હતા કે બેટર લક નેક્સ્ટ ટાઇમ. ભારત સામેની હાર સાથે તેમની સતત ૮ જીતની વિનિંગ-સ્ટ્રાઇક તૂટી ગઈ હતી.

# રાહુલભાઈ ટ્રોફી સૌથી વધુ ડિઝર્વ કરે છે

## ભારતીય હેડ કોચને ફેરવેલ આપતાં ઇન્ડિયન કૅપ્ટન રોહિત શર્માએ આવું કહ્યું

**ભારતીય** કૅપ્ટન રોહિત શર્માએ ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડને ખૂબ જ સન્માનજનક રીતે ફેરવેલ આપી છે. જોકે રાહુલ દ્રવિડની ભારતીય હેડ કોચ તરીકે શનિવારે છેલ્લી મૅચ હતી. આ મૅચ બાદ રોહિત, વિરાટ કોહલી અને ગઈ કાલે રવીન્દ્ર જાડેજાએ T20 ઇન્ટરનૅશનલ ક્રિકેટમાંથી રિટાયરમેન્ટ જાહેર કર્યું હતું. ટ્રોફી વિશે વાત કરતાં રોહિતે કહ્યું હતું કે ‘અમારા દરેક કરતાં આ ટ્રોફી રાહુલભાઈ વધુ ડિઝર્વ કરે છે. છેલ્લાં ૨૦-૨૫ વર્ષમાં રાહુલભાઈએ ઇન્ડિયન ક્રિકેટમાં ખૂબ જ યોગદાન આપ્યું છે. મને લાગે છે કે આ ટ્રોફી તેમની જીવનભરની યાદગીરી છે. હું અને ટીમની દરેક વ્યક્તિને એ વાતની ખુશી છે કે અમે રાહુલભાઈ માટે આ ટુર્નામેન્ટ જીતી શક્યા. તમે બધાએ જોયું હશે કે તેમને કેટલો ગર્વ થઈ રહ્યો હતો. તેઓ આટલા ઉત્સાહી પહેલાં ક્યારેય જોવા નહોતા મળ્યા.’

“ ટુર્નામેન્ટની શરૂઆત પહેલાં જ મેં રોહિત શર્માને કહ્યું હતું કે હમેં જીત કે જાના હૈ ઇસ ફૉર્મેટ સે. અમને ખુશી છે કે અમે એ કરી દેખાડ્યું.
વિરાટ કોહલી




# આવતા અઠવાડિયાથી હું બેરોજગાર બની જઈશ : રાહુલ દ્રવિડ



**રાહુલ** દ્રવિડ ભાગ્યે જ મસ્તીના મૂડમાં જોવા મળે છે. T20 વર્લ્ડ કપની ફાઇનલ મૅચ જીત્યા બાદ તે થોડા હળવા મૂડમાં જોવા મળ્યો હતો. તેણે કહ્યું હતું કે તે આવતા અઠવાડિયાથી બેરોજગાર બની જશે. આ મૅચ તેની ભારતીય હેડ કોચ તરીકેની છેલ્લી મૅચ હતી. આ વિશે વાત કરતાં રાહુલે કહ્યું હતું કે ‘મારી પાસે કહેવા વધુ શબ્દ નથી, પરંતુ મને આ ટીમ પર ખૂબ જ ગર્વ છે. પહેલી છ ઓવરમાં ત્રણ વિકેટ પડી ગઈ હતી અને ત્યાર બાદથી ટીમ સતત ફાઇટ કરતી રહી હતી. આ ટ્રોફી મારા માટે કોઈ રિડમ્પ્શન નથી. હું એવી વ્યક્તિ નથી જે રિડમ્પ્શન વિશે વિચાર કરે. હું ઘણા એવા પ્લેયર્સને ઓળખું છું જેમને ટ્રોફી નથી મળી. જોકે મારા માટે આ જીવનભરની યાદગીરી જરૂર છે. ટીમ સાથેનો ડ્રેસિંગ રૂમમાં સમય પસાર કરવાને પણ હું યાદ કરીશ. સપોર્ટ-સ્ટાફથી લઈને હું દરેકનો આભારી છું. આ જીતથી હું બહુ જલદી મૂવ-ઑન થઈ જઈશ, કારણ કે આવતા અઠવાડિયાથી હું બેરોજગાર બની જઈશ. હું વધુ આગળનું વિચારવા નથી માગતો, પરંતુ મને આશા છે કે હું જલદી મૂવ-ઑન કરી શકું. મને લાગે છે કે આજ તો લાઇફ છે.’

“ ક્રિકેટ અને કૅપ્ટન બધું ભૂલી જાઓ, હું રોહિત શર્માને એક વ્યક્તિ તરીકે ખૂબ જ મિસ કરીશ. આશા રાખું છું કે અમે હંમેશાં ફ્રેન્ડ્સ રહીશું.
રાહુલ દ્રવિડ

USSH
Upasani Super Speciality Hospital Private Limited
Good Health Begins Here




# #સારા-સ્વાસ્થ્યનુ-૭

## ૭ વર્ષ ની
## આરોગ્ય સંભાળ

અમે
**100,000+**
રોગીઓની સફળતાપૂર્વક સારવાર કરી છે

## હજુ એક સીમાચિહ્ન હંસલ કર્યો

મુંબઈમાં રોબોટિક-આસિસ્ટેડ ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી ની સૌથી વધુ સંખ્યા

મિડ-ડે ૨૦૨૪ દ્વારા પુરસ્કૃત

**UPASANI SUPER SPECIALITY HOSPITAL PVT. LTD**

Plot No.1109/A Devi Dayal Cross Road, Mulund West, Mumbai, Maharashtra 400080

022 6881 4200 | www.ussh.in

DOWNLOAD THE USSH APP

# સેલિબ્રેશન ટાઇમ


સુરત


મહાવીર નગર, કાંદિવલી



કાંદિવલી



પુષ્કર, રાજસ્થાન


બૅન્ગલોર


વિક્રાંત સર્કલ, ઘાટકોપર


મરીન ડ્રાઇવ


દિલ્હી


શિવાજી પાર્ક, દાદર

# ખબરઅંતર

**મુંબઈનું હવામાન**

| | કોલાબા | સાંતાક્રુઝ |
|---|---|---|
| | ૩૦.૧ ડિગ્રી | ૩૧.૪ ડિગ્રી |
| | ૨૫.૯ ડિગ્રી | ૨૬.૨ ડિગ્રી |

**આજની આગાહી :** આજે મુંબઈમાં વાદળિયું હવામાન રહેશે. મધ્યમથી ભારે ઝાપટાં પડી શકે. મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રીની આસપાસ રહેશે.

## ભુશી ડેમના ઉપરવાસમાં એક જ પરિવારના પાંચ જણ તણાઈ ગયા, ત્રણના મૃતદેહ મળ્યા

**લોનાવલાના** ભુશી ડૅમ પર ફરવા ગયેલા પુણેના એક જ પરિવારના પાંચ જણ તણાઈ ગયા હોવાની ઘટના ગઈ કાલે બની હતી. એમાંથી એક મહિલા અને બે છોકરીઓના મૃતદેહ મળી આવ્યા હતા, જ્યારે બે જણ ગઈ કાલે મોડી રાત સુધી મિસિંગ હતા.

લોનાવલા પોલીસે આ બાબતે માહિતી આપતાં કહ્યું હતું કે 'હડપસરના સૈયદનગરમાં રહેતા લિયાકત અલી અને યુનુસ ખાનના પરિવારના ૧૭થી ૧૮ સભ્યો ભુશી ડૅમના ઉપરવાસમાં પડતા ધોધ પાસે વરસાદની મજા લેવા ગયા હતા. બપોરે ત્રણ વાગ્યે ઉપરવાસમાંથી પાણીનો બહુ મોટો પ્રવાહ ચાલુ થતાં એમાંના ૧૦ જણ ધોધમાં વચ્ચોવચ અટકી ગયા હતા. એ વખતે પાંચ જણ જેમતેમ કરીને કિનારે આવી ગયા હતા, જ્યારે બીજા પાંચ જણ એકબીજાને પકડીને એમાંથી બચવાની કોશિશ કરી રહ્યા હતા. એ વખતે ઉપર રહેલા પરિવારના સભ્યો પાણીનો ફોર્સ વધી રહ્યો હોવાથી તેમને બચાવવા બૂમાબૂમ કરી રહ્યા હતા. કોઈએ વળી તેમના તરફ દોરડું પણ ફેંક્યું હતું, પણ પાણીનો ફોર્સ બહુ હોવાથી તેઓ એકસાથે એ ફોર્સમાં નીચે તણાવા માંડ્યા હતા. આ ઘટનાનો કોઈએ વિડિયો પણ ઉતારી લીધો હતો જે સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો હતો. આ બાબતની જાણ પોલીસને કરવામાં



આવી હતી.

રેસ્ક્યુ ઑપરેશનમાં સામેલ લોનાવલા સિટી પોલીસ-સ્ટેશનના પોલીસ-ઇન્સ્પેક્ટર સુહાસ જગતાપે 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'અમે અમારા જવાનો સાથે તેમને શોધવાની કવાયત હાથ ધરી હતી. આ ઉપરાંત નેવીના ડાઇવર્સ અને સહ્યાદ્રિના પહાડોમાં રેસ્ક્યુ ઑપરેશન કરતા શિવદુર્ગ ગ્રુપના જવાનોની મદદ લેવામાં આવી હતી. આ દુર્ઘટનામાં સાહિસ્તા લિયાકતઅલી અન્સારી (૩૭ વર્ષ), અમીમા સલમાન ઉર્ફે આકિલ અન્સારી (૧૩ વર્ષ) અને ઉમેરા સલમાન અન્સારીના મૃતદેહ મળી આવ્યા હતા; જ્યારે અદનાન અન્સારી અને મારિયા અન્સારી મિસિંગ હતાં. તેમને શોધવાના પ્રયાસ ચાલી રહ્યા હતા.

### જુહુના દરિયામાંથી બે ટીનેજરોને બચાવી લેવાયા

જુહુના દરિયાકિનારે ગોદરેજ બંગલો પાસે ગઈ કાલે જોગેશ્વરી અને અંધેરીમાં રહેતા મિત્રોનું ગ્રુપ દરિયામાં નાહવા પડ્યું હતું. ઘૂંટણભેર પાણીમાં તેઓ હતા. જોકે એ પછી મોટાં મોજાં આવતાં અથર્વ ડિયોલકર અને શ્રેયસ જયજોડે ઊંડા પાણીમાં ખેંચાઈ ગયા હતા અને તણાવા મંડ્યા હતા. એ વખતે બીચ પર હાજર લાઈફગાર્ડ્સ હરેશ્વર રઘુવીર અને પરેશ વસઈકરે પાણીમાં ઝંપલાવીને તેમને બચાવી લીધા હતા.

## મરણ નોંધ

### ચરોતર રુખી

રુદેલના વતની હાલ કાંદિવલીના રાજેશ જેઠાલાલ વાઘેલાનાં માતુશ્રી સ્વ. સુશીલાબહેન જેઠાલાલ વાઘેલા (ઉં. વ. ૭૭) ૨૭-૬-૨૪ના રોજ અવસાન પામ્યાં છે. તેઓ રાજેશભાઈ, ગં.સ્વ. ઉષાબહેન, નિર્મળાબહેનનાં માતુશ્રી; નીતાબહેન, સ્વ. ગોવિંદલાલ, સુરેશલાલનાં સાસુ; આરતી, વિરલ, ધ્રુવ, ટીનાબહેન, મમતાબહેન, રેણુકા, ભરત, નિતિન, રિતેશનાં દાદી; ચંદ્રેશ, સની, અશ્વિન, આકાશનાં દાદીસાસુ; રિશી, લકીનાં વડદાદી. તેમના સૂતકસુવાળા સોમવાર ૧-૭-૨૪ના સાંજે ૪થી ૭ વાગ્યા તેમના નિવાસસ્થાન : પ્લોટ નં.-૪૦૭/૨૬, સેક્ટર-૪, ક્રિષ્ણા પિંગાક્ષ સોસાયટી, ચારકોપ, અંબે માતા મંદિર, કાંદિવલી (વેસ્ટ)માં રાખેલ છે.

### બાલાસિનોર દશા નિમા વણિક

સ્વ. મહેશકુમાર નટવરલાલ મોદી (ઉં. વ. ૭૩) સોમવાર, ૨૫-૬-૨૪ના રોજ ગોલોકવાસી થયા છે. તે રીટાબહેનના પતિ; સ્વ. તારાબહેન તથા સ્વ. નટવરલાલ સાકરલાલ મોદીના (શહેરાવાળા) ના પુત્ર; સ્વ. લીલાબહેન તથા સ્વ. બાબુલાલ ઓચ્છવલાલ કંડકિયાના જમાઈ; અનિલાબહેન, રક્ષાબહેન, સ્વ. દિનેશના ભાઈ; સૌમિલ, રૂનિતના પિતાશ્રી; હેતલ, માનસીના સસરા; પૃથ્વીજ, શ્રિયા અને દિતામીના દાદા. તેમની પ્રાર્થનાસભા સોમવાર, ૧-૭-૨૪ના રોજ સાંજે ૫થી ૭ વાગ્યા દરમ્યાન પાટીદાર સમાજ હોલ, ૧લે માળે, ફ્રેન્ચ બ્રિજ, ઓપેરા હાઉસમાં રાખેલ છે. બારમા, તેરમા તથા લૌકિક પ્રથા બંધ છે.

### હિન્દુ

મૂળી નિવાસી હાલ વિરાર-મુંબઈ નાં નલિનીબહેન (નીતાબહેન) હિંમતલા લ પરમાર (ઉં. વ. ૭૧) ૨૯-૬-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. તે હિંમતલાલ ચમનભાઈ પરમારનાં પત્ની; યોગેશ, કમલનાં મમ્મી; ધ્રુવિકા, ફાલ્ગુનીનાં સાસુ; હર્ષ, ફિયોના, તનુષનાં દાદી; ચુડા નિવાસી દુર્લભદાસજી ગોવિંદદભાઈ કાપડિયાનાં દીકરી. તેમના બન્ને પક્ષની સાદડી ૧-૭-૨૪ના સોમવારે સાંજે ૪થી ૬ વાગ્યા દરમ્યાન તેરાપંત ભવન, લક્ષ્મી કુટિર બિલ્ડિંગની સામે, જૈન મંદિર રોડ, વિરાર (વેસ્ટ)માં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ઉપલેટા નિવાસી હાલ કાંદિવલી શારદાબહેન શેઠ (ઉં. વ. ૮૪) તે સ્વ. પ્રતાપરાય મણિલાલ શેઠનાં પત્ની; મયૂર, રોહિત, રૂપા પારેખ, સ્વ. જાગૃતિ કપુપરા, સોનલ શાહનાં માતુશ્રી; ઉર્વી, સુનીલભાઈ, શૈલેષભાઈ, કેતનભાઈનાં સાસુ; વાંકિયા નિવાસી હાલ કાંદિવલીનાં સ્વ. સમજુબહેન ફુલચંદ ઘેલાણીનાં દીકરી; ધ્રુવી, હર્ષ, હિત, એકતા વૃષભ, હાર્વી, હેત્વીનાં દાદી ૨૯-૬-૨૪ના રોજ અરિહંતશરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

ગામ ગઢશીશાના હાલ મુલુંડના સ્વ. પરસોત્તમ દામજી ચોથાણીનાં પુત્રવધૂ; સ્વ. પ્રતાપભાઈનાં પત્ની મુક્તાબહેન (દિવીબહેન) (ઉં. વ. ૮૦) ૨૯-૬-૨૪ના શનિવારે શ્રીરામશરણ પામ્યાં છે. તે સ્વ. પાર્વતીબહેન ગોરધનદાસ પોપટ ગામ નલિયાવાળાનાં પુત્રી, સ્વ. વીરબાળાબહેન તથા સ્વ. શ્રીકૃષ્ણકાંતભાઈનાં બહેન, અતુલનાં માતુશ્રી, અ.સૌ. અલકાબહેનનાં સાસુમા, પ્રતીક તથા પ્રેરણાનાં દાદીમા, ધવલભાઈ તથા પ્રિયાંશીનાં દાદી સાસુ, સ્વ. માધવજીભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. ભગવાનભાઈ, સ્વ. જયકુમાર તથા જયસિંહભાઈ તથા અ.સૌ. ઉર્મિલાબહેનના ભાઈનાં પત્ની. તેમની પ્રાર્થનાસભા સોમવાર, ૧-૭-૨૪ના સાંજે ૫થી ૭ વાગ્યા દરમ્યાન કાલિદાસ મૅરેજ હોલ, પરસોત્તમ ખેરાજ રોડ, મુલુંડ (વેસ્ટ) માં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### વીસા સોરઠિયા વણિક

ઝરિયાવાળા હાલ મલાડના સ્વ. કરસનદાસ દામોદરદાસ માવાણીના પુત્ર રમેશભાઈ કરસનદાસ માવાણી (ઉં. વ. ૭૫) તે રંજનબહેનના પતિ, દિનેશભાઈ અને સૌ. કૃપાબહેન હર્ષદકુમારના પિતાશ્રી, કાંતિલાલ માવાણીના ભાઈ, લોએજવાળા સ્વ. ધારશી રવજીભાઈ શાહના જમાઈ, દક્ષ, વેનિશાના દાદા-નાના, સૌ. નેહાબહેનના સસરા શનિવાર, ૨૯-૬-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### લુહાર સુથાર

મૂળગામ મોણપુરવાળા હાલ ચર્ની રોડના સ્વ.કાનજીભાઈ કેશવજીભાઈ મિસ્ત્રી (પરમાર)નાં ધર્મપત્ની ગં.સ્વ લલિતાબેન મિસ્ત્રી (પરમાર) (ઉં.વ.૮૧) ૨૮-૬-૨૪ના રોજ રામશરણ પામ્યા છે. તે અનિલ, સુનીલ, નીતાનાં માતુશ્રી; નિશા, પ્રીતિ તથા અશ્વિન ભાનુભાઈ પરમારનાં સાસુ; પિયરપક્ષે સ્વ. રામકુંવરબેન કાનજીભાઈ કારેલિયા સાવરકુંડલાનાં દીકરી; સ્વ. મગનલાલનાં બહેન. તેમની પ્રાર્થનાસભા ૧-૭-૨૪ના રોજ ૫.૦૦થી ૭, કલાકે લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી-ઈસ્ટ રાખેલ છે.

### હાલાઈ લોહાણા

જામ સલાયાવાળા હાલ મુંબઈ કાંદિવલીના દ્વારકાદાસ (દ્વારકેશભાઈ) (ઉં.વ.૭૩) ૨૯-૬-૨૪ના રોજ શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. શ્યામકુંવરબેન તથા સ્વ. ગંગાદાસ ખેરાજ પંચમતિયાના પુત્ર; શોભનાબેનના પતિ; નીરવ તથા પ્રિયંકાના પિતા; ચાંદની તથા સિદ્ધાર્થના સસરા; શનાયાના દાદા; પ્રાંશીના નાના; સ્વ. રસીલાબેન, સ્વ. ગુણવંતીબેન, નિરંજનાબેન દત્તાણી, રંજનબેન સવાણી, સુરેશભાઈના ભાઈ; ગં.સ્વ સવિતાબેન તથા સ્વ. ડાહ્યાલાલ મથુરાદાસ બાટાવિયા ગણોદવાળાના જમાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૧-૭-૨૪ના રોજ સાંજે ૫.૦૦થી ૭, હાલાઈ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી-વેસ્ટ ખાતે રાખેલ છે.

### હાલાઈ લોહાણા

મૂળ ગામ વેરાળ (મોરઝર) હાલ કાંદિવલીનાં ગં.સ્વ.સાધના (દમયંતી) (ઉં. વ. ૮૩) ૨૯-૬-૨૪ના રોજ શ્રીજીશરણ પામ્યાં છે. તે સ્વ. સુરેશભાઈ ગોવિંદદાસ મોરઝરિયાનાં ધર્મપત્ની; સ્વ.પોપટલાલ મેંઘજી આટાવાલા થાણાનાં દીકરી; સ્વ. વિજુબેન વિઠ્ઠલદાસ સુતરિયા, સ્વ. જશવંતીબેન ભગવાનદાસ ઠક્કર, ઉર્વશીબેન ધીમંતભાઈ પોંદા, યશોધરા ભગવાનદાસ ઠક્કર, સ્વ. જયશ્રીબેન શૈલેષભાઈ સાયતા, હસમુખભાઈ, ભૂપેન્દ્રભાઈનાં ભાભી; મથુરાદાસ, મનસુખભાઈ, દ્વારકાદાસભાઈ, સ્વ. કાંતાબેન હરિદાસ જટણિયાનાં બહેન. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

સ્વ. અશોકભાઈ નારાણજી કતીરા તથા સ્વ. અરુણાબહેન (રેણુકાબહેન) કતીરા કચ્છ ગામ કોટેશ્વરવાળાનાં પુત્રી અ.સૌ. પિંકીબહેન (ઉં. વ. ૩૨) હાલ ડોમ્બિવલી તે સંજયકુમાર નારાયણજી ગજરા (ભાનુશાલી)નાં પત્ની; તે ગં.સ્વ. શાંતીબહેન નારાયણજી ભાનુશાલી તથા નારાયણજી ભાનુશાલીનાં પુત્રવધૂ; સ્વ. પ્રભાબહેન કેશવજી પ્રેમજી કોટકનાં દોહિત્રી; રુદ્રનાં માતાશ્રી; અ.સૌ. હીનાબહેન હર્ષલ મોરનકર, વનિતા વિપુલ દાવડા તથા અક્ષયભાઈનાં બહેન ૨૬-૬-૨૪ના રોજ શ્રીરામશરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

કચ્છ ગામ ગુંધિયારી હાલે મુંબઈ રહેવાસી શંભુભાઈ (મથુરાદાસ) શિવજી હરિયાણીના પુત્ર ચેતન (ઉં. વ.૫૯) તે ધરમશી ગાંગજી બારું કચ્છ ગામ ખોભડીવાળાના જમાઈ; મમતાબેનના પતિ, મીનાક્ષી વિજય પવાણી કલકતાવાળા, વર્ષા અજય આથાના ભાઈ ૨૯-૬-૨૪ શનિવારના રામશરણ પામ્યા છે. પ્રાર્થના સભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

### સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ

ટાણા-વરલ હાલ મુંબઈ નિવાસી પિનાકીન હર્ષદરાય ભટ્ટનાં પત્ની રેખાબહેન (ઉં. વ. ૭૨) ૨૯-૬-૨૪ના રોજ કૈલાસવાસી થયાં છે. તે સ્વ. સુભદ્રાબહેન હર્ષદરાય ભટ્ટ (વરલકર)નાં પુત્રવધૂ; સ્વ. રમાબહેન પ્રેમશંકર જોષી (દેવલાલીવાળા)નાં પુત્રી; સ્વ. કુસુમબહેન, પ્રતિમા, જયશ્રી તથા વિમલભાઈનાં બહેન; સ્વ. જનાર્દન ભટ્ટ, સ્વ. પ્રવીણા ભટ્ટ, સનત ભટ્ટ, કશ્મીરા વિમલ જોષીનાં ભાભી, ભાવેશ ભટ્ટ, અ.સૌ. હેતલ નિખિલ મહેતાના કાકા, વિક્કી તથા અ.સૌ. રિન્કીનાં ફઈ. લૌકિક પ્રથા બંધ છે.

### દશા શ્રીમાળી દેરાવાસી જૈન

અમદાવાદ શહેર, (દહેગામ ) નિવાસી હાલ મુંબઈ, શ્રી બિપીનભાઈ જયંતીલાલ શાહનાં ધર્મપત્ની અ. સૌ. પૂર્ણિમાબેન બિપીનભાઈ શાહ (ઉં. વ. ૭૭) ૨૯-૦૬-૨૪ના રોજ અરિહંતશરણ પામ્યાં છે. તે નિકિતાબેન, નિરાલીબેનનાં માતુશ્રી; હિતેશકુમારનાં સાસુ. પ્રાર્થનાસભા ૦૧-૦૭-૨૪, સોમવારે સાંજે ૪થી ૬, ભારતીય વિદ્યા ભવન હૉલ, ગામદેવી ચોપાટી.

### દશા સોરઠિયા વણિક

ગોંડલ નિવાસી હાલ બોરીવલી-મુંબઈના સ્વ.કાંતિલાલ અમૃતલાલ માંડવિયા (ઉં.વ.૮૯), શુક્રવાર ૨૮-૬-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ. પુષ્પાબેનના પતિ, જયેશભાઈ, પરેશભાઈ, રાજેશભાઈ, સ્વ. સુનીલભાઈના પિતાશ્રી;, સ્વ. જયંતીલાલ, સ્વ. છબીલદાસભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. મુક્તાબેન, સ્વ. કમુબેન, સ્વ. જયાબેન, સ્વ.કુંદનબેનના ભાઈ; જયશ્રીબેન, લતાબેન, હેમાલીબેનના સસરા; ભૂમિકા, ધ્વનિ (ગોપી), રાજ, મૈત્રી, બંટી, રાજા, ધ્રુવ અને સૌરભના દાદા, તેમની પ્રાર્થનાસભા મંગળવાર ૦૨-૦૭-૨૪ને સાંજે ૫ થી ૭ રાખવામાં આવેલ છે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી.રોડ, ડાયમંડ ટૉકીઝની સામે, બોરીવલી વેસ્ટ, મુંબઈ.

### ઝાલાવાડી વીસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

બોટાદ નિવાસી હાલ બોરીવલીનાં સ્વ. ચંચળબેન પાનાચંદ ભુદરભાઈ શાહના સુપુત્ર ભોગીભાઈ, (ઉં.વ. ૮૫) ૨૯-૬-૨૪ના શનિવારે અરિહંતશરણ પામ્યા છે. તેઓ સ્વ. ઇલાબેનના પતિ; પરેશભાઈ, હિનાબેન ગિરીશભાઈ ઠાકર, બીનાબેન જીગીશભાઈ સંઘવી, આશાબેન આશીષભાઈ શાહ અને ગીતાબેન જીગ્નેસભાઈ શાહના પિતા; નિશાબેનના સસરા; જયંતીભાઈ પ્રભુદાસ માથકિયાના જમાઈ; સ્વ.કાંતિભાઈ, સ્વ.મંગળાબેન મહેન્દ્રભાઈ ધોળકિયા, સ્વ. ચંદનબેન મુગટલાલ સંઘવીના ભાઈ; જયુભાઈના કાકા; સાગર, રાજવી, તન્વીના દાદા; શ્વેતા, શૈલી, ચાર્મી, આયુષ, આદિશ, જેનીલ, રુષીલના નાના. તેમની પ્રાર્થનાસભા (લૌકિક વ્યવહાર ) બંધ છે.

### લોહાણા

ગં. સ્વ.સીમાબેન (ઉં. વ. ૬૪) તે સ્વ. જયેશ શાંતિલાલ અમલાણીનાં ધર્મપત્ની; જીમ્મી તથા નીરા દેવાંગ ઠક્કરનાં માતૃશ્રી; સ્વ. નિર્મળાબેન લલિતભાઈ અનળકટનાં દીકરી મુળ ગામ પોરબંદર હાલ કાંદિવલી રવિવાર ૩૦-૬-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યાં છે. તેમની ટેલિફોનિક પાર્થનાસભા ૧-૭-૨૪ના સોમવારે સવારે ૧૦થી ૧૧ વાગ્યા દરમ્યાન રાખવામાં આવી છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા મોઢ વણિક

સ્વ.કૃષ્ણકાંત પી સંજાણવાલા (ઉં. વ. ૮૬ ) તે રેખાબેનના પતિ; તૃપ્તિબેન અને સ્વપનભાઈના પિતા; પ્રસાદભાઈ શેટ્ટી અને નેહાબેનના સસરા; આકાંક્ષના નાના; સિદ્ધના દાદા; ગિરિધરભાઈ, ભાનુબેન, ચતુરાબેન, ઊર્મિલાબેન અને બકુલાબેનના ભાઈ અને શ્રીમતિ બેન કોઠારીના જમાઈ ૨૬-૬-૨૪ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

# ભારતીય આરોગ્ય નિધિ

## શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ

Your Health We Care

**આરોગ્ય રક્ષકો પ્રત્યે હૃદયપૂર્વકની
કૃતજ્ઞતા વ્યક્ત કરે છે જેમની
કુશળતા અને સમર્પણથી દરરોજ જીવન બચે છે.**

## હેપ્પી ડૉક્ટર્સ ડે




📞 022 6948 6060 / 81084 39203

www.arogyanidhihospital.com   info@arogyanidhihospital.com

ભારતીય આરોગ્ય નિધિ, એન. એસ. રોડ ૧૩, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લા – પશ્ચિમ, મુંબઈ – ૪૦૦૦૪૯.

# સુરત જિલ્લામાં જાણે બારે મેઘ ખાંગા થયા હોય એવી સ્થિતિ

## અમદાવાદમાં મેઘરાજાની ધમાકેદાર બૅટિંગથી શહેર જળબંબાકાર થયું: ગઈ કાલે સાંજે ૬ વાગ્યા સુધીમાં ગુજરાતના ૨૦૪ તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ : ભારે વરસાદના પગલે સામાન્ય જનજીવન થયું પ્રભાવિત

ગુજરાતમાં ગઈ કાલે મેઘરાજાએ મેઘ મહેર કરી હોય એમ સાંજે ૬ વાગ્યા સુધીમાં ૨૦૪ તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ પડ્યો હતો જેમાં સુરત શહેર અને જિલ્લામાં જાણે બારે મેઘ ખાંગા થયા હોય એવી સ્થિતિ સરજાઈ હતી, જ્યારે અમદાવાદમાં મેઘરાજાની ધમાકેદાર બૅટિંગથી શહેર જાણે જળબંબાકાર થયું હતું. અમદાવાદના સાયન્સ સિટી, ગોતા અને બોપલ વિસ્તારમાં ૬ ઇંચથી વધુ સાંબેલાધાર વરસાદ ખાબકતાં નાગરિકો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને જનજીવન પ્રભાવિત થયું હતું.

ગઈ કાલે સાંજે છ વાગ્યા સુધીમાં સુરત જિલ્લાને વરસાદે જાણે કે રીતસરનું ઘમરોળ્યું હતું. સુરત જિલ્લાના પલસાણામાં સૌથી વધુ ૧૫૩ મિલીમીટર એટલે કે છ ઇંચથી વધુ, બારડોલી તાલુકામાં ૧૩૬ મિલીમીટર એટલે કે સવાપાંચ ઇંચથી વધુ, સુરત શહેરમાં ૧૩૦ મિલીમીટર એટલે કે પાંચ ઇંચથી વધુ, કામરેજ તાલુકામાં ૧૨૪ મિલીમીટર એટલે કે પાંચ ઇંચ જેટલો, મહુવા અને ઓલપાડ તાલુકામાં ૧૧૯ મિલીમીટર એટલે કે પોણાપાંચ ઇંચ, ઉમરપાડા તાલુકામાં ૬૧ મિલીમીટર એટલે કે સવાબે ઇંચથી વધુ અને ચોર્યાસી તાલુકામાં ૨૫ મિલીમીટર એટલે કે ૧ ઇંચ વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના પગલે સુરત શહેર અને જિલ્લામાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયાં હતાં અને નાગરિકોને પારાવાર તકલીફનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ અમદાવાદ શહેરમાં સાંજે છ વાગ્યા સુધીમાં સરેરાશ ૭૦ મિલીમીટર એટલે કે ૩ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો પરંતુ વિસ્તાર વાઇઝ ઓછોવત્તો વરસાદ પડ્યો હતો, જેમાં સાયન્સ સિટી વિસ્તારમાં ૬.૭૩ ઇંચ, ગોતામાં ૬.૭૧ ઇંચ, બોપલમાં ૬.૩૬ ઇંચ, સરખેજમાં ૫.૩૬ ઇંચ, નરોડામાં ૪.૭૨ ઇંચ વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના પગલે શહેરના મીઠાખળી,



અમદાવાદમાં પડેલા વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં (ઉપર) અને સુરતમાં ભરાયેલા પાણીમાં ક્રિકેટ રમી રહેલા યુવકો.



અખબારનગર, ત્રાગડ સહિતના ચાર અન્ડરપાસમાં વરસાદી પાણી ભરાતાં વાહનચાલકોની સલામતી માટે એ બંધ કરાયાં હતાં. ભારે વરસાદથી સાત વૃક્ષ ધરાશાયી થયાં હતાં. ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જતાં નાગરિકો હાલાકીમાં મુકાઈ ગયા હતા.

ગુજરાતમાં ગઈ કાલે દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર કચ્છ સુધીના પંથકમાં હળવોથી ભારે વરસાદ પડ્યો હતો. ૭૫ તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો, જેમાં ૩૪ તાલુકાઓમાં બે ઇંચથી વધુ અને આઠ તાલુકાઓમાં ચાર ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. વલસાડ જિલ્લાના વાપીમાં દોઢ ઇંચથી વધુ, વલસાડ શહેરમાં ચાર ઇંચથી વધુ, કપરાડા અને ધરમપુરમાં સાડાત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત નવસારીના ખેરગામમાં અને ભરૂચ અને મોરબીમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. બીજી તરફ દક્ષિણ ગુજરાતના જલાલપોર, નવસારી, ગણદેવી, વાલોડ, વ્યારા, સોનગઢ, વાગરા, ડોલવણ; જ્યારે ઉત્તર ગુજરાતના કડી, ઇડર અને ધનસુરા તેમ જ મધ્ય ગુજરાતના સંખેડામાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો.

# કેરલામાં ગૂગલ-મૅપના આધારે જતા યુવાનોની કાર નદીમાં ખાબકી

## ઝાડમાં કાર ફસાતાં ફાયર-બ્રિગેડે તેમને બચાવી લીધા



**કેરલાના** કાસરગોડ જિલ્લામાં પલ્લંચી ફૉરેસ્ટ રોડ પર ગુરુવારે વહેલી સવારે એક કાર નદીમાં ખાબકી હતી. એ પછી બે યુવાનોને ફાયરબ્રિગેડે બચાવી લીધા હતા. આ યુવાનો ગૂગલ-મૅપના આધારે કર્ણાટકમાં આવેલી એક હૉસ્પિટલમાં જઈ રહ્યા હતા અને તેમની કાર નદીમાં પડી હતી. જોકે કાર નદીમાં વહીને એક ઝાડમાં ફસાઈ ગઈ હતી અને ફાયરબ્રિગેડે બન્ને યુવાનોને બચાવી લીધા હતા.

આ ઘટના વિશે બોલતાં યુવાનોએ કહ્યું હતું કે 'ગૂગલ-મૅપથી રસ્તો ફૉલો કરતાં અમે એક સાંકડી ગલીમાં પહોંચ્યા હતા અને રાત હોવાથી અંધારું હતું અને હેડલાઇટમાં જે દેખાતું હતું એના આધારે અમે આગળ વધતા હતા. અમે એક સાંડકી ગલીમાં પહોંચ્યા હતા અને એ રસ્તો અમને નદી પરના સાંકડા પુલ પર લઈ ગયો હતો. અમે કંઈ સમજીએ કે વિચારીએ એ પહેલાં કાર નદીમાં પડી હતી અને પાણીનો પ્રવાહ તેજ હોવાથી અમારી કાર તણાઈ ગઈ હતી. જોકે એક ઝાડ પર કાર અટકતાં અમે મોબાઇલ ફોનથી અમારાં સગાંસંબંધીઓને ફોન કર્યો અને એ પછી ફાયરબ્રિગેડે આવીને અમને બચાવી લીધા હતા.

# ડેપ્યુટી સ્પીકરપદ માટે વિપક્ષી ગઠબંધન ફૈઝાબાદના સંસદસભ્યને મેદાનમાં ઉતારશે

**લોકસભામાં** ડેપ્યુટી સ્પીકરપદ માટે તૃણમૂલ કૉન્ગ્રેસ, સમાજવાદી પાર્ટી અને કૉન્ગ્રેસ ફૈઝાબાદ લોકસભા મતદારસંઘમાં ચૂંટાઈ આવેલા અવધેશ પ્રસાદને ઊભો રાખવાની વિચારણા કરી રહ્યાં છે. ૭૮ વર્ષના અવધેશ પ્રસાદ દલિત છે, પણ તેઓ સમાજવાદી પાર્ટીની ટિકિટ પર અયોધ્યા વિસ્તાર ધરાવતી બિનઆરક્ષિત બેઠક પરથી ચૂંટાઈ આવ્યા છે. આ હાઈ-પ્રોફાઈલ બેઠક પર તેઓ ૫૦,૦૦૦ મતના માર્જિનથી વિજયી થયા છે. અવધેશ પ્રસાદને ડેપ્યુટી સ્પીકર બનાવવાનો આઇડિયા પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બૅનરજીનો છે. તેમણે તેમના ભત્રીજા અને પાર્ટીના મહામંત્રી અભિષેક બૅનરજી દ્વારા આ વાત વિપક્ષી ગઠબંધનના નેતાઓને પહોંચાડી છે. અવધેશ પ્રસાદને ઊભા રાખીને વિપક્ષી ગઠબંધન એક સ્ટ્રૉન્ગ મેસેજ આપવા માગે છે.

આ વાત એવા સમયે બહાર આવી છે જ્યારે કૉન્ગ્રેસ કેરલામાંથી ચૂંટાઈ આવેલા ૮ વખતના સંસદસભ્ય કે. સુરેશને વિપક્ષના ડેપ્યુટી સ્પીકરપદના ઉમેદવાર બનાવવાનું વિચારી રહી છે.

# મારી હિન્દુ આસ્થામાંથી મને પ્રેરણા મળે છે : રિશી સુનક

## બ્રિટનના વડા પ્રધાને ૪ જુલાઈની સામાન્ય ચૂંટણી પહેલાં લીધી સ્વામીનારાયણ મંદિરની મુલાકાત





૪ જુલાઈએ યોજનારી સામાન્ય ચૂંટણી પહેલાં બ્રિટનના વડા પ્રધાન રિશી સુનકે પત્ની અક્ષતા મૂર્તિ સાથે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ (BAPS) સંસ્થાના નીસ્ડન મંદિરની મુલાકાત લીધી હતી અને દૈવી આશીર્વાદ માગ્યા હતા. આ પ્રસંગે રિશી સુનકે કહ્યું હતું કે મને મારી હિન્દુ આસ્થામાંથી પ્રેરણા મળે છે.

શનિવારે સાંજે તેઓ મંદિરમાં પહોંચ્યાં હતાં અને પૂજારીઓના માર્ગદર્શન હેઠળ પૂજા-અર્ચના કરી હતી. ત્યાર બાદ તેમણે કહ્યું હતું કે 'હું હિન્દુ છું અને તમારા બધાની જેમ મેં મારા વિશ્વાસમાંથી પ્રેરણા અને કમ્ફર્ટ મેળવ્યાં છે. ભગવદ્ગીતા પર સંસદસભ્ય તરીકે શપથ લેતાં મને ગર્વની લાગણી થાય છે. આપણો વિશ્વાસ આપણને આપણી ફરજ બજાવવાનું અને પરિણામથી નહીં ગભરાવાનું શીખવે છે. મારાં અદ્ભુત અને પ્રેમાળ માતાપિતાએ મને આ વાત શીખવી છે અને એ રીતે હું જીવન જીવી રહ્યો છું અને મારી પુત્રીઓને હું આ સંસ્કાર આપવા માગું છું. મને મારો ધર્મ લોકોની સેવા કરવાનો અભિગમ શીખવે છે. લોકસેવામાં મારી પત્ની પણ મારો સૌથી મોટો ટેકો છે. તે પણ આ કાર્યમાં સમર્પિત છે. કોઈ પણ પતિને આવો સાથીદાર મળી શકે છે.'

# આ વખતે જૂનમાં સબર્બ્સમાં ૩૫ ટકા ઓછો વરસાદ થયો

**આ** વર્ષે કેરલામાં બે દિવસ વહેલા દાખલ થયેલા મૉન્સૂને ૯ જૂને મુંબઈમાં એન્ટ્રી મારી દીધી હતી. એથી લોકોમાં આનંદ વ્યાપી ગયો હતો. જોકે જૂન મહિનામાં મુંબઈમાં જે સરેરાશ વરસાદ થાય છે એના કરતાં આ વખતે ઓછો વરસાદ થયો છે.

સામાન્ય રીતે જૂન મહિનામાં કોલાબા અને સાંતાક્રુઝમાં થોડોઘણો વધારે-ઓછો વધારે વરસાદ પડતો હોય છે. કોલાબામાં ઍવરેજ ૫૪૨ એમએમ અને સાંતાક્રુઝમાં ૫૩૭ એમએમ વરસાદ નોંધાતો હોય છે; જ્યારે આ વર્ષે જૂન મહિનામાં કોલાબામાં ૫૦૭ એમએમ વરસાદ નોંધાયો છે, જે ઍવરેજ કરતાં ૭ ટકા ઓછો છે. જોકે સાંતાક્રુઝમાં બહુ મોટો ફરક પડી ગયો છે. સાંતાક્રુઝમાં ઍવરેજ ૫૩૭ એમએમ સામે માત્ર ૩૪૭ એમએમ વરસાદ પડ્યો છે. આમ ૬૫ ટકા જ વરસાદ પડતાં ૩૫ ટકા વરસાદ ઓછો પડ્યો છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ ૧૯૯૧થી લઈને અત્યાર સુધીમાં જૂન મહિનામાં ૧૦૦ એમએમ કરતાં પણ ઓછો વરસાદ પડ્યો હોય એવાં વર્ષોમાં ૧૯૯૫માં ૮૨.૨ એમએમ અને ૨૦૧૪માં ૮૭.૩ એમએમ વરસાદ નોંધાયો હતો. ગઈ કાલે ૩૦ જૂને કોલાબામાં ૧૫.૮ એમએમ જ્યારે સાંતાક્રુઝમાં ૨૫.૨ એમએમ વરસાદ નોંધાયો હતો.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ આજથી શરૂ થતા જુલાઈ મહિનામાં પહેલા છ દિવસ મુંબઈ સહિત કોંકણ કિનારપટ્ટી પર મધ્યમથી ભારે ઝાપટાં પડતાં રહેશે. કેટલીક જગ્યાએ ભારે વરસાદનાં ઝાપટાં પડવાની શક્યતા છે.

# ધંધાપાણી

**11,443** ગઈ કાલે પૂરા થયેલા જૂન મહિનામાં આટલી પ્રૉપર્ટીનું મુંબઈમાં રજિસ્ટ્રેશન થયું હતું. છેલ્લાં ૧૨ વર્ષમાં જૂન મહિનામાં થયેલું આ સૌથી વધારે રજિસ્ટ્રેશન છે જેને લીધે રાજ્ય સરકારને ૯૮૬ કરોડ રૂપિયાની સ્ટૅમ્પ-ડ્યુટી અને રજિસ્ટ્રેશનની આવક થઈ છે.

સ્ટૉક ટ્રેન્ડ



જયેશ ચિતલિયા

## બજેટના સંકેતોનો પવન બજારની પતંગને ઊંચે લઈ જઈ રહ્યો છે : હવામાન પલટાય એ પહેલાં જ પ્રૉફિટ-બુકિંગ કરી લેવું જોઈએ

બજેટ જાહેર થાય ત્યાં સુધીના સમયગાળામાં શૅરબજાર સતત વધતું જ રહેશે એવી આશા કામ કરી રહી હોવાથી ઇન્ડેક્સ નવાં-નવાં શિખર બનાવતો જાય છે. આ વખતના બજેટમાં રાહતના પગલાની આશા વિશેષ ઊંચી છે જે ઇકૉનૉમીને વેગ આપવામાં અને રોકાણ આકર્ષવામાં નિમિત્ત બનશે. બજારને આનાથી વધુ શું જોઈએ? જેને ઊડવું હોય તેને પાઇલટ સાથેનું વિમાન મળે તો શું થાય?

**સરકાર** આ વખતે બજેટમાં ઉત્પાદન ક્ષેત્રને-મેક ઇન ઇન્ડિયાને વધુ પ્રોત્સાહન આપશે એવા સંકેત મળી રહ્યા છે, જેમાં વર્તમાન યોજનાઓ તો છે જ, એ ઉપરાંત સરકાર બજેટ માર્ગે કૉર્પોરેટ ટૅક્સમાં ચોક્કસ રાહત આપશે એવી ચર્ચા વહેતી થઈ છે, ખાસ કરીને નવા રોકાણ માટે કૉર્પોરેટ ટૅક્સનો દર નીચો રાખવાની હિલચાલ થઈ રહી છે. આની પાછળનો એક મહત્ત્વનો ઉદ્દેશ રોજગાર-સર્જન છે. આવકવેરાની રાહત, વપરાશ વધે એ માટેના પ્રયાસ, જાહેર સાહસોની આંશિક મૂડી છૂટી કરવાની નેમ, લઘુ-મધ્યમ એકમોને પ્રોત્સાહન વગેરે સંકેતોની ઓવરઑલ ઇમ્પેક્ટને પગલે શૅરબજારને બૂસ્ટ મળતું રહ્યું છે, જેને પરિણામે ગણતરીના દિવસોમાં જ બજાર સતત નવી ઊંચાઈ બનાવતું જોવામાં આવ્યું છે. ક્યાં સુધી આ દોડ ચાલશે એવો સવાલ થાય છે, પરંતુ બજાર પાસે જવાબ નથી, કારણ કે સેન્ટિમેન્ટ પૉઝિટિવ અને બજેટ પાસે આશાઓ પણ ઊંચી હોવાના પુરાવા સતત નજરે પડતા રહે છે, જેમાં વળી આર્થિક ફન્ડામેન્ટલ્સની મજબૂતીનાં પરિબળો પણ ભળી રહ્યાં છે.

### સતત નવી ઊંચાઈ તરફ ગતિ

વીતેલા સપ્તાહના પ્રથમ દિવસની શરૂઆત વૉલેટિલિટીથી થઈ, પરંતુ માર્કેટ દિવસના અંતે તો વધીને જ બંધ રહ્યું. આગલા શુક્રવારનું કરેક્શન ફરી રિકવર થઈ ગયું. કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ નીચે જવાનું પૉઝિટિવ પરિણામ બજારમાં જોવાયું હતું. વળી મંગળવારે બજાર છેલ્લા અમુક કલાકમાં જ એવું ઊછળ્યું કે સેન્સેક્સ ૭૦૦ પૉઇન્ટનો કૂદકો મારી ૭૮ હજાર અને નિફ્ટી ૧૮૩ પૉઇન્ટનો જમ્પ મારી ૨૩,૭૦૦ પાર જઈ બંધ રહ્યા હતા. ફૉરેન ઇન્વેસ્ટર્સની લેવાલી જોર પકડવાની આશા કામ કરી રહી છે, ગ્લોબલ સ્તરેથી પૉઝિટિવ સંકેત પણ અસર કરી રહ્યા હતા. ફૉરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ (FPI) એ જૂનમાં આશરે ૧૬,૦૦૦ કરોડ રૂપિયાની ખરીદી કરી છે. ફાઇનૅન્શિયલ સ્ટૉક્સ અને બૅન્ક સ્ટૉક્સ પર ખરીદીનું જોર વધુ રહ્યું છે. જોકે મંગળવારે સ્મૉલ-મિડ કૅપમાં સાધારણ ઘટાડો નોંધાયો હતો. બુધવારે સેન્સેક્સ-નિફ્ટીની સવારી સવારથી જ આગળ વધતી રહી અને આખરે સેન્સેક્સ ૬૨૦ પૉઇન્ટ પ્લસ અને નિફ્ટી ૧૪૭ પૉઇન્ટ વધીને બંધ રહ્યા હતા. જોકે મિડ કૅપ ઇન્ડેક્સ ઘટ્યો હતો. આ સ્ટૉક્સમાં પ્રૉફિટ-બુકિંગ થયું હોવાનું નોંધાયું હતું.

> **વિશેષ ટિપ**
> શૉર્ટ ટર્મ વૉલેટિલિટીનો સામનો કરવા જેઓ સજ્જ અને સક્ષમ રહે છે તેમને લૉન્ગ ટર્મનો ખરો લાભ મળે છે.

### ૭૯,૦૦૦ અને ૨૪,૦૦૦ પાર

વળી ગુરુવારે નવી હાઈ સપાટી બની. તેજીની આગેકૂચ જારી રહેતાં સેન્સેક્સે ૫૭૦ પૉઇન્ટના જમ્પ સાથે ૭૯,૦૦૦નું લેવલ અને નિફ્ટીએ ૧૭૫ પૉઇન્ટના કૂદકા સાથે ૨૪,૦૦૦ની સપાટી પાર કરી હતી. કહે છે કે ફૉરેન ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ (FII) એપ્રિલ-મેમાં પ્રૉફિટ-બુકિંગ કર્યા બાદ પાછા ફર્યા છે અને હવે સ્થાનિક સંસ્થાઓ પ્રૉફિટ-બુકિંગ કરે એવો તાલ છે. નાના રોકાણકારોએ પણ આંશિક નફો લેવાની તક ગુમાવવી ન જોઈએ. શુક્રવારે બજારે ફરી નવી ઊંચાઈ તરફ યાત્રા ચાલુ રાખી હતી. જોકે સંપૂર્ણ સત્ર દરમ્યાન વધઘટ કરતા બજારે આખરે સેન્સેક્સને સાધારણ માઇનસ રાખ્યું. એમ છતાં ૭૯,૦૦૦ ઉપરનું લેવલ જાળવ્યું, જ્યારે સ્મૉલ-મિડ કૅપ સ્ટૉક્સમાં સુધારો થવા દીધો. નિફ્ટી પણ ૨૪ હજારના લેવલ ઉપર જ બંધ રહ્યો. કોર સેક્ટરની વૃદ્ધિના અને ફિસ્કલ ડેફિસિટના સકારાત્મક સમાચારે બજારને રાહત આપી હતી. જોકે એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે બેન્ચમાર્ક ઇન્ડેક્સનો ઉછાળો માત્ર હાઈ વેઇટેજ સ્ટૉક્સના ભાવવધારાને કારણે હતો, જેને નક્કર તેજી કહી શકાય નહીં. કરેક્શન પાકતું જાય છે. પ્રૉફિટ-બુકિંગની જરૂરિયાત પણ વર્તાય છે. નવા સપ્તાહમાં કરેક્શન જોવા મળી શકે અને એમ થાય તો એ સારી નિશાની ગણાશે.

### પ્રમોટર્સમાં પણ પ્રૉફિટ-બુકિંગનો અભિગમ

હાઈ માર્કેટનો લાભ રોકાણકારો તો લેતા જ હશે, પરંતુ પ્રમોટર્સ પણ એ લેવાનું ચૂકતા નથી. તાજેતરના બે મહિનામાં આશરે ૨૦૦ કંપનીઓના પ્રમોટર્સ દ્વારા ૩૩ હજાર કરોડ રૂપિયાથી વધુના શૅર્સનું વેચાણ કરવામાં આવ્યું છે, જેમાં પ્રમોટરોએ ઊંચા ગયેલા ભાવે શૅરોનો નફો ઘરમાં લઈ લીધો છે. આ દર્શાવે છે કે વૅલ્યુએશન એવાં ઊંચાં ગયા છે, જ્યાં પ્રમોટર્સ પણ માને છે કે વેચીને આંશિક નફો ઘરમાં લઈ લેવામાં શાણપણ છે. પ્રૉફિટ-બુકિંગનું એક નક્કર કારણ એવું પણ માનવામાં આવે છે કે માર્કેટ સતત નવી ટૉપ બનાવી રહ્યું હોવાથી ગમે ત્યારે મોટાં કરેક્શન પણ આવી શકે છે. આમ થાય એ પહેલાં કમસે કમ આંશિક પ્રૉફિટ બુક કરી લેવામાં સાર ગણાય.

લેખક અનુભવી આર્થિક પત્રકાર છે. feedbackgmd@mid-day.com પર તેમનો સંપર્ક કરી શકો છો.

### મહત્ત્વના આર્થિક સમાચાર-સંકેત

- ભારતીય સ્ટૉક માર્કેટ વિશ્વમાં માર્કેટ કૅપની દૃષ્ટિએ પાંચમું વિશાળ બજાર બની ગયું છે. એનું માર્કેટ કૅપ જૂન ક્વૉર્ટરના અંતે ૫.૦૩ લાખ કરોડ ડૉલર પહોંચી ગયું છે.
  રિઝર્વ બૅન્કના ગવર્નરના મતે ઇન્ફ્લેશનનો રેટ નીચે જઈ રહ્યો છે, પરંતુ હજી એ ચિંતાનો વિષય ગણાય. તેમણે ભારતનો વિકાસદર ૭.૨ ટકા રહેવા વિશે વિશ્વાસ વ્યકત કર્યો છે.
- આઈસીઆઈસીઆઈ બૅન્ક ૧૦૦ અબજ ડૉલરના માર્કેટ કૅપ ક્લબમાં પહોંચનારી છઠ્ઠી ભારતીય કંપની બની છે.
- અદાણી ગ્રુપની ફ્લૅગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઇઝ આગામી દાયકામાં એના ઍરપોર્ટ બિઝનેસમાં ૧.૭૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો પ્લાન ધરાવે છે.
- ક્વાન્ટ મ્યુચ્યુઅલ ફન્ડના કિસ્સામાં થયેલી કથિત ગરબડના કિસ્સાને ધ્યાનમાં રાખી સિક્યૉરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઇન્ડિયા (SEBI)એ તપાસ હાથ ધરી છે અને હવે SEBI દરેક મ્યુચ્યુઅલ ફન્ડમાં ઇન્ટરનલ ફ્રૉડ ડિટેક્શન મેકૅનિઝમ વિકસાવવાની જરૂરિયાત જણાવે છે.
- SEBIએ વીતેલા સપ્તાહમાં માર્કેટ રિફૉર્મ્સના ઘણા નિર્ણય એકસાથે લીધા હતા, જેમાં ડેરિવેટિવ્ઝ માર્કેટ સહિત સાઇબર સિક્યૉરિટી, ફિનફ્લ્યુઅન્સરના નિયમન માટેનાં પગલાંનો સમાવેશ થયો હતો.

ચાર્ટ મસાલા



અશોક ત્રિવેદી

## નિફ્ટી ફ્યુચર ૨૩,૭૯૦ અને ૨૩,૬૭૫ મહત્ત્વના સપોર્ટ, બજાર ઓવરબૉટ

**વાચકમિત્રો,** નિફ્ટી ફ્યુચર ગયા સપ્તાહ દરમ્યાન નીચામાં ૨૩,૩૩૫ સુધી આવી સાપ્તાહિક ધોરણે ૬૪૪.૯૫ પૉઇન્ટના નેટ સુધારે ૨૨,૧૩૨.૨૫ બંધ રહ્યું તેમ જ BSE ઇન્ડેક્સ ૧૮૨૨.૮૩ પૉઇન્ટના નેટ સુધારે ૭૯,૦૩૨.૭૩ બંધ રહ્યો. ઉપરમાં ૭૯,૬૭૨ ઉપર ૮૦,૦૦૦, ૮૦ ૪૦૦ સુધીની શક્યતા જોવા મળશે. નીચામાં ૭૮,૩૦૦, ૭૭,૯૦૦ સપોર્ટ ગણાય. બજેટનો મહિનો છે. અફવાઓના આધારે તણાઈ ન જવું. બજારમાં ઘટાડે પસંદગીના શૅરોમાં સપોર્ટ મળશે. સરકારી બૅન્કોમાં ગભરાટ નથી. સરકારી રાહે ચાલશે.

નિફ્ટી ફ્યુચર દૈનિક ધોરણે ટૂંકા ગાળાનો, અઠવાડિક ધોરણે મધ્યમ ગાળાનો તેમ જ માસિક ધોરણે લાંબા ગાળાનો પ્રવાહ સુધારાતરફી છે. મધ્યમ ગાળાનો સપોર્ટ ૨૧,૨૬૫ ગણાય. લાંબા ગાળાનો સપોર્ટ ૨૧,૧૪૧, ૧૮,૮૪૦ ગણાય. (Price Objective = બ્રેકઆઉટ આવ્યા બાદ ભાવો ઓછામાં ઓછા ક્યાં સુધી ઘટશે અથવા વધશે એ ખૂબ જ સરળ રીતે જાણી શકાય છે. પૅટર્નની લંબાઈ જેટલા ભાવ બ્રેકઆઉટ પૉઇન્ટ વખતે જે ભાવ હોય એમાંથી બાદ કરતાં અથવા ઉમેરતાં જે ભાવ આવે એટલા ભાવ બ્રેકઆઉટ પૉઇન્ટથી ઓછામાં ઓછા ઘટશે અથવા વધશે એમ ધારી શકાય. આના કરતાં પણ વધારે વધ-ઘટ થઈ શકે છે. આ માટે પાછલા સપોર્ટ અને રેઝિસ્ટન્ટ લેવલ તેમ જ ગૅપ્સ જોવાં જરૂરી છે. વધારેમાં વધારે પાછલા ટ્રેન્ડ જેટલી વધ-ઘટ થઈ શકે છે.) (ક્રમશઃ) નિફ્ટી ફ્યુચરની ટૂંકા ગાળાની ઍવરેજ ૨૩,૬૫૫.૩૬ છે, જે ક્લોઝિંગ પ્રાઇસના આધારે રોજ બદલાયા કરે છે.

**એસબીઆઇ લાઇફ (૬૬૭.૬૦) :** ૬૦૫ના બૉટમથી સુધારાતરફી છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરબૉટ તેમ જ માસિક ધોરણે ઓવરબૉટથી ન્યુટ્રલ પોઝિશન દર્શાવે છે. ઉપરમાં ૧૪૯૯ ઉપર ૧૫૦૪ કુદાવે તો ૧૫૨૦, ૧૫૩૭, ૧૫૫૩, ૧૫૬૯ સુધીની શક્યતા જોવા મળશે. નીચામાં ૧૪૭૧ નીચે ૧૪૫૦ સપોર્ટ ગણાય. ઘટાડે સપોર્ટ મળશે.

**વિપ્રો (૫૧૪.૮૫) :** ૪૧૭ના બૉટમથી સુધારાતરફી છે. દૈનિક અને અઠવાડિક ધોરણે ઓવરબૉટ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ તરફની પોઝિશન દર્શાવે છે. ઉપરમાં ૫૧૬ ઉપર ૫૨૨, ૫૩૦, ૫૩૮, ૫૪૬ સુધીની શક્યતા જોવા મળશે. નીચામાં ૪૯૭ નીચે ૪૯૦ સપોર્ટ ગણાય.

**બૅન્ક નિફ્ટી ફ્યુચર (૫૨,૫૨૦.૭૦) :** ૪૬,૧૮૪.૯૫ના બૉટમથી સુધારાતરફી છે. દૈનિક, અઠવાડિક તેમ જ માસિક ધોરણે ઓવરબૉટ પોઝિશન દર્શાવે છે. ઉપરમાં ૫૩,૨૨૧ ઉપર ૫૩,૪૮૦, ૫૩,૮૦૦, ૫૪,૧૫૦ સુધીની શક્યતા જોવા મળશે. નીચામાં ૫૨,૨૦૦ નીચે ૫૧,૭૦૦ સપોર્ટ ગણાય.

### નિફ્ટી ફ્યુચર (૨૨,૧૩૨.૨૫)




૨૧,૨૬૫ના બૉટમથી સુધારાતરફી છે. દૈનિક, અઠવાડિક તેમ જ માસિક ધોરણે ઓવરબૉટ પોઝિશન દર્શાવે છે. ઉપરમાં ૨૪,૨૪૦ ઉપર ૨૪,૩૩૦, ૨૪,૪૯૦, ૨૪,૬૫૦ સુધીની શક્યતા જોવા મળશે. નીચામાં ૨૪,૦૬૦, ૨૩,૭૯૦, ૨૩,૬૭૫ સપોર્ટ ગણાય. આ સાથે અઠવાડિક ચાર્ટ આપ્યો છે.

### એચસીએલ ટેક્નો (૧૪૫૯.૬૦)




૧૨૩૫ના બૉટમથી સુધારાતરફી છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડિક ધોરણે ઓવરબૉટ તેમ જ માસિક ધોરણે ઓવરસોલ્ડ પોઝિશન દર્શાવે છે. ઉપરમાં ૧૪૬૮ અને ૧૪૮૨ ઉપર ૧૫૧૦, ૧૫૩૮, ૧૫૬૫, ૧૫૯૫ સુધીની શક્યતા જોવા મળશે. નીચામાં ૧૪૪૫ નીચે ૧૪૨૪ સપોર્ટ ગણાય. આ સાથે દૈનિક ચાર્ટ આપ્યો છે.

### ઇન્દ્રપ્રસ્થ ગૅસ (૫૦૩.૭૦)




૪૨૩ના બૉટમથી સુધારાતરફી છે. દૈનિક, અઠવાડિક તેમ જ માસિક ધોરણે ઓવરબૉટ પોઝિશન દર્શાવે છે. ઉપરમાં ૫૧૧ ઉપર ૫૧૭, ૫૩૪, ૫૫૦, ૫૬૭ સુધીની શક્યતા જોવા મળશે. નીચામાં ૫૦૧ નીચે ૪૮૦ સપોર્ટ ગણાય. આ સાથે માસિક ચાર્ટ આપ્યો છે.

લેખક શૅરબજારના ચાર્ટ નિષ્ણાત છે. feedbackgmd@mid-day.com પર તેમનો સંપર્ક કરી શકો છો.

**શૅરની સાથે શેર**
મારા વિચાર સાથે હું સંમત થયો હતો, મારામાં એ જ દિવસે મારી કમી હતી. - **સૈફ પાલનપુરી**

# ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજીમાં આશાનું નવું કિરણ : શોધ અને સફળતા

હૃદયરોગ અને લકવાની સારવાર માટેના નવા અભિગમ સાથે ડૉ. રૂષભ પરીખે આ ક્ષેત્રમાં એક આગવું સ્થાન મેળવ્યું છે





યુવાન, પ્રતિભાશાળી, બહુમુખી એવા ડૉક્ટર રૂષભ પરીખ

**માનવહૃદય** દિવસમાં લગભગ એક લાખ વખત ધબકે છે અને શરીરમાંથી લગભગ ૨૦૦૦ ગૅલન રક્ત પમ્પ કરે છે. એનો અર્થ એ છે કે સરેરાશ જીવનકાળ દરમ્યાન આપણું હૃદય ૨.૫ અબજથી વધુ વાર ધબકે છે. આપણી પાસે એક જ હૃદય છે અને આપણી ફરજ છે કે આપણે કોઈ પણ સ્થિતિમાં એ ચાલતું રહે એની ખાતરી રાખીએ.

કાર્ડિયોલૉજીના ક્ષેત્રમાં થતી નવી શોધો અને વિકાસ વચ્ચે ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજીએ હૃદયરોગની સારવાર માટેના નવા અભિગમો સાથે નોંધપાત્ર પ્રગતિ સાથે પોતાનું મહત્ત્વનું સ્થાન બનાવ્યું છે. એન્જિયોપ્લાસ્ટીના શરૂઆતના દિવસોથી લઈને ટ્રાન્સકેથેટરમાં લેટેસ્ટ પ્રક્રિયાઓ સુધી, ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજીએ કાર્ડિયોવૅસ્ક્યુલર પરિસ્થિતિઓમાં થતા નિદાન અને ઉપચારમાં એક નવો અભિગમ આપ્યો છે. દરદીની સંભાળ અને સારવારમાં કેવી રીતે ક્રાન્તિ આવી રહી છે એ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજી દર્શાવે છે.

### ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજીની એક ઐતિહાસિક શોધ

ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજી વીસમી સદીના અંતમાં એક જુદા ક્ષેત્ર તરીકે ઓળખ પામ્યું હતું જે મુખ્યત્વે પર્ક્યુટેનિયસ કોરોનરી ઇન્ટરવેન્શન (PCI)ની ડેવલપમેન્ટ દ્વારા ચલાવવામાં આવતું હતું તેમ જ એન્જિયોપ્લાસ્ટી તરીકે વધુ જાણીતું હતું. ૧૯૭૦ના દાયકામાં બલૂન એન્જિયોપ્લાસ્ટી એક મુખ્ય ઇનોવેશન સાબિત થયુ. સંકુચિત કોરોનરી આર્ટરીઝને પહોળી કરવા માટે બલૂન-ટિપ્ડ કેથેટર દાખલ કરવાની આ ટેક્નિક કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટ (CABG) સર્જરીની સરખામણીમાં ઓછા જોખમવાળો વિકલ્પ હતો.

૧૯૮૦ના દાયકામાં સ્ટેન્ટની અનુગામી શરૂઆત PCIમાં વધુ ક્રાન્તિ લાવી. સ્ટેન્ટ જે નાની જાળીદાર નળીઓ છે એ એન્જિયોપ્લાસ્ટી પછી ધમનિઓને ખુલ્લી રાખવામાં મદદ કરે છે અને રેસ્ટેનોસિસનું જોખમ ઘટાડે છે. ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ડ્રગ-એલ્યુટિંગ સ્ટેન્ટ્સ (DES)ના વિકાસ સાથે આ ક્રાન્તિ ચાલુ રહી, જે પેશીઓમાં ઈજા થતી રોકવા માટે આ પદ્ધતિ દવા ડિપોઝિટ કરીને લાંબા ગાળાનાં પરિણામોમાં નોંધપાત્ર સુધારો કરે છે. ત્યારથી PCI એ કાર્ડિયોલૉજિસ્ટ્સ દ્વારા કરવામાં આવતી સૌથી મહત્ત્વપૂર્ણ લાઇફ સેવિંગ પ્રક્રિયા બની ગઈ છે.

વિશ્વભરમાં કાર્ડિયોલૉજી પ્રક્રિયાઓ જબરદસ્ત રીતે વિકસિત થઈ અને આજે અમે એવી સારવારો ઑફર કરવામાં સક્ષમ છીએ જેને અગાઉ ઓપન હાર્ટ સર્જરીની જરૂર પડતી હતી.

### ચાલો આવી કેટલીક પ્રક્રિયાઓ વિશે જાણીએ...

### ટ્રાન્સકેથેટર એઓર્ટિક ઇમ્પ્લાન્ટેશન (TAVI) - એક ગેમ ચેન્જર

ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઇમ્પ્લાન્ટેશન (TAVI) એ છેલ્લાં કેટલાંક વર્ષોમાં સૌથી વધુ સક્સેસ રેટ સાથે પ્રગતિ કરનારી પદ્ધતિઓમાંની એક છે. TAVI ગંભીર એઓર્ટિક સ્ટેનોસિસ ધરાવતા દરદીઓ જેમને માટે ઓપન હાર્ટ સર્જરી જોખમી ગણાતી હોય તેમને માટે ન્યુનતમ શસ્ત્રક્રિયાનો વિકલ્પ પ્રદાન કરે છે. આ પ્રક્રિયામાં કેથેટર દ્વારા નવા વાલ્વને દાખલ કરવાનો સમાવેશ થાય છે, ખાસ કરીને પગની ધમનિ દ્વારા અને વૃદ્ધો તથા ઉચ્ચ જોખમ ધરાવતા દરદીઓ માટે સારવારના લૅન્ડસ્કેપને બદલી નાખ્યું છે.

### TAVIના ફાયદા શું છે?

- TAVIનો સૌથી મહત્ત્વનો ફાયદો એ છે કે હાઈ રિક્સ ધરાવતા દરદીઓ માટે પણ એ સૂટેબલ છે જેમને પરંપરાગત શસ્ત્રક્રિયા માટે હાઈ રિક્સ અથવા અનસૂટેબલ માનવામાં આવે છે.
- હૉસ્પિટલમાં બે દિવસથી ઓછા સમયનું રોકાણ.
- પરંપરાગત ઓપન હાર્ટ સર્જરી કરતાં ઓછી પીડાદાયક.
- ચેપ, રક્તસ્રાવ, સામાન્ય ઍનેસ્થેસિયા સંબંધિત સમસ્યાઓ જેવા કૉમ્પ્લીકેશનનું જોખમ ઘટાડે છે.
- દરદીઓમાં જીવનની એકંદર ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થાય છે.

પ્રખ્યાત સ્ટ્રક્ચરલ અને વાલ્વ્યુલર ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ, ડૉ. રૂષભ પરીખ, TAVI પ્રક્રિયામાં ટોચનું સ્થાન ધરાવે છે. પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય ફેલોશિપ્સમાંથી મેળવેલા વ્યાપક અનુભવ સાથે ડૉ. પરીખે TAVI ટેક્નિકને રિફાઇન કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. પ્રોક્ટર તરીકેની તેમની ભૂમિકા તેમને વૈશ્વિક સ્તરે અન્ય કાર્ડિયોલૉજિસ્ટ્સને તાલીમ આપવા માટે પરવાનગી આપે છે અને આ લાઇફ સેવિંગ પ્રક્રિયાને વ્યાપકપણે અપનાવવાની ખાતરી આપે છે.

ડૉ. રૂષભ પરીખે સ્ટ્રોકના નિવારણ માટેની બે પ્રક્રિયાઓમાં પણ વિશેષતા પ્રાપ્ત કરી છે જે યુવાનો તેમ જ વૃદ્ધોને મદદરૂપ બની શકે છે.

### લેફ્ટ એટ્રીઅલ એપેન્ડેજ ક્લોઝર (LAAC) : એટ્રીઅલ ફાઇબરિલેશનના દરદીઓમાં સ્ટ્રોકના પ્રિવેન્શન માટે

એટ્રીઅલ ફાઈબરિલેશન (AF) એ સ્ટ્રોક અથવા લકવાને વધતા જોખમ સાથે સંકળાયેલી સૌથી સામાન્ય કાર્ડિએક એરિથમિયા છે. પરંપરાગત રીતે રક્ત પાતળું કરતી ઔષધિએ અથવા ઍન્ટિકોએગ્યુલન્ટ્સ એટ્રીઅલ ફાઈબરિલેશનના દરદીઓમાં સ્ટ્રોકની સારવારનું પ્રાથમિક માધ્યમ છે. જોકે રક્તસ્રાવનાં જોખમોને કારણે બધા દરદીઓ લાંબા ગાળા માટે ઍન્ટિકોએગ્યુલેશનને સહન કરી શકતા નથી.

લેફ્ટ એટ્રિઅલ એપેન્ડેજ ક્લોઝર (LAAC) એ એક નવીનતમ અભિગમ છે જે લકવાની સારવાર માટે વિકલ્પ બને છે. આ પ્રક્રિયામાં ડાબી એટ્રીઅલ એપેન્ડેજને સીલ કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે, જેમાં એક નાની કોથળી જ્યાં એટ્રીઅલ ફાઈબરિલેશનના દરદીઓમાં લોહી ગંઠાવાનું વલણ હોય છે. વૉચમૅન અને એમ્પ્લેટ્ઝર એમ્યુલેટ જેવાં ઉપકરણોનો ઉપયોગ સામાન્ય રીતે LAAC માટે થાય છે, જે લોહી ગંઠાઈ જવાની પ્રક્રિયામાં યાંત્રિક અવરોધ પૂરો પાડે છે.

LAACની શોધ એવા દરદીઓ માટે વરદાનરૂપ છે જેમને ઍન્ટિકોએગ્યુલન્ટ્સ સૂટેબલ નથી. LAAC તેમને માટે સ્ટ્રોક નિવારણ માટે એક સુરક્ષિત અને સમાન અસરકારક ટ્રીટમેન્ટ બને છે. ડેન્માર્કમાં અદ્યતન તાલીમ સાથે ડૉ. પરીખે LAACમાં નિપુણતા મેળવી છે. આ ક્ષેત્રમાં તેમણે અગ્રણી તરીકે સ્થાન મેળવ્યું છે જે દરદીઓને મળતાં પરિણામોમાં સુધારો કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. તેઓ શહેરના ગણતરીના કાર્ડિયોલૉજિસ્ટ્સમાંના એક છે જેઓ આ પ્રક્રિયા કરે છે.

### પેટન્ટ ફોરામેન ઓવલે (PFO) ક્લોઝર : ક્રિપ્ટોજેનિક સ્ટ્રોકના જોખમને ઘટાડવા માટે

પેટન્ટ ફોરામેન ઓવલે (PFO) એ હૃદયની ડાબી અને જમણી બાજુની વચ્ચે આવેલું એક નાનું, ફ્લૅપ જેવું મોકાણ છે જે લગભગ ૨૦ ટકા વ્યક્તિઓમાં જન્મ પછી કુદરતી રીતે બંધ થવામાં નિષ્ફળ જાય છે. ઘણી વાર કોઈ જ લક્ષણો ન હોવા છતાં વ્યક્તિ PFO સ્ટ્રોક સાથે સંકળાયેલી હોઈ શકે છે. ખાસ કરીને નાની વયના દરદીઓ. PFO ક્લોઝર એ ન્યુનતમ શસ્ત્રક્રિયા ધરાવતી પ્રક્રિયા છે જેમાં કેથેટર દ્વારા વિતરિત ઉપકરણ વડે આ ઓપનિંગને સીલ કરવામાં આવે છે. લકવાગ્રસ્ત દરદીઓમાં ટુડી ઈકો દ્વારા સરળતાથી આ સમસ્યાનું નિદાન કરી શકાય છે.

તાજેતરના અભ્યાસોએ દર્શાવ્યું છે કે PFO બંધ થવાથી અમુક દરદીઓમાં પુનરાવર્તિત સ્ટ્રોકના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. જેને કારણે આ પ્રક્રિયાને અપનાવવાની માત્રામાં વધારો થયો છે. આ પ્રક્રિયા એવા લોકોને આશા આપે છે જેમને લકવો થઈ ગયો હોય પણ એનું કારણ અસ્પષ્ટ હોય. PFO ક્લોઝરમાં ડૉ. પરીખની નિપુણતા, તેમની આંતરરાષ્ટ્રીય તાલીમ દ્વારા સમર્થિત છે જે શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરવા માટેના તેમના વિશિષ્ટ કૌશલ્યના મહત્ત્વને રેખાંકિત કરે છે.

### ઊભરતી તક્નિકો અને ભાવિ દિશાઓ

ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજીના ક્ષેત્રમાં સતત વિકાસ થઈ રહ્યો છે, જેમાં દરદીની સારવાર વધારવા માટે અસંખ્ય ઊભરતી તક્નિકો આવી ગઈ છે. કોરોનરી એન્જિયોપ્લાસ્ટીના સંદર્ભમાં કાર્ડિયોલૉજીના ક્ષેત્રમાં પણ ઘણી બધી નવી પ્રગતિ થઈ છે, જેમાંની કેટલીક આશાસ્પદ પ્રગતિઓમાં એનો સમાવેશ થાય છે એ એટલે

**૧. બાયોએબ્ઝોર્બેબલ સ્ટેન્ટ્સ :** પરંપરાગત સ્ટેન્ટ્સથી વિપરીત, જે શરીરમાં કાયમ માટે રહે છે. આ બાયોએબ્ઝોર્બેબલ સ્ટેન્ટ સમય જતાં શરીરમાં ઓગળી જાય છે, જે સંભવિત રીતે લાંબા ગાળાનાં જોખમો અને કૉમ્પ્લીકેશન્સને ઘટાડે છે.

**૨. અદ્યતન ઇમેજિંગ તક્નિકોઃ** ઈમેજિંગમાં નવીનતાઓ આવી છે, જેમ કે ઑપ્ટિકલ કોહેરેન્સ ટૉમોગ્રાફી (OCT), ઇન્ટ્રાવૅસ્ક્યુલર અલ્ટ્રાસાઉન્ડ (IVUS) અને ફ્રેક્શનલ ફ્લો રિઝર્વ (FFR), કોરોનરી આર્ટરિસની સમસ્યામાં વિગતવાર આંતરદૃષ્ટિ આપી નિદાન કરવામાં મદદરૂપ બને છે. આ સાધનો ડૉક્ટરોને બ્લૉકેજના પ્રમાણનું ચોક્કસ મૂલ્યાંકન કરવામાં અને ચોક્કસ સ્ટેન્ટ પ્લેસમેન્ટની ખાતરી કરવામાં મદદરૂપ બને છે જે દરદીને વધુ સારાં પરિણામ તરફ દોરી જાય છે.

**3. રોટેશનલ એથેરેક્ટૉમી :** જે સામાન્ય રીતે રોટેબલેશન તરીકે ઓળખાય છે. આ એક એવી ટેક્નિક છે જેનો ઉપયોગ વધુ પ્રમાણમાં કેલ્સિફાઇડ એટલે કે કઠણ બની ગયેલી ધમનિઓની સારવાર માટે થાય છે જે રેગ્યુલર એન્જિયોપ્લાસ્ટી સાથે ખોલવી મુશ્કેલ હોય. કૅલ્શિયમને ગ્રાઇન્ડ કરવા માટે હાઈ-સ્પીડ ડાયમન્ડ ટિપ્ડ રોટેટિંગ ડ્રિલ બરનો ઉપયોગ કરવામાં આવે છે, જે સ્ટેન્ટ પ્લેસમેન્ટ માટે એક સરળ રસ્તો બનાવે છે.

### નિષ્કર્ષ : ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજીના ક્ષેત્રમાં આશાસ્પદ ભવિષ્યની શરૂઆત

ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજી ક્ષેત્ર ખૂબ આગળ પડતું છે. દરેક નવી પ્રગતિ આપણને હૃદયરોગ માટેની વધુ અસરકારક અને લો રિસ્ક સારવારની નજીક લાવે છે. કાર્ડિયોલૉજીના ક્ષેત્રમાં વિશ્વની ટોચની વિદેશી સંસ્થાઓમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવનાર ડૉ. રૂષભ પરીખ જેવા પ્રોફેશનલનું યોગદાન આ પ્રગતિને આગળ વધારવા માટે એક નિમિત્ત છે, જે સુનિશ્ચિત કરે છે કે દરદીઓને સારામાં સારી અને ઓછી જોખમી સારવાર મળે.

ડૉ. રૂષભ પરીખ આ વિશે જણાવે છે, 'મારી પ્રૅક્ટિસમાં મેં આ પ્રક્રિયાઓની લાઇફ ચેન્જિંગ અસર જાતે જોઈ છે. TAVI પછી ફરી જીવન પ્રાપ્ત કરનારા વૃદ્ધ દરદીઓથી લઈને PFO ક્લોઝર ઉપકરણની મદદથી સુરક્ષિત રીતે સ્ટ્રોક સર્વાઇવર બનેલા યંગ દરદીઓ સુધી, આ નવી ટેક્નિકોથી મળેલા લાભ અદ્દ્ભુત છે. જેમ-જેમ અમે કાર્ડિએક કેરના ક્ષેત્રમાં શક્ય કરતાં વધુ આગળ વધવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ એમ એમ આ નવીનતા દરદીની સલામતી અને વ્યક્તિગત સારવાર માટેની અમારી પ્રતિબદ્ધતાને વધુ અતૂટ બનાવે છે. ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજી પછીનું હૃદય પહેલાં કરતાં વધુ મજબૂત રીતે ધબકે છે, જે અસંખ્ય દરદીઓ માટે સ્વસ્થ ભવિષ્યનું વચન આપે છે.'

**વધુ વિગતો માટે સંપર્ક કરો**

**ડૉ. રૂષભ એમ. પરીખ**
સ્ટ્રક્ચરલ અને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ
સરનામું : વરુણ કાર્ડિઍક ક્લિનિક, ૧૦૧/૧૦૨ ગાયત્રીધામ, દેરાસર લેન, ઘાટકોપર-પૂર્વ.
અપૉઈન્ટમેન્ટ માટે કૉલ કરો: +919819810512
ઈ-મેઈલ : drparikhrushabh@gmail.com
વેબસાઈટ : www.drparikhrushabh.com

# પાવર, લેબર અને અન્ય સમસ્યાઓને કારણે વસઈના ઉદ્યોગોનાં વળતાં પાણી

મન્ડે સ્પેશ્યલ



અજય મોદી

**વસઈનો** ઇન્ડસ્ટ્રિયલ બેલ્ટ ૧૯૮૦થી ડેવલપ થવાનું શરૂ થયું. ૧૯૮૫થી સ્મૉલ સ્કેલ અને માઇક્રો ઇન્ડસ્ટ્રી આવવા માંડી. ૧૯૯૦ પછી બહુ સરસ ડેવલપમેન્ટ થયું. વસઈનો નવઘરનો એરિયા આખો ભરાઈ ગયો. નવઘરમાં હાલ ૧૭૦૦થી ૧૮૦૦ નાની-મોટી ફૅક્ટરીઓ છે. લગભગ મોટા ભાગની ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટના ગાળામાં ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ છે. ૨૫ મીડિયમ સ્કેલ પોતાના સ્વતંત્ર પ્લૉટ પર બિલ્ડિંગ ધરાવે છે. એ પછી સ્ટેશન વિસ્તાર છોડી બીજા એરિયામાં નાની-મોટી માઇક્રો અને સ્મૉલ મળીને લગભગ ૧૦,૦૦૦ ફૅક્ટરીઓ છે.

વસઈ મુખ્યત્વે પ્લાસ્ટિક મૉલ્ડિંગનું હબ છે. એ સિવાય ઑટોમોબાઇલ અને એન્જિનિયરિંગની અસંખ્ય ફૅક્ટરીઓ મુંબઈમાંથી નીકળીને વસઈમાં આવી ગઈ છે. ૨૦૧૦માં ઑક્ટ્રૉયને બદલે લોકલ બૉડી ટૅક્સ ઇન્ટ્રોડ્યુસ થયો અને લોકલ મ્યુનિસિપલ કર્મચારીઓની દખલગીરી તથા હેરાનગતિ વધવાથી અહીંથી ધીમે-ધીમે માઇગ્રેશન ચાલુ થઈ ગયું. દમણ, સિલ્વાસા, દાદરા નગર અને વાપીમાં ફૅક્ટરીઓ શિફ્ટ થવા માંડી. ૨૦૧૦થી ૨૦૧૪ સુધીમાં અંદાજે ૩૦૦ મોટી ઇન્ડસ્ટ્રીઓ શિફ્ટ થઈ ગઈ. ૨૦૧૫માં લોકલ બૉડી ટૅક્સ નાબૂદ કરવામાં આવ્યો, પણ જે ફૅક્ટરીઓ શિફ્ટ થઈ એ તો પાછી નથી જ આવી. બસ, એકાદ નાનું યુનિટ અહીં ચાલુ રાખ્યું. એ પછી કોરોના સુધી સારા દિવસો હતા. ઇન્ડસ્ટ્રીઓ ધમધમી રહી હતી.

ઘણીખરી મોટી ટ્રાન્સપોર્ટ કંપની અને વેરહાઉસિસ ખૂલી ગયાં અને સગવડમાં વધારો થયો. લોકોને ભિવંડી સુધી માલ ટ્રાન્સપોર્ટમાં મોકલવામાંથી મુક્તિ મળી. પ્લાસ્ટિક અને એન્જિનિયરિંગ ઇન્ડસ્ટ્રીમાં મુખ્યત્વે ઉત્તર ભારતીય કામગારો વધુ હોય છે. એ લોકો કોરોના વખતે ગામ ચાલ્યા ગયા જેમાંથી ૫૦ ટકા જેટલા જ પાછા ફર્યા. બાકીના ન આવ્યા એટલે લેબરનો પ્રૉબ્લેમ ઊભો થવા માંડ્યો. પગારમાં ધરખમ વધારો અને મોંમાગ્યા પૈસા આપવા છતાં લેબર મળતા નથી. એ પછી હેલ્પર હોય, સેમી-સ્કિલ્ડ હોય કે સ્કિલ્ડ લેબર હોય; દરેકની અછત છે. બીજું, અહીંના વસઈ-વિરારના જે વર્કર હતા તેમનાં બાળકો હવે ભણીને આગળ વધી રહ્યાં છે. તેઓ કારખાનામાં કામ કરવા માગતાં નથી. દરેકને વાઇટ કૉલર જૉબમાં રસ વધુ છે જે થોડાઘણા ટક્યા છે તેઓ દલિત અને પછાત વર્ગના આદિવાસીઓ છે. નવો લેબર ફોર્સ હવે આવતો જ નથી.

અહીં પાવરની અનિયમિતતા તો વર્ષોથી છે. એમાં છેલ્લાં કેટલાંક વર્ષમાં નવી ઇન્ડસ્ટ્રી આવવાથી ખપત બહુ વધી ગઈ છે અને એ પ્રમાણમાં મુંબઈની સરખામણી કરીએ તો MSEB સાવ જ ખાડે ગઈ છે. આજની તારીખમાં એ ૭૫,૦૦૦ કરોડ રૂપિયાની ખોટ કરતું સરકારી યુનિટ છે જેની પાસે મેઇન્ટેનન્સ કરવાના પૈસા જ નથી. અહીં થાંભલા પર DP બેસાડીને પાવર સપ્લાય થાય છે. વરસાદમાં વાયર કટ થતાં પાવર ઠપ થઈ જાય છે. વળી લિમિટેડ સ્ટાફને કારણે રાતે મેઇન્ટેનન્સ થતું નથી. એથી પ્લાસ્ટિકની એવી ઘણી ઇન્ડસ્ટ્રી છે જે ૨૪ કલાક ચાલુ હોય છે એમનું પ્રોડક્શન અટકી જાય છે.

આ ઉપરાંત વસઈમાં ફૅક્ટરી ધરાવતા અને મુંબઈમાં રહેતા મૅન્યુફૅક્ચરરો માટે ટ્રાન્સપોર્ટનો પ્રૉબ્લેમ પણ બહુ મોટો છે. હાઇવે પર ફાઉન્ટન હોટેલથી વસઈ આવતા રોડની કન્ડિશન બહુ ખરાબ છે. એટલું અંતર પાર કરતાં એકથી દોઢ કલાક લાગે છે. સાંજના પાછા જતી વખતે બેથી અઢી કલાક લાગે છે જેને કારણે લોકો કંટાળી જાય છે. પેટ્રોલ-ડીઝલનો વેડફાટ, સમયની બરબાદી અને લોકો થાકી જાય છે. હવે શેઠિયાઓ તેમની ઇન્ડસ્ટ્રી વેચી રહ્યા છે. તે લોકો ફિઝિકલી અને મેન્ટલી થાકી ગયા છે. તેમની નવી પેઢી ફૉરેનમાં સેટલ થાય છે. કોઈને અહીં આટલી બધી હાડમારી સાથે ધંધો કરવો નથી. લોકો ફૅક્ટરી વેચી, થોડી બચત અને ફૅક્ટરીના પૈસા શૅરબજારમાં રોકી કે બૅન્કમાં મૂકીને એના વ્યાજ પર શાંતિથી જીવવાનું પ્રિફર કરી રહ્યા છે અને આ હકીકત છે. વસઈમાં માઇક્રો, સ્મૉલ ઍન્ડ મિડિયમ ઇન્ડસ્ટ્રીનાં વળતાં પાણી છે. જે લોકો ઑટોમેશનમાં ગયા છે તેમને ખર્ચા કાઢવો ભારે પડે છે, બ્રેક-ઈવન માંડ-માંડ આવે છે.

એના પર સરકારી અધિકારીઓની કનડગત અને કરપ્શન માઝા મૂકે છે. આ ઇન્ડસ્ટ્રીઓ બની ત્યારે ફાયર સેફ્ટી કે અન્ય નિયમો અલગ હતા. હવે એમાં ચેન્જિસ આવ્યા છે. એને લઈને સરકારી કર્મચારીઓ મૅન્યુફૅક્ચરરોને દબડાવે છે અને કેસ કરવાની ધમકી આપીને પૈસા પડાવે છે. બહુ જ હેરાનગતિ છે. જૂનાં બિલ્ડિંગો રીડેવલપ થતાં નથી, કારણ કે ૧.૮ની જ ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ (FSI) છે એટલે બિલ્ડરો આવતા નથી. નવાં બિલ્ડિંગો બને તો નવી ફાયર ફાઇટિંગ સિસ્ટમ નખાય, હોઝ પાઇપ નખાય; જે હવે ડિફિકલ્ટ છે. આમ એક વખત જે ઇન્ડસ્ટ્રીઓ ધમધમતી હતી એ હવે એક નહીં પણ અનેક મુશ્કેલીઓને લઈને ઓછી થઈ રહી છે.

*લેખક વસઈ ઇન્ડસ્ટ્રિયલ મૅન્યુફૅક્ચરર્સ વેલ્ફેર અસોસિએશનના પ્રેસિડન્ટ છે.*

## ખેતીમાં પેસ્ટિસાઇડનો ઉપયોગ વધી રહ્યો છે

# ઉદાસીનતા વિનાશ નોતરશે

કૉમોડિટી વૉચ



મયૂર મહેતા

**બેફામ પેસ્ટિસાઇડના ઉપયોગથી ઘર-ઘરમાં કૅન્સરનો વ્યાપ વધતાં પ્રતિબંધની સુપ્રીમ કોર્ટ સમક્ષ ડિમાન્ડ : વિશ્વમાં ભારત સહિત ૧૬૮ દેશોમાં પેસ્ટિસાઇડથી થતી ઝેરી ખેતીથી માનવજીવન પર સતત વધતો ખતરો**



**ખેતીમાં** પેસ્ટિસાઇડનો ઉપયોગ ખતરનાક રીતે કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે જેને કારણે ભારત સહિત અનેક દેશોમાં ઝેરની ખેતી વધી રહી છે અને માનવજીવન પર સતત ખતરો વધી રહ્યો છે. ભારતમાં પેસ્ટિસાઇડના ઉપયોગથી ઘર-ઘરમાં કૅન્સરનો વ્યાપ ખતરનાક રીતે આગળ વધી રહ્યો છે ત્યારે સ્વીદેશી આંદોનલ ચલાવતી સંસ્થાએ સુપ્રીમ કોર્ટ સમક્ષ ઝેર ફેલાવતા પેસ્ટિસાઇડના ઉપયોગ પર પ્રતિબંધની માગણી કરી છે. સરકાર પણ પેસ્ટિસાઇડના વધતા વ્યાપથી સામાન્યજનના આરોગ્ય પર વધી રહેલા ખતરાથી અવગત હોવાથી પગલાં લેવાનાં ચાલુ કર્યાં છે, પણ પેસ્ટિસાઇડ પર પ્રતિબંધ મૂકવાથી ખેડૂતોની ઊપજ ઘટવાનો ભય સામે દેખાતો હોવાથી સુપ્રીમ કોર્ટ અને સરકાર બન્ને આ મુદ્દે સાવચેતીથી આગળ વધી રહી છે, પરંતુ જે રીતે ખેતીમાં પેસ્ટિસાઇડના બેફામ ઉપયોગથી સમસ્યાઓનો રાફડો ફાટ્યો છે એ જોતાં આ મુદ્દે ઉદાસીનતા સેવવાથી વિનાશકારી પરિણામો સામે દેખાય રહ્યાં છે.

### ભારતમાં પેસ્ટિસાઇડનો ઉપયોગ

ભારતીય ખેતીમાં પેસ્ટિસાઇડનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, કારણ કે ભારતીય ખેડૂત ઍવરેજ અશિક્ષિત હોવાથી પેસ્ટિસાઇડના ઉપયોગનું પ્રમાણ જળવાતું નથી જેને કારણે ખેતપાકોને નુકસાન કરતાં કીટકો, ઇયળો, જીવાત વગેરેની પ્રતિકારક શક્તિ સતત વધી રહી હોવાથી ખેડૂતો આ કીટકો, ઇયળો અને જીવાતનો નાશ કરવા પેસ્ટિસાઇડનો બેફામ ઉપયોગ કરી રહ્યા છે, જેનાથી ખેતપાકોમાં પેસ્ટિસાઇડનું ઝેર વધી રહ્યું છે. ભારતમાં ૩૧૮ જાતનાં પેસ્ટિસાઇડ રજિસ્ટર્ડ થયાં છે. આ રજિસ્ટર્ડ થયેલાં પેસ્ટિસાઇડમાંથી ૧૩૪ પેસ્ટિસાઇડ ઝેરી માલૂમ પડ્યાં હોવાથી એના પર પ્રતિબંધ મૂકવાની સુપ્રીમ કોર્ટમાં માગ થઈ છે. ભારતમાં સૌથી વધુ પેસ્ટિસાઇડનો ઉપયોગ ઉત્તર પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત અને તામિલનાડુમાં થાય છે.

### પેસ્ટિસાઇડ પર પ્રતિબંધની મોહિમ

સ્વદેશી આંદોલન ચલાવતા ઍક્ટિવિસ્ટ કે. વી. બીજુએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી કે હાલ ભારતમાં વપરાતાં પેસ્ટિસાઇડમાંથી ૧૩૫ પેસ્ટિસાઇડના ઉપયોગ વિશે સર્વે કરવામાં આવે. અગાઉ ૨૦૧૩માં અન્ય એજન્સીએ પણ ભારતમાં ૬૬ પેસ્ટિસાઇડના વપરાશ પર પ્રતિબંધ મૂકવાની સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. પેસ્ટિસાઇડના વધુપડતા ઉપયોગથી આમપ્રજામાં વિરોધ વધતાં ૨૦૨૦માં સરકારે પણ ૨૭ પેસ્ટિસાઇડના વપરાશ પર પ્રતિબંધ મૂકવા માટે એક કમિટીની રચના કરી હતી. કમિટીએ ૨૦૨૩માં ૨૭માંથી માત્ર ત્રણ પેસ્ટિસાઇડ પર પ્રતિબંધ મૂકવાને યોગ્ય ઠેરવ્યું હતું, જ્યારે અન્ય ૨૪ પેસ્ટિસાઇડ પર પ્રતિબંધ મૂકવાથી ખેતઊપજ ઘટવાનો ભય કમિટીએ બતાવ્યો હતો. ઉપરાંત કેટલીક ખેડૂત-સંસ્થાઓએ પણ પેસ્ટિસાઇડના ઉપયોગ પર પ્રતિબંધનો વિરોધ કર્યો હોવાથી સરકાર પણ પગલાં લેતાં ડરી રહી છે. ભારત સરકારે ૨૦૨૦માં પેસ્ટિસાઇડ મૅનેજમેન્ટ બિલ પણ બનાવ્યું હતું જેનો ધ્યેય પેસ્ટિસાઇડના બેફામ ઉપયોગ પર લગામ મૂકવાનો હતો.

### વિશ્વમાં પેસ્ટિસાઇડનો ખતરો

તાજેતરમાં કરવામાં આવેલા સર્વે અનુસાર વિશ્વના ૧૬૮ દેશોમાં પેસ્ટિસાઇડના બેફામ ઉપયોગથી માનવજીવન પર સતત ખતરો વધી રહ્યો છે. એશિયાના દેશોમાં પેસ્ટિસાઇડનો ખતરો સૌથી વધુ છે. નૅચરલ જિયોસાયન્સ બૅનર હેઠળ કરાયેલા સર્વેમાં ખેતીમાં વપરાતા પેસ્ટિસાઇડમાં ૯૨ કેમિકલ અત્યંત ઝેરી છે જેનાથી આરોગ્ય પર સતત ખતરો વધી રહ્યો છે. ઝેરી કેમિકલ ધરાવતા પેસ્ટિસાઇડના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને પાણી પણ ઝેરી થઈ રહ્યું છે. પેસ્ટિસાઇડમાં વપરાતા ઝેરી કેમિકલથી હાલ વિશ્વની ૬૪ ટકા ખેતીલાયક જમીન પર સતત જોખમ વધી રહ્યું છે. યુનિવર્સિટી ઑફ સિડની રિસર્ચ અસોસિએશનના વડાએ આ સર્વે બાદ જણાવ્યું હતું કે પેસ્ટિસાઇડના સતત વધતા વપરાશથી માનવઆરોગ્ય ઉપરાંત પર્યાવરણને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે. પેસ્ટિસાઇડના વધુપડતા ઉપયોગનું જોખમ ઝડપથી આગળ વધી રહ્યું હોવાથી વૈજ્ઞાનિકોએ સમગ્ર વિશ્વનું ઍગ્રિકલ્ચર મૉડલ ધરમૂળથી ફેરફાર કરવાનો હાઇટાઇમ આવી ચૂક્યો હોવાનું સર્વેના અંતે જણાવાયું છે. યુનિવર્સિટી ઑફ મૈસૂરના રિસર્ચ ઍનલિસ્ટે પેસ્ટિસાઇડના વધુપડતા ઉપયોગ પર કરેલા રિસર્ચમાં જણાવ્યું છે કે વિશ્વમાં કેમિકલ પેસ્ટિસાઇડના વપરાશથી દર વર્ષે કરોડો લોકો કૅન્સર જેવા રોગના શિકાર બની રહ્યા છે અને તેમાના અનેક લોકોનાં મોત થઈ રહ્યાં છે.

### ભારતીય કૃષિ ઉત્પાદનનું વધતું ચેકિંગ

**ભારતીય** કૃષિ પાકોમાં પેસ્ટિસાઇડનું પ્રમાણ કૂદકે ને ભૂસકે વધી રહ્યું હોવાથી વિશ્વના અનેક દેશોએ ભારતીય કૃષિ ઉત્પાદનનું ચેકિંગ અનેકગણું વધાર્યું છે. ભારતમાંથી સાઉથ કોરિયા વર્ષોથી તલની આયાત કરી રહ્યું છે અને સાઉથ કોરિયાની તલની ખરીદીમાં ભારતીય તલનો હિસ્સો ૮૦થી ૯૦ ટકા રહેતો હતો એ છેલ્લા એક વર્ષથી ઘટીને પચીસથી ૩૦ ટકા થયો છે, કારણ કે ભારતીય તલમાં પેસ્ટિસાઇડનું પ્રમાણ વધતાં સાઉથ કોરિયાની સરકારે ૫૩૪ પ્રકારના પેસ્ટિસાઇડનું ટેસ્ટિંગ ચાલુ કરતાં હવે ભારતીય તલ રિજેક્ટ થવાનું પ્રમાણ ત્રણથી ચાર ગણું વધ્યું છે. ગયા વર્ષે વિયેટનામે ભારતીય સિંગદાણાનાં ૫૦૦થી ૬૦૦ કન્ટેનર વધુપડતા પેસ્ટિસાઇડના ઉપયોગથી એફ્લાટૉક્સિનનું પ્રમાણ વધુ હોવાથી રિજેક્ટ કર્યાં હતાં. જપાને વર્ષો અગાઉથી ભારતીય તલ પર પ્રતિબંધ મૂક્યો છે. ઇજિપ્ત સહિત ૩૪ દેશોએ ભારતીય જીરુંમાં પેસ્ટિસાઇડનું પ્રમાણ વધુ હોવાથી આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. તાજેતરમાં ભારતીય મસાલામાં ઝેરી તત્ત્વો હોવાનું સિંગાપોર અને હૉન્ગકૉન્ગની એજન્સીએ રિપોર્ટમાં આપ્યું હતું. યુરોપિયન યુનિયનની ગવર્નમેન્ટ ઑથોરિટી ખાદ્યસામગ્રીમાં પેસ્ટિસાઇડના પ્રમાણ વિશે વધુપડતી સજાગ હોવાથી અનેક ભારતીય કૃષિ પ્રોડક્ટની આયાત પર વારંવાર નિયંત્રણો મૂકી રહી છે.

### લોકજાગૃતિ અને અભિયાનની તાતી જરૂર

સમગ્ર દેશમાં કેમિકલ પેસ્ટિસાઈડના બેફામ વપરાશથી ખાદ્યસામગ્રીમાં વધતા ઝેરના પ્રમાણને નાબૂદ કરવા લોકજાગૃતિ અને અભિયાન શરૂ કરવાની તાતી જરૂરિયાત છે. ખતરનાક ઝેરીલા કેમિકલયુક્ત પેસ્ટિસાઈડનો ખેતીમાં બેફામ વપરાશ કૅન્સર અને અન્ય રોગોનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે એના નિવારણ માટે હવે મોડું કરવું પાલવે એમ નથી. ગુજરાતના રાજ્યપાલ દેવવ્રત આચાર્ય દ્વારા ગામેગામ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરવાનું અભિયાન ચાલુ થયું છે એવું અભિયાન દેશના ખૂણે-ખૂણે શરૂ થાય એ જરૂરી બન્યું છે.

# ટોટલટાઇમપાસ

**જાણવા જેવું**

કરીના કપૂર ખાનની પહેલી ફિલ્મ 'રેફ્યુજી' રિલીઝ થઈ એને ગઈ કાલે ૨૪ વર્ષ પસાર થયાં છે છતાં કરીના કહે છે કે હજી સુધી મારો બેસ્ટ પર્ફોર્મન્સ આવવાનો બાકી છે.

## અમિતાભ બચ્ચનને વેટરન કહું કે ફ્રેશ ઍક્ટર કહું?

### 'કલ્કિ 2898 AD'માં અમિતાભ બચ્ચનના પર્ફોર્મન્સને જોઈને આવું કહ્યું કમલ હાસને



'કલ્કિ 2898 AD' ગુરુવારે રિલીઝ થઈ છે. એ ફિલ્મમાં અશ્વત્થામાના રોલમાં અમિતાભ બચ્ચન જોવા મળી રહ્યા છે. ફિલ્મમાં તેમની સાથે પ્રભાસ, દીપિકા પાદુકોણ, કમલ હાસન અને દિશા પાટણી પણ છે. અમિતાભ બચ્ચનની ભૂમિકાની પ્રશંસા કરતાં કમલ હાસન કહે છે, 'મને સમજમાં નથી આવતું કે હું તેમને વેટરન કહું કે ફ્રેશ ઍક્ટર કહું. તેમણે એટલી સરસ રીતે પોતાના પાત્રમાં પ્રાણ પૂર્યા છે. એવું લાગે છે કે આ ફિલ્મ બાળકો માટે બનાવવામાં આવી છે. હવે એમ નહીં કહેતા કે સફેદ વાળવાળી વ્યક્તિ આ ફિલ્મ કેવી રીતે એન્જૉય કરી શકે છે. આ ફિલ્મ દરેકની અંદર રહેલા બાળકની યાદ અપાવશે. આ ફિલ્મ દ્વારા એક સારો પ્રયાસ કરવામાં આવ્યો છે અને હું ખુશ છું કે આ ફિલ્મમાં મેં કામ કર્યું છે. આ જર્ની આગળ પણ ચાલુ રહેવાની છે.'

## કલ્કિ 2898 ADની સીક્વલ માટે થઇ જાઓ તૈયાર : ફિલ્મનું ૬૦ ટકા શૂટિંગ પૂરું



'કલ્કિ 2898 AD'ના બીજા પાર્ટનું શૂટિંગ ૬૦ ટકા પૂરું થયું હોવાની માહિતી ડિરેક્ટર નાગ અશ્વિને આપી છે. ફિલ્મના મોટા ભાગનું શૂટિંગ હજી બાકી છે. ફિલ્મને ક્યારે રિલીઝ કરવામાં આવશે એની તારીખ હજી સુધી નક્કી નથી કરવામાં આવી. ફિલ્મને વૈજયંતી મૂવીઝે પ્રોડ્યુસ કરી છે. એ વિશે સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ ઍક્સ પર લખવામાં આવ્યું છે કે "'કલ્કિ 2898 AD'ના બીજા ભાગનું ૬૦ ટકા શૂટિંગ પૂરું કરી લેવામાં આવ્યું છે. મોટા ભાગનું શૂટિંગ હજી બાકી છે. ફિલ્મની રિલીઝની તારીખ હજી સુધી નક્કી નથી કરી.'



## વર્કોહોલિક શ્રદ્ધા

### તબિયત ઠીક ન હોવા છતાં કામ માટે તે લખનઉ ગઈ

**શ્રદ્ધા** કપૂરની તબિયત સારી નથી છતાં તે કામ માટે ઘરની બહાર નીકળી છે. પોતાનાં પ્રોફેશનલ કમિટમેન્ટ્સને મહત્ત્વ આપતાં તે લખનઉ ગઈ છે. એની માહિતી તેણે ઇન્સ્ટાસ્ટોરી પર આપી છે. તેણે ફ્લાઇટની અંદરનો પોતાનો ફોટો શૅર કર્યો છે અને પોતાની હેલ્થને ધ્યાનમાં રાખતાં ચહેરા પર તેણે માસ્ક પહેરી રાખ્યો છે. આ ફોટોને ઇન્સ્ટાસ્ટોરી પર શૅર કરીને શ્રદ્ધાએ કૅપ્શન આપી, 'તબિયત ડાઉન લેકિન લખનઉ આના હૈ તો આના હૈ.'

## ત્રણ દિવસમાં સૌથી વધુ બિઝનેસ કરનારી આ વર્ષની ફિલ્મ બની કલ્કિ 2898 AD

**પ્રભાસ** અને દીપિકા પાદુકોણની ગુરુવારે રિલીઝ થયેલી ફિલ્મ 'કલ્કિ 2898 AD'એ ત્રણ દિવસમાં ધરખમ બિઝનેસ કર્યો છે અને ૨૦૨૪ની સૌથી વધુ બિઝનેસ કરનારી એ ફિલ્મ બની ગઈ છે. ત્રણ દિવસમાં આ ફિલ્મ બસો કરોડની ક્લબમાં સામેલ થઈ ગઈ છે. ફિલ્મને નાગ અશ્વિને ડિરેક્ટ કરી છે. ફિલ્મ દેશ અને દુનિયામાં ધૂમ મચાવી રહી છે. આ સાયન્સ ફિક્શન ફિલ્મ લોકોને ખૂબ પસંદ પડી રહી છે. આ ફિલ્મ હિન્દીની સાથે સાઉથની અન્ય ભાષાઓમાં પણ રિલીઝ થઈ છે. ત્રણ દિવસના કલેક્શન પર નજર નાખીએ તો હિન્દીમાં કુલ ૭૨.૫ કરોડ રૂપિયા, તેલુગુમાં ૧૨૬.૯ કરોડ, તામિલમાં ૧૨.૮ કરોડ, મલયાલમમાં ૬.૭ કરોડ અને કન્નડમાં ૧.૧ કરોડની સાથે ટોટલ ૨૨૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.

**415**

'કલ્કિ 2898 AD'એ ત્રણ દિવસમાં દુનિયાભરમાં કર્યો આટલા કરોડ રૂપિયાનો બિઝનેસ.

## સીક્રેટ ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ ચલાવે છે સૈફ અલી ખાન



**સૈફ** અલી ખાને સ્વીકાર્યું છે કે તે સીક્રેટલી ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ ચલાવે છે. તે પોતાની લાઇફને પ્રાઇવેટ રાખવા માગે છે અને સોશ્યલ મીડિયાથી તેને દૂર રહેવું ગમે છે. જોકે તે ક્યારેક ઇન્સ્ટાગ્રામ પર એક નજર મારી લે છે. જોકે તેનું એમ પણ માનવું છે કે તે સોશ્યલ મીડિયામાં ઍક્ટિવ નથી એથી કોઈ તેને કોઈ વસ્તુ પ્રમોટ કરવા નથી કહેતું એથી એ વાતની તેને નિરાંત છે. તેનું માનવું છે કે ઇન્સ્ટાગ્રામ ધ્યાન ભટકાવનારું, સમયની બરબાદી અને એક લત જેવું છે. સીક્રેટ અકાઉન્ટ હોવાનો એકરાર કરતાં સૈફ કહે છે, 'મારી પાસે ઇન્સ્ટાગ્રામ ઍપ છે અને સીક્રેટ અકાઉન્ટ પણ છે. હું ક્યારેક એના પર નજર મારું છું પરંતુ મને એ એટલું ગમતું નથી. હું પોતાને જ એ ડિલીટ કરવાનું પ્રૉમિસ આપું છું, પરંતુ ડિલીટ નથી કરતો.'


**પશ્ચિમ રેલવે**

**મટિરિયલ મૅનેજમેન્ટ વિભાગ**
**ઈ-ઓક્શન વેચાણ પ્રોગ્રામનું શુદ્ધિપત્ર**

**પી.વે અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે જુલાઈ ૨૦૨૪ દરમ્યાન વધારાનું ઈ-ઓક્શન વેચાણ પ્રોગ્રામ રદ્દ**

ઈ-ઓક્શન વેચાણ નોટિફિકેશન નં.: એસ૩/ઓક્શન પ્રોગ્રામ-૨/જુલાઈ-૨૦૨૪ તારીખ ૨૦.૦૬.૨૦૨૪. નીચેનો પી. વે સ્ક્રેપ મટિરિયલના નિકાસનો વધારાનો ઈ-ઓક્શન પ્રોગ્રામ જુલાઈ ૨૦૨૪ માં રદ્દ કરેલ છે.

| ડેપો | જુલાઈ ૨૦૨૪ નો વધારાનો ઈ-ઓક્શન પ્રોગ્રામ રદ્દ | ડિવિઝનલ અધિકારી પ્રભારી | સંપર્ક નં. |
|---|---|---|---|
| દાહોદ | ૦૧/૦૭/૨૦૨૪ | ડેપ્યુટી ચીફ મટિરિયલ મેનેજર - દાહોદ | 02673241295<br>09724090455 |

અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. વધુ જાણકારી માટે મટિરિયલ મેનેજમેન્ટ વિભાગની પશ્ચિમ રેલવેની વેબસાઈટ www.wr.indianrailways.gov.in અને ઈ-ઓક્શન પોર્ટલ www.ireps.gov.in ની મુલાકાત લેવી.

(No. SIII/Auction Programme-3/JULY 2024 Dt. 28/06/2024) 0293

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly



**બાલાશિનોર દશાનિમા વણિક**



અવતરણ
તા. ૨૧-૧૧-૧૯૫૧

ગો. વા.
તા. ૨૫-૦૬-૨૦૨૪

**સ્વ. મહેશકુમાર નટવરલાલ મોદી**

માતા-પિતા : સ્વ. તારાબેન નટવરલાલ મોદી (શહેરાવાળા)
સાસુ-સસરા : સ્વ. લીલાબેન બાબુલાલ કડકિયા (લટકારી)
ધર્મપત્ની : શ્રીમતી રીટાબેન મહેશકુમાર મોદી
ભાઇ-ભાભી : સ્વ. દિનેશ-શ્રીમતી સ્નેહલ
બેન-બનેવી : અનિલાબેન-ભગીરથકુમાર, રક્ષાબેન-જીતેન્દ્રકુમાર
પુત્ર-પુત્રવધુ : સૌમિલ-હેતલ, રૂણિત-માનસી
પૌત્ર-પૌત્રી : પૃથ્વીજ, શ્રિયા, દિનાલી

: પ્રાર્થનાસભા :
સોમવાર, તા. ૦૧-૦૭-૨૦૨૪, સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે

: સ્થળ :
પાટીદાર સમાજ હોલ - ૧લે માળે
ફ્રેન્ચ બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઇ - ૪૦૦ ૦૦૭.

બારમા-તેરમાની પ્રથા તેમજ લોકીક વહેવાર સદંતર બંધ છે.

: Firm :
**Mahesh Industries**





નિષ્ફળતાને ફિલોસૉફર માનીને આયુષમાને કહ્યું...

# કરીઅરની શરૂઆતમાં નિષ્ફળતાનો સ્વાદ ચાખવો જરૂરી છે



**આયુષમાન** ખુરાના લાઇફમાં નિષ્ફળતાને પણ એટલું જ મહત્ત્વ આપે છે જેટલું સફળતાને આપે છે. તેનું કહેવું છે કે શરૂઆતમાં જો નિષ્ફળતાનો અનુભવ થયો હોય તો ભવિષ્યમાં નિષ્ફળતા મળે તો એનો સામનો કરી શકાય છે. આયુષમાને ૨૦૧૨માં આવેલી ‘વિકી ડોનર’થી બૉલીવુડમાં એન્ટ્રી કરી હતી. ત્યાર બાદ એક પછી એક એમ તેની ત્રણ ફિલ્મો ફ્લૉપ રહી હતી. એથી નિષ્ફળતાને પણ સકારાત્મકતાથી લેતાં આયુષમાન કહે છે, ‘મને એવું લાગે છે કે તમે જ્યારે નિષ્ફળતાનો દૃઢતાથી સામનો કરો છો તો એમાંથી તમે ઘડાઈને આવો છો. નિષ્ફળતા ફ્રેન્ડ્સ, ફિલોસૉફર અને માર્ગદર્શક છે. જો તમારી કરીઅરની શરૂઆતમાં તમને નિષ્ફળતાનો અનુભવ ન થાય તો ઉંમરના ચોક્કસ પડાવ પર એનો સામનો કરવો મુશ્કેલ બની જાય છે. મારી પહેલી ફિલ્મ બાદ મારી ત્રણ ફિલ્મો એક પછી એક ફ્લૉપ ગઈ હતી. ‘વિકી ડોનર’ બાદ મારા ચોક્કસ માપદંડ હતા, પરંતુ મને એવા પ્રકારની ફિલ્મો નહોતી મળતી. બાદમાં મને ‘દમ લગા કે હઈશા’ મળી અને ફરીથી મારી જર્નીની શરૂઆત થઈ. ત્યાર બાદ તો મારી ૮ ફિલ્મો સુપરહિટ બની. એથી માત્ર એકલા ઍક્ટરના હાથમાં જ બધું નથી હોતું. તમને કેવા સ્ક્રિપ્ટ-રાઇટર્સ મળે છે અને તમે કેવી ફિલ્મો પસંદ કરો છો એના પર પણ આધાર રાખે છે.’



અમર સિંહ ચમકીલા બાદ આવેલા પરિવર્તન વિશે પરિણીતિએ કહ્યું...

# ડિરેક્ટરો હવે સામે ચાલીને કૉલ કરીને મારી સાથે કામ કરવા માગે છે

**પરિણીતિ** ચોપડાની ‘અમર સિંહ ચમકીલા’ ૧૨ એપ્રિલે નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી. એ ફિલ્મમાં પરિણીતિએ પોતાના રોલ માટે ૧૬ કિલો વજન વધાર્યું હતું. આ રોલ માટે તેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. પરિણીતિએ જણાવ્યું કે હવે ડિરેક્ટરો મારી સાથે કામ કરવા માટે સામે ચાલીને કૉલ કરે છે. આ ફિલ્મ બાદ આવેલા પરિવર્તન વિશે પરિણીતિ કહે છે, ‘આ ફિલ્મ બાદ મારી સાથે ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે કે મને ફિલ્મમેકર્સના સામેથી કૉલ્સ આવે છે. તેઓ કહે છે કે આ ફિલ્મમાં અમે તને જે રીતે જોઈ છે એવી અગાઉ કદી નથી જોઈ. હવે તેઓ મને આવી જ સ્ક્રિપ્ટ મોકલે છે અને આવા રોલ પણ ઑફર કરે છે. એ ડિરેક્ટરો પણ મને કૉલ કરે છે જેમણે કદી વિચાર્યું નહોતું કે તેઓ મારી સાથે કામ કરી શકે છે. હવે વાતાવરણ એકદમ અલગ છે. તેમને પણ અહેસાસ થયો છે કે મેં એક સફળ ફિલ્મ કરી છે.’

# મિર્ઝાપુર 3 માટે કોઈ પણ કચાશ બાકી નહોતી રાખી અલી ફઝલે

**અલી** ફઝલની વેબ-સિરીઝ ‘મિર્ઝાપુર 3’ ઍમૅઝૉન પ્રાઇમ વિડિયો પર પાંચ જુલાઈએ રિલીઝ થવાની છે. એ શોમાં તે ગુડ્ડુ ભૈયાના રોલમાં દેખાવાનો છે. પોતાના આ રોલ માટે અલીએ જિમમાં સખત ટ્રેઇનિંગ લીધી હતી. એની નાનકડી વિડિયો-ક્લિપ તેણે શૅર કરી હતી. એમાં દેખાય છે કે તે હેવી વેઇટ ઉઠાવે છે અને પુશ-અપ્સ પણ કરે છે. પોતાના પાત્રમાં પ્રાણ પૂરવા માટે તે કોઈ કચાશ નથી બાકી રાખવા માગતો. એ વિડિયો જોઈને તેના સમર્પણની તેના ફૅન્સ પ્રશંસા કરી રહ્યા છે. ગુડ્ડુ ભૈયા બનવા માટે તેણે ખૂબ મહેનત કરી છે. એ વિડિયો-ક્લિપ ઇન્સ્ટાગ્રામ પર શૅર કરીને અલીએ કૅપ્શન આપી, ‘આ થોડી ક્લિપ્સ છે ‘મિર્ઝાપુર 3’ના રોલ માટેના ટ્રેઇનિંગ સેશનની.’




# હૉલિડે પર નીકળ્યાં છે આમિર અને કિરણ




**આમિર** ખાન અને કિરણ રાવ તેમના દીકરા આઝાદ સાથે વેકેશન પર ઊપડ્યાં છે. ૨૦૦૫માં આમિર અને કિરણે લગ્ન કર્યાં હતાં. ૧૫ વર્ષ બાદ બન્ને લગ્નજીવનનો અંત લાવ્યાં હતાં. એ લગ્નજીવનમાં તેમને આઝાદ નામનો એક દીકરો છે. દીકરા માટે આ બન્ને અનેક વખત સાથે આવે છે. તેઓ અનેક ફૅમિલી-ફંક્શન અને તહેવારોને સાથે મળીને સેલિબ્રેટ કરે છે. તદુપરાંત ફિલ્મોને લઈને પણ તેઓ સાથે જ કામ કરે છે. હવે આ ત્રણેય સાથે ફરવા નીકળ્યાં છે અને એનો ફોટો ઇન્સ્ટાસ્ટોરી પર શૅર કરીને કિરણ રાવે કૅપ્શન આપી, રાવ-ખાન હૉલિડે.



# અઢી વર્ષના દીકરાના મૃત્યુ બાદ દિવસની ૬૦ સિગારેટ પીતો હતો નાના પાટેકર : ગંદી વાસને કારણે લોકો તેની સાથે નહોતા બેસતા

**નાના** પાટેકરે પર્સનલ લાઇફને લઈને જૂની વાતો વાગોળી હતી. તેના અઢી વર્ષના દીકરાના અવસાન બાદ તે દિવસની ૬૦ સિગારેટ પીતો હતો. તેના દીકરાને જન્મથી જ એક આંખે ઓછું દેખાવાની તકલીફ હતી. તેનું નામ તેમણે દુર્વાસા રાખ્યું હતું. દીકરાને યાદ કરતાં નાના પાટેકર કહે છે, ‘મારા મોટા દીકરાને એક આંખે ઓછું દેખાતું હતું. હું જ્યારે તેની તરફ જોતો તો મારા મનમાં હંમેશાં એક જ સવાલ આવતો કે લોકો મારા વિશે શું વિચારશે કે મારો દીકરો આવો દેખાય છે. કલ્પના કરો કે હું કેટલો ભયાનક માણસ છું. મને મારા દીકરાની નહીં, પરંતુ મારી ચિંતા થતી હતી. અઢી વર્ષની ઉંમરે તેનું અવસાન થયું હતું, પરંતુ તેણે મને ઘણું શીખવાડ્યું હતું. એ વખતે હું રડ્યો નહોતો. હું માત્ર ફિલ્મોમાં જ રડ્યો છું અને એ પણ પૈસા માટે. એ સમયે હું દિવસની ૬૦ સિગારેટ ફૂંકતો હતો. નહાતી વખતે પણ હું સિગારેટ પીતો હતો. એની ગંદી વાસને કારણે કોઈ મારી સાથે કારમાં પણ નહોતા બેસતા. મેં સિગારેટ ખૂબ સ્મોક કરી છે.’

# કોરિયોગ્રાફર શામક દાવર સાથેની મુલાકાત ડરામણી હતી રામ ગોપાલ વર્મા માટે

## મારા મૃત પિતાના આત્મા સાથે વાત કરી હતી શામકે

**રામ** ગોપાલ વર્માએ કેટલીક હૉરર ફિલ્મો ‘ભૂત’, ‘રાત’, ‘ડરના ઝરૂરી હૈ’ અને ‘ફૂંક’ બનાવી હતી. જોકે કોરિયોગ્રાફર શામક દાવર સાથે ભૂતકાળમાં થયેલી મુલાકાત તેણે યાદ કરી છે. એ અનુભવ તેને માટે ડરામણો હતો, કેમ કે રામ ગોપાલ વર્માના મૃત પિતાના આત્માને શામકે ફ્લાઇટમાં જોયો હતો. એ ઘટનાને યાદ કરતાં રામ ગોપાલ વર્મા કહે છે, ‘અમારી ફ્લાઇટ ઊપડી અને દિવસના અજવાળામાં શામકે મને અચાનક પૂછ્યું તમારા પિતાનું નિધન થયું છે? આ એક સામાન્ય વાત હતી અને એ સાચી પણ હતી. ૧૫ દિવસ પહેલાં જ તેમનું નિધન થયું હતું એટલે મેં હા પાડી. પછી તેણે જણાવ્યું કે ‘તેઓ હમણાં વિન્ડો સીટ પાસે હતા.’ તેણે મારી તરફ જોયું અને કહ્યું કે ‘તેઓ આપણી સાથે જ છે.’ એ સાંભળીને હું ચોંકી ગયો હતો. આવી વાતો કોઈ વિચિત્ર વ્યક્તિ કહે તો સમજમાં આવે, પરંતુ કોરિયોગ્રાફર પાસેથી આવી અપેક્ષા નહોતી રાખી.’





MANAV ENTERTAINMENTS
R.R.T. Road, Mulund (West), Mumbai - 400 080.
હેત પરિવાર
Entertainment Forever

સ્નેહીજનો,
માનવ એન્ટરટેઈનમેન્ટ અને હેત પરિવાર ૨૦૨૪ – ૨૦૨૫માં નવા વિચારો સાથે એન્ટરટેઈનમેન્ટ પ્રોગ્રામો આપ સહુની સમક્ષ લઈને આવી રહ્યા છીએ. આપ સર્વનો સહકાર અને સાથ અમને મળશે એવી અમારી આશા છે.

જુલાઈ ૨૦૨૪થી શરૂ થતા નવા ગ્રુપમાં
માનવ એન્ટરટેઈનમેન્ટ અને હેત પરિવાર
આખા વર્ષ દરમીયાન નીચે પ્રમાણે કુલ ૧૫ પ્રોગ્રામો આપશે



KALIDAS AUDITORIUM, MULUND (WEST)
JULY 2024 to JUNE 2025

★★ વર્ષના ૧૫ પ્રોગ્રામો ★★
નવા નાટકો, નવા મુવી, મ્યુઝિકલ નાઈટ, ધૂળેટી, ૩૧ ડિસેમ્બર નાઈટ જેવા વિવિધસભર કાર્યક્રમો એ પણ ટ્રાન્સફરેબલ

વર્ષ ૨૦૨૪ – ૨૦૨૫ માટે
લવાજમ દર કપલ દીઠ

| ROW | RATE |
|---|---|
| A & B | 18,000/- |
| C to G | 15,000/- |
| H to K | 12,000/- |
| L to O | 9,000/- |

HEAVY DISCOUNT ON SIDE SEATS & BALCONY
ALL PROGRAMS ON MONDAY TO SUNDAY, 9.00 P.M. SHOWS
FIX SEAT PROXY ALLOWED

મેમ્બરશીપ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે, તો વહેલામાં વહેલી તકે તમારી અને તમારા મિત્રો અને સગાવહાલાની મેમ્બરશીપ નોંધાવી લેશો જેથી કરીને તમારી પસંદગીની સીટ તમને મળી શકે.
ગ્રુપ બુકીંગ આવકાર્ય

જે પ્રોગ્રામમાં તમારી અનુકુળતા ના હોય તો બે દિવસ પહેલા જાણ કરવાથી એના બદલામાં બીજા પ્રોગ્રામમાં તમને એડજસ્ટ કરી આપવામાં આવશે.

મેમ્બરશીપ, ટિકિટ તથા ગ્રુપ બુકિંગ માટે સંપર્ક:
Kanti Gala (Manav): 93222 59510
Tushar Vora (Het) : 98201 13571

Theatrix

# ભૂલભુલૈયા 2ની સફળતાનું શ્રેય તબુને આપે છે અજય દેવગન



કાર્તિક આર્યનની ‘ભૂલભુલૈયા 2’ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી અને એ સુપરહિટ થઈ હતી. એમાં તબુએ પણ લીડ રોલ કર્યો હતો. અજય દેવગન એ ફિલ્મની સફળતાનું શ્રેય તબુને આપે છે. અજય દેવગન અને તબુ બેસ્ટ ફ્રેન્ડ હોવાની સાથે અનેક ફિલ્મોમાં પણ તેમણે સાથે કામ કર્યું છે. આમ છતાં અજય દેવગન કદી પ્રશંસા નથી કરતો એવું તબુનું કહેવું છે. એ વિશે તબુ કહે છે, ‘મને યાદ નથી કે તેણે કદી મારી પ્રશંસા કરી હોય. જો કદાચ મારી પીઠ પાછળ પ્રશંસા કરી હોય તો ખબર નહીં. જોકે ‘ભોલા’ના ટ્રેલર-લૉન્ચ વખતે અમે બધાં બેઠાં હતાં અને જમી રહ્યાં હતાં. એ જ વખતે અચાનક તેણે કહ્યું ‘‘ભૂલભુલૈયા 2’ તો ઈસકી વજહ સે ચલી હૈ.’ એ સાંભળીને તો હું ચોંકી ગઈ હતી.’

# વાઇરલ ફીવર થયો છે શત્રુઘ્ન સિંહાને



**શત્રુઘ્ન** સિંહાને વાઈરલ ફીવર થયો હોવાનું જાણવા મળ્યુ છે. તેમને કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં ઍડ્મિટ કરવામાં આવ્યા છે. આ વાતની માહિતી તેમના દીકરા લવ સિંહાએ આપી છે. શત્રુઘ્ન સિંહાની દીકરી સોનાક્ષી સિંહાનાં ૨૩ જૂને ઝહીર ઈક્બાલ સાથે લગ્ન થયાં છે. લગ્નના થોડા દિવસો બાદ જ સોનાક્ષીના ડૅડી શત્રુઘ્ન સિંહાની તબિયત બગડતાં તેમને હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. તેમના હાલચાલ પૂછવા માટે સોનાક્ષી અને ઝહીર હૉસ્પિટલમાં ગયાં હતાં. હવે તેમની હેલ્થ વિશે શત્રુઘ્ન સિંહાનો દીકરો લવ સિંહા કહે છે, ‘ડૅડીને વાઈરલ ફીવર છે અને થોડા દિવસોથી વીકનેસ આવતાં અમે તેમને હૉસ્પિટલમાં દાખલ કરવાનું નક્કી કર્યું હતું, જેથી ડૉક્ટર્સ તેમનું ચેકઅપ કરીને યોગ્ય સારવાર આપી શકે.’

# ડૅડી આમિર સાથે સરખામણીથી દૂર રહે છે જુનૈદ



**આમિર** ખાનના દીકરા જુનૈદ ખાને ‘મહારાજ’ ફિલ્મથી ઍક્ટિંગમાં એન્ટ્રી કરી છે. જુનૈદનું કહેવું છે કે તે પોતાને ડૅડી આમિરની જેમ ‘પર્ફેક્શનિસ્ટ’ નથી માનતો. સાથે જ ડૅડી સાથેની સરખામણીથી પણ પોતાને દૂર રાખે છે. એ વિશે જુનૈદ કહે છે, ‘દરેકને પોતાનું કામ જાતે કરવાનું હોય છે. દરેક માટે જીવન અલગ હોય છે. હું આ જર્ની પર છું અને એનો આનંદ લઈ રહ્યો છું.’

તેનું કહેવું છે કે આમિર પોતાની ફિલ્મોને એક ક્રિટિક તરીકે જુએ છે. જુનૈદની ફિલ્મ ‘મહારાજ’ જોયા બાદ આમિરનું શું રીઍક્શન હતું એ વિશે જુનૈદ કહે છે, ‘તેઓ એક દર્શક તરીકે ફિલ્મ જુએ છે અને એને એન્જૉય કરે છે. એથી તેમને ફિલ્મો ગમે છે. જોકે વાત જ્યારે તેમની પોતાની ફિલ્મોની આવે તો તેઓ એને દર્શક તરીકે નથી જોતા.’

# સલમાન માટે ગીત ગાવાની કઇ શરત છે અભિજિતની?



**સિંગર** અભિજિત ભટ્ટાચાર્યએ અનેક ઍક્ટર્સ જેવા કે શાહરુખ ખાન, આમિર ખાન, સુનીલ શેટ્ટી, સૈફ અલી ખાન, સની દેઓલ, સંજય દત્ત, અક્ષયકુમાર, અજય દેવગન, બૉબી દેઓલ અને ગોવિંદા માટે ફિલ્મોમાં અવાજ આપ્યો છે. સલમાન ખાન માટે તેણે ૧૯૯૭માં આવેલી ફિલ્મ ‘જુડવા’નું ‘ટન ટના ટન ટન ટન તારા’ ગીત ગાયું હતું. જોકે એ વખતે તે જ્યારે આ ગીતનું રેકૉર્ડિંગ કરવા ગયો ત્યારે તેને એમ લાગ્યું કે તે ગોવિંદા માટે ગીત ગાઈ રહ્યો છે. એ વખતે સ્ટુડિયોમાં હાજર રેકૉર્ડિસ્ટે કટાક્ષ કરતાં કહ્યું હતું કે ‘આપ ક્યૂં ગોવિંદા બને હુએ હો?’ સલમાન માટે ભવિષ્યમાં અવાજ આપવા વિશે તેને પૂછવામાં આવ્યું હતું. એનો જવાબ આપતાં અભિજિત ભટ્ટાચાર્ય કહે છે, ‘ક્યૂં નહીં ગાએંગે? શરત એ છે કે વો કિસી પાકિસ્તાની કો બુલા કે ડબ ના કર દે.’

# દેબિના દીકરીઓ સાથે ભેદભાવ કરે છે એ વાતને નકાર આપ્યો ગુરમીત ચૌધરીએ



**ગુરમીત** ચૌધરી અને દેબિના બૉનરજીને લિયાના અને દિવિશા નામની બે દીકરીઓ છે. એવામાં લોકોનું એવું માનવું છે કે દેબિના તેની એક દીકરી સાથે ભેદભાવ કરે છે. આ સાંભળીને દેબિનાને ખૂબ ખરાબ લાગે છે. એને જોતાં વાઈફ દેબિનાનો પક્ષ લેતાં ગુરમીત કહે છે, ‘આવી વાતોથી દેબિનાને માઠું લાગી આવે છે. એક મા પોતાનાં બાળકો સાથે કઈ રીતે ભેદભાવ કરી શકે? કોઈ મૂર્ખ જ આવું વિચારી શકે છે. દેબિનાને હું સમજાવું છું કે નકામા લોકો જ આવી વાતો કરે છે. સોશ્યલ મીડિયામાં કાંઈ પણ પોસ્ટ કરતાં પહેલાં તેઓ વિચારતા નથી. તેઓ જે કાંઈ કહે એની આપણી લાઈફ પર અસર ન થવી જોઈએ.

### ઍક્ટિંગમાં કરીઅર બનાવનારને મનીષા કોઇરાલાની સલાહ

# પૈસા અને ગ્લૅમર માટે ઇન્ડસ્ટ્રીમાં ન આવવું



**મનીષા** કોઈરાલાએ ઍક્ટિંગમાં કરીઅર બનાવનારને સલાહ આપી છે કે પૈસા અને ગ્લૅમરને જોઈને ઇન્ડસ્ટ્રીમાં ન આવવું. મનીષા કોઈરાલા હાલમાં જ સંજય લીલા ભણસાલીની ‘હીરામંડી : ધ ડાયમન્ડ બાઝાર’માં જોવા મળી હતી. ઍક્ટિંગમાં કરીઅર બનાવવા માગતા લોકોને શું સલાહ આપવા માગે છે એ વિશે પૂછતાં મનીષા કહે છે, ‘હું હંમેશાંથી કહેતી આવી છું કે ઍક્ટિંગ માટેનો પ્રેમ, સિનેમા માટેનો પ્રેમ અને એને લગતી કોઈ પણ બાબતને પ્રેમ કરતા હો તો જ ઇન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરવાનું સપનું જોવું. જો આ કારણ હશે તો તમારી સામે કોઈ પણ પરિસ્થિતિ આવશે, તમે એમાંથી બહાર નીકળી શકશો. ઘણા કલાકોની સખત મહેનત બાદ પણ તમારા ચહેરા પર સ્માઇલ હશે, કારણ કે તમે એ કામ કર્યું હશે જેને તમે પ્રેમ કરતા હો. જો એ કારણ નહીં હોય તો તમે ફક્ત પૈસા અને ગ્લૅમર પર ફોક્સ કરશો. જો એના પર ફોક્સ કરશો તો નિરાશા હાથ આવશે.’


મિડ-ડે એડ આપવા માટે સંપર્ક 6831 4800 / 6831 4848

# ક્લાસિફાઇડ્સ

## Holiday & Resorts




### જગ્યા આપવી છે

#### ભાંડુપ/મુલુંડ

**મુલુંડ**, વૈશાલી નગર નજીક ‘‘શ્રી’’ નગર થાણામાં, નવા બંધાતા ટાવરમાં ફ્લેટો - ૧ બેડ ૭૫ લાખ, ૨ બેડ ૧.૨૦ કરોડ, ૩ બેડ ૧.૬૦ કરોડ. સંપર્ક:- ‘‘શ્રી ગાયત્રી એસ્ટેટ એજન્સી’’ - 9821132565 30799975

#### મલાડ/કાંદિવલી

**બંગલો** વેચવાનો છે, કાંદિવલી ચારકોપ સેક્ટર - ૯માં ૧૦૦ મીટરનો મજબૂત બાંધકામ ધરાવતો બંગલો તાત્કાલિક વેચવાનો છે. : 9320907704 / 9004104055. 30808937

### મહિલાઓ માટે

**જૈન** પાઉભાજી મસાલો, પનીર ટીકા, ફ્રેન્કી, દાલફ્રાય - ‘‘એમ. મોતીલાલ મસાલાવાલા’’ - ભુલેશ્વર: 08169631554, Home Delivery: 09987922146. 30808631

### પેસ્ટ કંટ્રોલ

**ડીપી** પેસ્ટ કન્ટ્રોલ (૧૯૯૭) વાંદા, ઉધઈ, માંકડ, ઉંદર, સોફા, ફ્લેટ, ઑફિસ ક્લિનિંગ, વ્યાજબી દરે- ૯૩૨૨૫૦૪૧૭૭/ ૮૦૮૦૫૭૫૮૭૭. 30803085

**‘‘એસ પેસ્ટીસાઈડ’’** - ૧૯૯૩થી જાણીતા સોસાયટીના સ્પેશ્યાલિસ્ટ. ઉધઈ, વાંદા, માંકડથી છૂટકારો. કાંદિવલી - 9833523290, 9220789533, ચીરાબજાર - 9029181030. 30807478

### નોકરી ખાલી છે

**Required** experienced jewellery designer for mumbai and kolkata. Plse contact 9920476780 for further enquiries. 30808918

### પાર્ટટાઇમ જોબ

**કમાઓ** ૧૦ - ૧૫ લાખ, પાર્ટ/ફુલ-ટાઈમ ઑફિસ અથવા ઘરેથી એકત્રિતપણે કામ કરો. સંપર્ક- 8766534390. 30808876

**Earn** Lacs!! Working Part/ Full Time From Office/ Home. Age Above 40, Retired People. -9820663065 30808877

### હોલીડેઝ એન્ડ રિસોર્ટ્સ

### ટુર એન્ડ ટ્રાવેલ્સ






આ પબ્લિકેશનમાં પ્રગટ થતી કોઈ પણ જાહેરખબરના સંદર્ભમાં કોઈને પૈસા મોકલતાં પહેલાં, કોઈ ખર્ચ માથે લેતાં પહેલાં કે કોઈ પણ પ્રકારનો કરાર કરતાં પહેલાં વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવી ભલામણ કરવામાં આવે છે. ઍડ્વર્ટાઇઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ્સ અને સર્વિસિસ વિશે જે દાવાઓ કરવામાં આવે છે એના વિશે મિડ-ડે ઇન્ફોમિડિયા લિમિટેડ કોઈ જવાબદારી સ્વીકારતું નથી. ઍડ્વર્ટાઇઝરો પોતાના દાવાઓમાં ખરા ન ઊતરે એવા સંજોગોમાં કોઈ પણ પરિણામ માટે મિડ-ડે ઇન્ફોમિડિયા લિમિટેડના ડિરેક્ટરો, ટોચના મૅનેજરો, પ્રિન્ટર, પબ્લિશર અને તંત્રી જવાબદાર નહીં ગણાય. **મિડ-ડે ઇન્ફોમિડિયા લિમિટેડ**

# અજબગજબ

## બે સમુદ્રનો અનોખો સંગમ : પાણી મિક્સ કરો તો પણ રંગ જુદા-જુદા જ રહે છે





**નદીનો** સંગમ થાય ત્યારે બધી નદીઓ એક જ રંગે રંગાઈ જાય છે. જેમ કે પ્રયાગરાજમાં ત્રણ પવિત્ર નદીઓ ગંગા, યમુના અને સરસ્વતી એકરૂપ થઈ જાય છે. તમે આ ત્રણ નદીઓને અલગ નથી પાડી શકતા. જોકે હાલ સોશ્યલ મીડિયા પર બે સમુદ્રના સંગમની ચર્ચા થઈ રહી છે જેમાં તેઓ એકબીજાને મળે તો છે, પણ તેમનો રંગ અલગ-અલગ જ રહે છે. ‘ધ ક્રેઝી નૉર્થ સી’ પેજના વાઇરલ વિડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે ઍટલાન્ટિક અને પૅસિફિક મહાસાગરનો સંગમ થાય ત્યારે બન્ને પોતાના મૂળ રંગમાં પાછા આવી જાય છે. આ વિડિયો અલાસ્કાની ખાડીમાં બે સમુદ્ર વચ્ચેની આશ્ચર્યજનક વિપરીતતા દર્શાવે છે.

પૅસિફિક મહાસાગરનું સઘન, ગ્લૅસિયરથી ભરેલું ઠંડું પાણી ઍટલાન્ટિકના ગરમ, ખારા પાણી સાથે ભળે ત્યારે બન્નેના રંગમાં તફાવત જોવા મળે છે. આવા પાણીની ઘનતા ખારાશ અને તાપમાનમાં તફાવતને કારણે થાય છે. આ વિડિયોને બે કરોડથી વધુ વ્યુઝ મળ્યા હતા, જેમાં એક વ્યક્તિ બન્ને પાણીને એક પારદર્શક બૉટલમાં ભરે છે અને એનું મિશ્રણ કરે છે. આ વ્યક્તિ જેવું બૉટલને હલાવવાનું બંધ કરે છે કે બન્ને સમુદ્રનું પાણી પોતાના રૂપમાં પાછું આવી જાય છે. જોકે આ વિડિયો સાચો છે કે નહીં એ તો કોઈ નિષ્ણાત જ કહી શકે છે.



## બે બાળકોની મમ્મીએ એક કલાકમાં ૯૨૬ વખત મુશ્કેલ બર્પી એક્સરસાઇઝ કરીને રેકૉર્ડ તોડ્યો

**ચરબી** ઝડપથી બર્ન કરવા માટે બર્પી એક અસરકારક અને એટલી જ મુશ્કેલ એક્સરસાઇઝ છે. આ બે પાર્ટની એક્સરસાઇઝ છે જેમાં જમીન પર પુશઅપ કર્યા બાદ હવામાં જમ્પ કરવાનો હોય છે. બેલ્જિયમની એક મહિલાએ ગજબની ફિટનેસ બતાવીને એક કલાકમાં ૯૨૬ બર્પી કરવાનો ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ કર્યો હતો. લિએન વેન હેમેલેન જાણીતી ફિટનેસ-કંપની ક્રૉસફિટની કોચ છે જેણે એક મિનિટમાં લગભગ ૧૫ બર્પી કરી હતી. નવાઈની વાત એ છે કે આ દરેક બર્પી તેણે કોઈ પણ ભૂલ વિના કરવાની હતી એટલે કે ઝડપથી ટાર્ગેટ પૂરો કરવામાં હાથ વળી જાય તો એ બર્પીની ગણતરી થતી નથી. લિએને રેકૉર્ડ બનાવતાં પહેલાં ચાર-પાંચ મહિના સખત ટ્રેઇનિંગ લીધી હતી.

આ મહિલાએ કહ્યું કે ‘એ એક કલાક મારા માટે ફિઝિકલી અને મેન્ટલી બહુ મુશ્કેલ હતો. છેલ્લી ત્રણ મિનિટમાં મને એવું થયું કે હું નવો રેકૉર્ડ બનાવી શકીશ.’ ફિટનેસ-રેકૉર્ડ બનાવનારી લિએનની ઉંમર ૩૭ વર્ષ છે અને તે બે બાળકોની મમ્મી છે. આ વર્લ્ડ રેકૉર્ડ લિએને ૨૦૨૦માં બનાવ્યો હતો અને ૨૦૨૩માં ઑસ્ટ્રેલિયાની એક મહિલાએ પણ એક કલાકમાં ૯૨૬ બર્પીનો રેકૉર્ડ નોંધાવ્યો હતો એટલે કે હજી પણ આ મામલે લિએન નંબર વન છે.

## હૉન્ગકૉન્ગમાં મિની ઈન્ડિયા

### શુદ્ધ શાકાહારી ભોજનથી લઈને પાન મસાલા મળે છે

**ભારતની** પરંપરા, ખાણી-પીણી અને રહેણીકરણી સાથે લઈને વિદેશ જતા ભારતીયો કોઈ પણ જગ્યાએ મિની ભારત બનાવી જ લે છે. આવું જ એક મિની ઈન્ડિયા હૉન્ગકૉન્ગમાં પણ છે. હૉન્ગકૉન્ગની વ્યસ્ત શેરીઓમાં એક એવી ઈમારત છે જેની અંદર ગયા બાદ તમને એવું લાગશે જાણે તમે ભારત પહોંચી ગયા. અહીં શુદ્ધ શાકાહારી ભોજન તો ઠીક પાન મસાલા પણ મળે છે. આકાશ ચૌધરી નામના એક ઇન્સ્ટાગ્રામ ઇન્ફ્લુઅન્સરે હૉન્ગકૉન્ગનો વિડિયો શૅર કરતાં કહ્યું હતું કે તમે બિલ્ડિંગમાં જઈને ભૂલી જશો કે આ હૉન્ગકૉન્ગ છે.

વિડિયોમાં રેસ્ટોરાંનો માલિક આ યુવકને પોતાની દુકાનમાં મળતી સબ્ઝી બતાવે છે. અહીં પાલક પનીર, દાલ, ચના મસાલા અને ભીંડા જેવી ભારતીય સબ્ઝી અને વેજ પકોડા, આલૂ ટિક્કી જેવો નાસ્તો પણ મળે છે. નવાઈની વાત એ છે કે આ જગ્યાએ ચૈની-ખૈની, રજનીગંધા, પાસપાસ, વિમલ જેવા પાન મસાલાનાં પાઉચની લાઇનો લાગેલી હોય છે. ત્યાર બાદ દુકાનદાર યુવકને શેર-એ-પંજાબ રેસ્ટોરાંનું મેનુ પણ બતાવે છે. ૧૩ લાખથી વધુ વ્યુઝ મેળવી ચૂકેલા આ વિડિયો પર એક વ્યક્તિએ કમેન્ટ કરી હતી કે અહીં પણ લોકો પાન ખાઈને શહેરને કેસરિયું બનાવી દેશે. અન્ય એક જણે કહ્યું કે અહીં તો જૈન ફૂડ પણ મળે છે જે સારી વાત છે.





## આ મહિલા કૉસ્મેટિક સર્જરીની વ્યસની છે, બૉટોક્સ પાછળ બાવન લાખ રૂપિયા ખર્ચ્યા છતાં તે અટકવા નથી માગતી



**યુવાન** અને સુંદર દેખાવા માટે ઘણા લોકો કૉસ્મેટિક સર્જરી કરાવતા હોય છે. જોકે ફિલર્સ અને બૉટોક્સનો વધુ પડતો ઉપયોગ કરવાથી નુકસાન વેઠવાનો વારો પણ આવી શકે છે. યુરોપિયન દેશ ઑસ્ટ્રિયાની એક મહિલાને બૉટોક્સ અને ફિલર્સની એવી લત લાગી ગઈ છે કે તેણે અત્યાર સુધીમાં લગભગ બાવન લાખ રૂપિયા કૉસ્મેટિક સર્જરી પાછળ ખર્ચી નાખ્યા છે. ફેટિશ બાર્બી નામથી ફેમસ આ યુવતીએ કબૂલ્યું છે કે બૉટોક્સના વધુ પડતા ઉપયોગથી તેના હોઠ અનેક ગણા ભરાવદાર અને ગાલ તીક્ષ્ણ થઈ ગયા છે, પણ તેને આ સર્જરીનું ૧૦૦ ટકા વ્યસન થઈ ગયું છે. તેના હોઠ સામાન્ય વ્યક્તિ કરતાં ત્રણ ગણા મોટા થઈ ગયા છે અને તે આનાથી પણ મોટા હોઠ મેળવવા માટે સર્જરી કરાવશે.

આ યુવતી ટીનેજથી જ ડાર્ક મેકઅપની શોખીન હતી અને કોઈ આકર્ષક મૉડલ જેવી દેખાવા માગતી હતી. ધીમે-ધીમે તેણે કરચલીથી છુટકારો મેળવવા આખા ચહેરા પર બૉટોક્સ કરાવ્યું હતું. આ ફેટિશ બાર્બીનું લક્ષ્ય પણ વિચિત્ર છે. તે સર્જરી ભલે કરાવે પણ કોઈ બીજા જેવી દેખાવા નથી માગતી અને વધારે પ્લાસ્ટિક લુક મેળવવા માગે છે. તેનું કહેવું છે કે તે ભલે ઢીંગલી જેવી દેખાય, પણ લોકોએ તેને એક વસ્તુ નહીં, વ્યક્તિ તરીકે સ્વીકારવી જોઈએ.

## વિશ્વનું સૌથી સાંકડું શહેર આવ્યું છે ચીનમાં નદીકિનારે પાંચ લાખની વસ્તી વચ્ચે માત્ર એક મુખ્ય રસ્તો

**દરેક** શહેરની કોઈ ને કોઈ ખાસિયત હોય છે. ચીનમાં એક એવું શહેર છે જે વિશ્વનું સૌથી સાંકડું શહેર કહેવાય છે. આ શહેરનું નામ યાન્જિન કાઉન્ટી છે જે ચીનના યુનાન પ્રાંતમાં નાન્ક્સી નદીના કિનારે આવેલું છે. એની આજુબાજુ તીવ્ર ઢાળવાળા પર્વતોની હારમાળા છે. સોશ્યલ મીડિયા પર આ અનોખા શહેરનો વિડિયો વાઇરલ થયો છે. લીલાછમ પર્વતો વચ્ચે વહેતી નદીના બન્ને કિનારે બાંધવામાં આવેલી ઈમારતો જોઈને નવાઈ લાગે કે આવું પણ કોઈ શહેર અસ્તિત્વ ધરાવે છે. જોકે આ શહેર જોવામાં ભલે સુંદર લાગતું હોય પણ અહીં રહેવું એટલું સરળ નથી. આ શહેરનો સૌથી સાંકડો વિસ્તાર ૩૦ મીટરનો અને સૌથી પહોળો વિસ્તાર ૩૦૦ મીટરનો છે. ટ્રાન્સપોર્ટેશન માટે નદીની વચ્ચે માત્ર એક મુખ્ય રસ્તો છે અને શહેરની વચ્ચે બનાવવામાં આવેલા રસ્તા નદીની લંબાઈને કારણે બહુ લાંબા છે. મુલાકાતીઓ પણ આ જ રસ્તાનો ઉપયોગ કરીને જ શહેરમાં આવી શકે છે.

રસપ્રદ વાત એ છે કે આ શહેરની વસ્તી પાંચ લાખથી વધુ હોવાનું કહેવાય છે. ઈમારતો નદીના કિનારે ઊભેલી હોવાથી એને થાંભલાની મદદથી બનાવવામાં આવી છે જેથી પૂર આવે તો પણ પાણી નીચે જ રહે. ઘણાને એવો પ્રશ્ન થતો હશે કે દેખાવે ભલે ટૂરિસ્ટ-ડેસ્ટિનેશન લાગે, પણ આ શહેરમાં લોકો કાયમી વસવાટ કેમ કરતા હશે? હકીકતમાં અહીં લોકો પેઢીઓથી રહે છે અને એટલે જ પોતાના શહેરને છોડવા નથી માગતા.



## અમેરિકામાં ભારતીય ડૉક્ટરોનો દબદબો વધી રહ્યો છે ત્યારે મિડ-ડેએ 'નૅશનલ ડૉક્ટર્સ ડે' નિમિત્તે અમેરિકામાં વસતા ગુજરાતી ડૉક્ટરોના હાલચાલ જાણ્યા

# કેમ છો ડૉક્ટરસાહેબ?

અમેરિકામાં દર પાંચમાંથી એક ડૉક્ટર ભારતીય છે ત્યારે અમે સંપર્ક કર્યો કેટલાક એવા ગુજરાતી ડૉક્ટરોનો જેમનું બાળપણ મુંબઈમાં વીત્યું છે. ભારતની મેડિકલ કન્ડિશન અને અમેરિકાની મેડિકલ કન્ડિશન ઉપરાંત કેવા પ્રકારના બદલાવો તેઓ જોઈ રહ્યા છે એ વિષય પર થયેલી વાતો પ્રસ્તુત છે




રુચિતા શાહ
feedbackgmd@mid-day.com

**માઈગ્રેશન** પૉલિસી ઈન્સ્ટિટ્યૂટ અને યુએસ બ્યુરો ઑફ લેબર સ્ટૅટિસ્ટિક્સ દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા 'ઇમિગ્રન્ટ હેલ્થકૅર ઇન્ડેક્સ' અંતર્ગત જાહેર કર્યું છે કે અમેરિકામાં દર પાંચમાંથી એક ડૉક્ટર ભારતીય છે. આજની તારીખે લગભગ ૫૯,૦૦૦ ભારતીય ડૉક્ટર અમેરિકામાં પ્રૅક્ટિસ કરી રહ્યા છે. એ પછી ચીન (૧૬,૦૦૦) અને પાકિસ્તાન (૧૩,૦૦૦)નો નંબર આવે. એનું કારણ દેખીતું છે. અમેરિકામાં મેડિકલમાં કુલ સીટ છે ૩૦ હજાર, પરંતુ ૧૮ હજાર અમેરિકન સ્ટુડન્ટ જ મેડિકલ માટે અપ્લાય કરે છે. ડિમાન્ડ અને સપ્લાય વચ્ચેના આ અંતરને ભરવા માટે અમેરિકાની યુનિવર્સિટીઝ યુનાઇટેડ સ્ટેટ્સ મેડિકલ લાઇસન્સિંગ એક્ઝામિનેશન (USMLE)ની પરીક્ષા દ્વારા મેડિકલમાં ભણવા માગતા વિદેશીઓને ચાન્સ આપતી હોય છે. આનાથી ઊંધું ભારતમાં અવેલેબલ મેડિકલ સીટની સામે મેડિકલમાં પ્રવેશ લેવા માગતા વિદ્યાર્થીઓની સંખ્યા અનેકગણી વધારે છે, એટલે જ ભારતીય સ્ટુડન્ટ અન્ય દેશોમાં જઈને મેડિકલ સ્ટ્રીમમાં આગળ ભણતા હોય છે. એ રીતે જોઈએ તો અમેરિકાની હેલ્થકૅર સિસ્ટમનો બહુ મોટો ભાર ભારતીય ડૉક્ટરો ઉપાડી રહ્યા છે. એટલે જ અમને થયું કે મુંબઈથી અમેરિકા પહોંચેલા ગુજરાતી ડૉક્ટરો સાથે તેમની જર્ની વિશે વાત કરીએ.

## અમેરિકામાં ઇન્ડિયન ડૉક્ટર પ્રત્યેની વિશ્વસનીયતા વધી રહી છે : ડૉ. યશ શાહ



રામજી આસર સ્કૂલમાં ભણેલો ડૉ. યશ શાહ અમેરિકાના લુઇઝિયાના સ્ટેટમાં એક હૉસ્પિટલમાં ચીફ ઑફ ન્યુરોલૉજી તરીકે સક્રિય છે. મુંબઈમાં જ ભણતર અને ગણતર પૂરું થયા પછી અમેરિકા જવાનું કઈ રીતે બન્યું અને ફરી ભારત આવવાનું સપનું યશ કેમ જોઈ રહ્યો છે એ બન્ને જ સ્ટોરી ઇન્ટરેસ્ટિંગ છે. યશ કહે છે, '૨૦૧૧માં હું મેડિકલ સ્કૂલમાં ફાઇનલ યરમાં હતો ત્યારે એક બાબત મેં ઑબ્ઝર્વ કરી હતી કે ભારતમાં જે મેડિકલ ટ્રીટમેન્ટ મળે છે અને દુનિયામાં જે ટેક્નૉલૉજી ચાલે છે એમાં બહુ જ મોટો ગૅપ છે. અમેરિકાની ઍડ્વાન્સ સિસ્ટમમાં ભારતમાં આવે એવું ઇચ્છતા હોઈએ તો પણ ત્યાં ટ્રેઇનિંગ લેવી પડે. મુંબઈમાં ગ્રૅજ્યુએશન કર્યા પછી ફરીથી બહુ જ ટફ કહી શકાય એવી અમેરિકામાં એક્ઝામ આપી. બે વર્ષ પબ્લિક હેલ્થ પર રિસર્ચ કર્યું. એ જ સેગમેન્ટમાં માસ્ટર્સ કર્યું. ભણવાની સાથે કામ કરવું જરૂરી હતું એટલે ભણવાની સાથે યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે પણ સક્રિય હતો. શરૂઆતનાં ત્રણ વર્ષ બેઝિક એક્ઝામ ક્લિયર કરવામાં ગયાં. એ દરમ્યાન રિસર્ચ વર્ક શરૂ થઈ ગયું હતું. જોકે એ પછી ત્રણ વર્ષની પીડિયાટ્રિક ટ્રેઇનિંગ લીધી. પીડિયાટ્રિક ન્યુરોલૉજીનો બે વર્ષનો આગળ અભ્યાસ કર્યા પછી એક વર્ષ એપિલેપ્સી પર રિસર્ચ કર્યું. અમેરિકામાં સબસ્પેશ્યલાઇઝેશન કરવામાં સમય જતો હોય છે એમાં ઇંગ્લિશ ઍક્સેન્ટ વચ્ચે ગુજરાતી મીડિયમના સ્ટુડન્ટ તરીકે જે સંઘર્ષ કરવો પડ્યો એ સ્વાભાવિક હતો. જોકે છેલ્લે તો તમારી મહેનત અને નિષ્ઠા રંગ લાવે જ છે. અમેરિકન ગ્રૅજ્યુએટ્સ સાથે કૉમ્પિટિશનમાં તમે માત્ર તમારી મહેનત અને કમિટમેન્ટના આધારે જ પાર ઊતરતા હો છો.'

પોતાના સંઘર્ષના દિવસો યાદ કરતાં ડૉ. યશ કહે છે, 'અમેરિકા શિફ્ટ થયા પછી હું બ્રુકલિનમાં રહેતો, કારણ કે ત્યાં ઘરનાં રેન્ટ થોડાંક ઓછાં હોય પણ મારે દરરોજ ભણવા માટે મૅનહટન જવું પડે. એ એરિયા આફ્રિકન-અમેરિકનથી ભરેલો એરિયા ગણાય અને સેફ્ટીની દૃષ્ટિએ પણ લોકો અવૉઇડ કરે, પણ પૈસા બચાવવાના હતા એટલે એ વિસ્તારમાં રહેતો હોવા છતાં વહેલી સવારે મૅનહટન જતો અને રાતે મોડો પાછો આવતો.'

એ પછીનો આખો દિવસ તે યુનિવર્સિટીમાં હોય. ચાર કલાક લાઇબ્રેરીમાં ભણવાનું, દિવસ દરમ્યાન પબ્લિક હેલ્થ કૉલેજ અટેન્ડ કરે અને ક્લિનિકલ રિસર્ચમાં પણ સમય આપે.

'કૉલેજ પતાવીને સાંજે સાત-આઠ વાગ્યે ઘરે રિટર્ન થાઉં એ પછી જાતે જમવાનું બનાવતો. સૌથી મોટી વસ્તુ હું અમેરિકા આવ્યા પછી શીખ્યો હોઉં તો એ છે કુકિંગ. આજે હું બધું જ બનાવતા શીખી ગયો છું,' એમ કહેતાં ડૉ. યશ હસી પડે છે.

કોવિડ પછી ટેક્નૉલૉજીનું ઍડ્વાન્સમેન્ટ હવે સરહદોનું મોહતાજ નથી રહ્યું એનો ડૉ. યશને આનંદ છે. તે કહે છે, 'ઘણા કૉમ્પ્લેક્સ કેસ હોય ત્યારે વિડિયો-કૉન્ફરન્સિંગ દ્વારા ડાયગ્નોસિસથી લઈને સર્જરી સુધીની એક્સપર્ટીઝની આપ-લે થતી હોય છે. તમને જાણીને આશ્ચર્ય થશે, પણ હવે અમેરિકામાં ઇન્ડિયન ડૉક્ટરનો દબદબો વધ્યો છે. એક દાખલો આપું. થોડાક સમય પહેલાં પાંચ વર્ષના એક બાળકને અચાનક ફિટ આવવાનું શરૂ થયું. ડૉક્ટરોએ ટ્રીટમેન્ટ કરી પણ નિદાન થતું નહોતું. સમજાતું નહોતું કે પ્રૉબ્લેમ શું છે. કેસ મારી પાસે ઓપિનિયન માટે આવ્યો. ચાઇલ્ડ એપિલેપ્સીમાં ખૂબ રિસર્ચ કર્યું છે મેં. જ્યારે બાળકની કેસ-હિસ્ટરી ચકાસી તો સમજાયું કે તેને દસ લાખ બાળકે એકને થાય એવી રૅર એપિલેપ્સી હતી જેને 'ફાયર્સ' તરીકે ઓળખવામાં આવે છે. જો અર્લી ડાયગ્નોસિસ ન થાય તો બાળકના બચવાના ચાન્સ ઘટી ગયા હોત. પ્રૉપર ડાયગ્નોસિસને કારણે યોગ્ય ટ્રીટમેન્ટ શરૂ થઈ અને તેની પરિસ્થિતિને કન્ટ્રોલમાં લાવી શકાઈ.'



## ભારતમાં ડૉક્ટરોને ૨૪ કલાક ડ્યુટી કરવાની હોય એવો ઘાટ હોય છે : ડૉ. ખ્યાતિ મહેતા-પરીખ

**૨૦૦૫થી** અમેરિકામાં સ્થાયી થયેલી અને લૉસ ઍન્જલસમાં રહેતી ડૉ. ખ્યાતિ મહેતા-પરીખ અમેરિકામાં બાળકોના ગૅસ્ટ્રોએન્ટરોલૉજિસ્ટ તરીકે સક્રિય છે. મુંબઈની નાયર હૉસ્પિટલમાં ગ્રૅજ્યુએશન કરનારી ખ્યાતિને સુપર સ્પેશ્યલાઇઝેશન કરવું હતું, જે ભારતમાં શક્ય નહોતું અને એ જ કારણે અમેરિકા શિફ્ટ થવાનું બન્યું. તેઓ કહે છે, 'અફકોર્સ આવીને ફરી ત્રણ વર્ષ પીડિયાટ્રિકનું ભણવું પડ્યું. ૨૦૦૫થી લઈને ૨૦૧૧ સુધી ભણી અને ૨૦૧૨થી પ્રૅક્ટિસ શરૂ કરી. બેશક, અહીંની મેડિકલ સિસ્ટમ ઘણી ઍડ્વાન્સ છે જે બદલાવ હવે ભારતની મેડિકલ સિસ્ટમમાં પણ દેખાઈ રહ્યો છે. ફૅસિલિટીઝમાં પણ હવે મોટો ફરક નથી દેખાતો. અફકોર્સ, પૉપ્યુલેશનમાં ફરક છે. અમેરિકાની મેડિકલ સિસ્ટમની સારી બાબત એ છે કે અહીં વાતે-વાતે ઇન્ડિયાના અમુક ડૉક્ટરોની જેમ કટ રાખવાની પરંપરા નથી. તમે રિપોર્ટ કઢાવો કે તમે કોઈ ખાસ મેડિકલમાંથી જ દવા ખરીદો એવું કહેનારા ડૉક્ટર્સ અહીં નહીં મળે. જોકે બીજી વાત એ પણ છે કે અહીં પેશન્ટ માટે ડૉક્ટર ઑન કૉલ અવેલેબલ પણ નથી હોતા. મને યાદ છે કે મારા પિતાને ચોવીસ કલાકમાંથી ક્યારે પણ દરદીઓનો ફોન આવી જતો. અમે વેકેશન પર હોઈએ ત્યારે પણ પપ્પા પેશન્ટના ફોનનો જવાબ આપીને તેમને ટ્રીટમેન્ટ સજેસ્ટ કરતા. અહીંના ડૉક્ટરો એ રીતે પર્સનલ લાઇફ વધારે બહેતર રીતે જીવી શકે છે.'

ખ્યાતિના હસબન્ડ અમેરિકામાં અગ્રણી કાર્ડિયોલૉજિસ્ટ તરીકે સક્રિય છે. ત્રણ બાળકો સાથે મધર અને ડૉક્ટરની ડબલ જવાબદારી નિભાવી રહેલી ખ્યાતિ કહે છે, 'અહીં તમને હાઉસ-હેલ્પ મુંબઈની જેમ મળતી નથી. તમારી લાઇફ મશીન જેવી હોય. સવારે વહેલા ઊઠીને કુકિંગ કરું, બાળકોને તૈયાર કરું, બધાને અલગ-અલગ સ્કૂલે મૂકીને દોડતી ક્લિનિક પર જાઉં. સવારે સાડાઆઠ વાગ્યે ક્લિનિક ખોલું અને સાંજે ઘરે આવું ત્યારે ત્રણ કલાક બાળકો ગ્રૅની પાસે રહે. સાંજે કુકિંગ અને ક્લીનિંગ અને પછી સૂઈ જવાનું. પાંચ દિવસ આમ નીકળે અને શનિ-રવિ બાળકોને જુદી જુદી ઍક્ટિવિટીમાં લઈ જવાનાં. મારા હસબન્ડ પણ સાંજે ક્લીનિંગમાં હેલ્પ કરે. ભારતમાં કોઈ ડૉક્ટર ઘરની સાફસફાઈ નહીં કરતા હોય, પણ અમેરિકામાં એ સામાન્ય છે.' ▶▶26

### નૅશનલ ડૉક્ટર્સ ડે શું કામ?

૧૮૮૨ની પહેલી જુલાઈએ પશ્ચિમ બંગાળના પહેલા મુખ્ય પ્રધાન અને મેડિકલ ક્ષેત્રે અદ્ભુત કામ કરનારા ડૉ. બિધાન ચંદ્ર રૉયનો જન્મદિવસ હતો અને આ જ તારીખે તેમનો સ્વર્ગવાસ થયો. તેમની સ્મૃતિમાં જ આપણા દેશમાં ૧૯૯૧થી રાષ્ટ્રીય ડૉક્ટર દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી**
**BAPS સ્વામીનારાયણ સંસ્થા**



પાવર-અપ

લાઇફ કોચ અને ખ્યાતનામ સ્પીકર તરીકે યુવાનોમાં લોકપ્રિય એવા જ્ઞાનવત્સલ સ્વામી સોશ્યલ મીડિયા પર લાખો ફૉલોઅર્સ ધરાવે છે.

# પોતાને માટે તો કોણ નથી જીવતું, જીવન એનું જ સાર્થક છે જેઓ બીજા માટે જીવે

**એક** જગ્યાએ હજારો માણસોનો મેળો ભરાયો હતો. લોકો આનંદથી મેળાનાં આકર્ષણોને નિહાળી રહ્યા હતા, પરંતુ એ આનંદ વચ્ચે એક જોઈ ન શકતી વ્યક્તિ હાથમાં દિલરુબા લઈને નિરાશ વદને બેઠી હતી. તેની આગળથી ઘણા લોકો પસાર થતા, પરંતુ કોઈને તેની મુશ્કેલી જાણવામાં રસ નહોતો. જોકે એક માણસ તેની પાસે આવ્યો. તેણે ઉદાસીનતાનું કારણ પૂછ્યું ત્યારે તે માણસે કહ્યું, ‘હું દિલરુબા વગાડીને બે-પાંચ પૈસા ભેગા કરીને પેટ ભરું છું, પણ ગિરદીમાં મારી હથેળી ચગદાઈ ગઈ એટલે હું દિલરુબા વગાડી શકું એમ નથી. માટે આજે શું ખાઈશ એની ચિંતાથી નિરાશ છું.’ પેલા માણસે કહ્યું ‘હું વગાડું?’ તેણે કહ્યું, ‘તમને આવડે છે?’ ‘થોડું ઘણું આવડે છે’ એમ કહીને તેણે સંગીત વગાડવાનું શરૂ કર્યું. ધીમે-ધીમે ભીડ જામવા લાગી અને પૈસાનો વરસાદ થયો. છેલ્લે બધા પૈસા ભેગા કરીને તે માણસે પેલા ન જોઈ શકતા માણસને આપ્યા અને પોતાની ઓળખ આપ્યા વિના ત્યાંથી ચાલ્યા ગયા. એ માણસ હતા મહાન સંગીતજ્ઞ ઓમકારનાથ. સામાન્ય માણસો અને મહાન પુરુષોમાં આ જ તફાવત છે. લોકો પોતાના આનંદમાં એટલા ડૂબેલા હોય છે કે બીજાનો ઉદાસ ચહેરો જોવા છતાં તેને મદદ તો નથી કરતા, પણ ન દેખ્યા જેવું વર્તન કરીને ત્યાંથી નીકળી જાય છે.

હું શું કામ મદદ કરું? તે ક્યાં મારો સગો થાય છે? હું તેને નથી ઓળખતો! મને શું ફાયદો? વગેરે વિચારોની બેડી માણસને એવી જકડી રાખે છે કે તે બેડી તોડીને બીજાનો વિચાર કરવો જોઈએ એવો વિચાર માનવીને ક્યારેય નથી આવતો. હિતોપદેશમાં કહ્યું છે કે ‘જેના જીવવાથી બધા જીવે છે તેમનું જીવન સાર્થક છે. કારણ કે માત્ર પોતાને માટે તો કોણ નથી જીવતું?’

એક વાર એક મોટા પ્રોજેક્ટ પર ૭૦ વૈજ્ઞાનિકો કામ કરતા હતા. એક દિવસ એક વૈજ્ઞાનિકે પ્રોજેક્ટના હેડ અબ્દુલ કલામ પાસે જઈને કહ્યું, ‘મેં મારાં બાળકોને આપણા શહેરમાં આવેલું પ્રદર્શન દેખાડવાનું વચન આપ્યું છે. માટે હું સાડાપાંચ વાગ્યે જઈ શકું?’ કલામસાહેબે હા પાડી. વૈજ્ઞાનિક પાછા કામે લાગ્યા, પણ કામ એટલું જટિલ હતું કે સમય ક્યાં વીતી ગયો એની તેમને જાણ ન રહી. જ્યારે તેમને બાળકો યાદ આવ્યાં ત્યારે ૮.૩૦ વાગી ગયા હતા. આથી તેઓ ઉતાવળે ઘરે પહોંચ્યા અને પત્નીને પહેલો પ્રશ્ન પૂછ્યો કે ‘બાળકો ક્યાં છે?’ ત્યારે પત્નીએ કહ્યું, ‘કલામસાહેબ તેમને ૫.૩૦ વાગ્યાથી પ્રદર્શન જોવા લઈ ગયા છે.’

પ્રમુખસ્વામી મહારાજના જીવન સાથે જોડાયેલો આ જ સંદર્ભનો એક કિસ્સો યાદ આવે છે, પણ સ્થળસંકોચને કારણે એની ચર્ચા આપણે નેક્સ્ટ ટાઇમ કરીશું.

જય સ્વામીનારાયણ.

# કેમ છો ડૉક્ટરસાહેબ?

## અમેરિકનો પણ ભારતીય ડૉક્ટરને પ્રિફર કરે છે, કારણ કે... : ડૉ. શ્વેતાંગ શાહ

**25 ▸▸ મીઠીબાઈ** કૉલેજમાં ટ્વેલ્થ સુધીનો અભ્યાસ કર્યા પછી સાડાપાંચ વર્ષ નાશિક મેડિકલ કૉલેજમાં ભણીને પીડિયાટ્રિક સર્જ્યનની ડિગ્રી લેનારા ડૉ. શ્વેતાંગ શાહ ૨૦૦૭થી અમેરિકામાં છે. અત્યારે કૅલિફૉર્નિયામાં પોતાના હાથ નીચે પંદર ડૉક્ટરોની ટીમને ક્લિનિકલ જનરલ તરીકે લીડ કરી રહેલા ડૉ. શ્વેતાંગ કહે છે, ‘મારે પબ્લિક હેલ્થમાં માસ્ટર્સ કરવું હતું અને અમેરિકામાં તક સારી હતી. અઢી વર્ષમાં ફિલાડેલ્ફિયાની ટેમ્પલ યુનિવર્સિટીમાં એ ડિગ્રી લીધી પછી રિસર્ચ સાથે જૉબ કરી. હાર્ટ-ટ્રાન્સપ્લાન્ટ અને કોલન કૅન્સરમાં મેં મારું રિસર્ચ કરેલું. એ પછી સાત વર્ષની પીડિયાટ્રિક પ્રૅક્ટિસ દરમ્યાન એક વસ્તુ રિયલાઇઝ થઈ કે અમેરિકામાં બાળકોમાં સાઇકિયાટ્રિક બિહેવ્યરલ હેલ્થના ઇશ્યુઝ વધી રહ્યા છે. એટલે ચાઇલ્ડ ઍન્ડ અડૉલસન્સ સાઇકિયાટ્રીમાં ફેલોશિપ કરી અને હવે એ જ દિશામાં પ્રૅક્ટિસ પણ કરી રહ્યો છું. અમેરિકાનાં આટલાં વર્ષના વસવાટમાં એક વસ્તુ સમજાઈ કે અહીં ઇન્ડિયન ડૉક્ટરની કદર થાય છે. અમેરિકન્સ પોતે પણ માને છે કે ભારતીય ડૉક્ટર સ્માર્ટ અને ઇન્ટેલિજન્ટ હોય છે. જોકે અમેરિકાનો મેડિકલ એક્સપેન્સ ખૂબ વધારે છે. એક જૂના સર્વે રિપોર્ટ પ્રમાણે એક વ્યક્તિનો અમેરિકામાં પર કૅપિટા હેલ્થ ખર્ચ ૮૦૦ ડૉલર છે, જ્યારે એ ભારતમાં ચાલીસ ડૉલર છે. આટલો મોટો ફરક છે. ભારતની તુલનાએ અહીં ડૉક્ટરનો વેઇટિંગ ટાઇમ ખૂબ વધારે હોય છે. મૉડર્ન મેડિકલ સાયન્સ ઉપરાંત ભારતમાં થેરપીના બીજા ઘણા પર્યાયો છે અમેરિકામાં હવે વધી રહ્યા છે.’





અહીં ઉલ્લેખનીય છે કે યશનાં વાઇફ, મમ્મી, પપ્પા અને બહેન-બનેવી પણ ડૉક્ટર છે.

## ચાલીસ વર્ષ પહેલાં ડૉક્ટર તરીકે જુદી સ્ટ્રગલ ભોગવી છે : ડૉ. રાજેશ દોશી

**૧૯૮૪માં** અમેરિકામાં ગ્રીન કાર્ડ સાથે શિફ્ટ થનારા ડૉ. રાજેશ દોશીનાં ભાઈ, મમ્મી-પપ્પા અમેરિકા શિફ્ટ થઈ ચૂક્યાં હતાં. મિશિગનમાં રહેતા ડૉ. રાજેશ કહે છે, ‘મારા મોટાભાઈ ૧૯૭૧માં આવેલા. ૧૯૮૪માં અમેરિકા પર્મનન્ટ શિફ્ટ થવાની બાબત મારા માટે એ કારણે થોડીક સરળ હતી, પરંતુ ડૉક્ટર તરીકે રંગભેદનો સામનો મેં કર્યો છે. આજથી ચાલીસ વર્ષ પહેલાં કેટલાક અમેરિકન્સ ઇન્ડિયન્સને નીચલા સ્તરના તરીકે જોતા અને મશ્કરી પણ કરતા. જોકે ઇન્ડિયન જેટલું બુદ્ધિશાળી અને હાર્ડ વર્કિંગ કોઈ જ નથી એવી ઇમેજ પણ અકબંધ હતી. મેં મુંબઈની જ ગ્રાન્ડ મેડિકલ કૉલેજમાંથી MBBS કર્યું. તાતા હૉસ્પિટલમાં રેડિયેશન ઑન્કોલૉજીનું ભણ્યો. એ દરમ્યાન જ લગ્ન થયાં અને બે બાળકો પણ હતાં. એ પછી હું અમેરિકા સહપરિવાર શિફ્ટ થયો હતો.’



ચાલીસ વર્ષ સુધી અમેરિકામાં જનરલ ફિઝિશ્યન તરીકે પ્રૅક્ટિસ કરનારા ડૉ. રાજેશનો મોટો દીકરો શિકાગોમાં હાર્ટ-સ્પેશ્યલિસ્ટ છે, તેમની દીકરી રુચિ પણ શિકાગોમાં રેટિના એક્સપર્ટ છે, નાનો દીકરો રાહિલ વર્જિનિયામાં ટ્રૉમા સર્જ્યન છે. તેમના પરિવારના લગભગ દરેક સભ્ય અમેરિકાની મેડિકલ સિસ્ટમમાં ઍક્ટિવ ભૂમિકા ભજવી રહ્યા છે. વર્ષના છ મહિના મુંબઈ આવીને અહીં મેડિકલ સાથે સંકળાયેલા જુદા-જુદા સોશ્યલ વર્કમાં સક્રિય ભૂમિકા ભજવતા ડૉ. રાજેશ કહે છે, ‘શરૂઆતનાં પંદરેક વર્ષ અમેરિકામાં અઘરાં હતાં. સખત કામ કરો અને ક્યાંક ભેદભાવ થતો હોય તો પણ જતું કરો, કારણ કે તમે તમારાં સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે અહીં આવ્યા છો એ ખબર પડે. જનરલ પ્રૅક્ટિશનર તરીકે મારાં બે ક્લિનિક હતાં. શરૂઆતમાં ઇન્શ્યૉરન્સ કંપનીનું વર્ચસ્વ કન્ટ્રોલમાં હતું. જોકે ૧૯૯૪-’૯૫માં હિલેરી ક્લિન્ટનની સરકાર આવી અને તેમણે અમેરિકન હેલ્થકૅર સિસ્ટમને સંપૂર્ણ કમર્શિયલાઇઝ કરી નાખી. ઇન્શ્યૉરન્સ કંપની હૉસ્પિટલો જ નહીં પણ ડૉક્ટરને પણ હાયર કરતી. આજે પણ એ જ સિનારિયો છે. ઇન્શ્યૉરન્સ વિનાનો માણસ ત્યાં પ્રૉપર મેડિકલ ટ્રીટમેન્ટ ન મેળવી શકે. બેશક, છેલ્લાં પંદર વર્ષમાં ભારતીય ડૉક્ટરો તરફનો અમેરિકન્સનો ઝુકાવ ઘણો બહેતર થયો છે. અહીં બીજી એક સારી બાબત એ છે કે ઇમર્જન્સીમાં પેશન્ટ આવે તો તેની સારવાર કરવામાં આવે, પૈસાની ચર્ચા પછી થાય. જ્યારે ઇન્ડિયામાં સારવાર પહેલાં ડૉક્ટર પૈસા મુકાવડાવે, એવું અમેરિકામાં નથી.’

## મેડિકલ સેગમેન્ટમાં ભારત આગળ નીકળી રહ્યું છે : ડૉ. ધવલ ભાનુશાલી

**કૅલિફૉર્નિયામાં** બે પૉઇન્ટ નામના સિટીમાં ફિઝિકલ થેરપિસ્ટ, ઑર્થોપેડિક અને જેરિયાટ્રિક સર્જ્યન તરીકે ઍક્ટિવ ડૉ. ધવલ ભાનુશાલીને અમેરિકા શિફ્ટ થયાને તેર વર્ષ થયાં. મુંબઈમાં ફિઝિયોથેરપીનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી નવી તકો શોધી રહ્યા હતા એ સમયે કોઈ ખાસ પર્યાય ન દેખાતાં તેમણે અમેરિકાનો રાહ પકડ્યો. ડૉ. ધવલ કહે છે, ‘૨૦૧૧માં જ્યારે ફિઝિયોથેરપી પત્યું એ પછી એક વર્ષ પ્રૅક્ટિસ પણ કરી હતી. ત્યારે ઑબ્ઝર્વ કર્યું કે ભારત કરતાં પશ્ચિમી દેશોમાં આ ફીલ્ડનું મહત્ત્વ હતું. મારી કૉલેજમાં ભણતા બે સિનિયર અમેરિકા જઈને આ ફીલ્ડમાં વધારે આગળ ભણ્યા હતા અને તેમના અનુભવ પરથી જ મેં નક્કી કર્યું અમેરિકા જવાનું. ૨૦૧૧માં જ્યારે હું અહીં આવ્યો ત્યારે વાઇફાઇની સગવડ આજ જેવી નહોતી. પરિવાર સાથે નિયમિત સંપર્કમાં રહેવાનું પણ અઘરું હતું. જોકે જીવનમાં કંઈક મેળવવા માટે કંઈક બાંધછોડ કરવી જ પડે છે. મને એક ફાયદો થયો કે અમેરિકામાં ભારતની ફિઝિયોથેરપીની ડિગ્રી રેકગ્નાઇઝ્ડ હતી એટલે મારે પહેલેથી શરૂઆત ન કરવી પડી. વધારે આગળ ભણી શકાય એ રીતે જર્ની આગળ વધી. જૉબ કરતો અને ભણતો. અનાટમીના પ્રોફેસર તરીકે ડેડ-બૉડીઝને કટ કરીને જુદા-જુદા ઑર્ગન્સ વિશે સ્ટુડન્ટ્સને શીખવવાની જવાબદારી મારી હતી. એક વસ્તુ મેં ઑબ્ઝર્વ કરી કે જો તમે મહેનત કરવાની દાનત સાથે અહીં આવો છો તો રસ્તાઓ આપોઆપ ખૂલતા જાય છે અને સાથે તક પણ તમને મળતી જાય છે. અમેરિકામાં ભારતીય ડૉક્ટરની ડિમાન્ડ છે, કારણ કે માત્ર ત્યાં રહેતા ભારતીયોને જ નહીં પણ ગોરિયાઓને પણ ભારતીય ડૉક્ટરની આવડત પર ભરોસો હોય છે.’



ટ્વિન્સ દીકરીઓ અને પત્ની સાથે અમેરિકામાં રહેતા ધવલ માને છે કે ભારતીયોને ડૉક્ટરની અવેલેબિલિટી જેટલી ઝડપે ઇન્ડિયામાં મળે છે એટલું સરળ અમેરિકામાં નથી. તે કહે છે, ‘તમારે કોઈ સ્પેશ્યલાઇઝ્ડ ડૉક્ટર પાસે જવા માટે પહેલાં ઇન્શ્યૉરન્સ કંપનીને મીડિએટર તરીકે રાખવી જ પડે. તમારી ગમેતેટલી ઇમર્જન્સી કે પીડા હોય, ઇન્શ્યૉરન્સ કંપની વગર આગળ વધવાનું શક્ય નથી. તમારે મહિનાઓ સુધી એ કેસમાં સ્પેશ્યલાઇઝ્ડ ડૉક્ટરની રાહ જોવી પડે.’

## આજેય ક્લિનિકલ રિસર્ચમાં ભારતમાં ઘણી સંભાવનાઓ છે : ડૉ. કુણાલ સંઘવી



**કનેક્ટિકટ** સ્ટેટમાં રહેતા અને જિનેટિક્સના ફીલ્ડમાં કામ કરતા ડૉ. કુણાલ સંઘવીને જે ભણવું હતું એના માટે કોઈ સ્કોપ આજથી સત્તર-અઢાર વર્ષ પહેલા મુંબઈમાં નહોતો અને એને જ કારણે તેમણે અમેરિકા જવાનો નિર્ણય લીધો હતો. ૨૦૦૮ની ૧૩ ઑગસ્ટે અમેરિકા શિફ્ટ થયેલા ડૉ. કુણાલ ક્લિનિકલ રિસર્ચમાં કામ કરે છે. તે કહે છે, ‘આપણા શરીરમાં વીસ હજાર કરતાં વધારે જિન્સ હોય છે જેમાંથી અત્યારે બારથી પંદર જિનેટિક ડિસીઝને આપણે ઓળખી શક્યા છીએ. બાકીનો એરિયા હજી પણ અનઆન્સર્ડ છે. હું જ્યારે આ ફીલ્ડમાં રિસર્ચ કરવાની દિશામાં ભારતમાં પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે મને કોઈ ઑપ્શન જ ન દેખાયા. આપણે ત્યાં જિનેટિક્સ એ સમયમાં માત્ર બે માર્ક મેળવવા પૂરતો ટૉપિક હતો. લખનઉ, દિલ્હી, ચેન્નઈ, હૈદરાબાદ એમ જુદા-જુદા રાજ્યમાં જઈને કામ કર્યું. મુંબઈમાં KEM અને જસલોક હૉસ્પિટલમાં કામ કર્યું હતું. નવમા ધોરણમાં DNAનો ફોટો જોઈને મેં નક્કી કરી લીધેલું કે હું જિનેટિક્સને જ ડીટેલમાં ભણીશ. ૨૦૦૮માં અમેરિકામાં જિનેટિક્સના ફીલ્ડમાં ત્રીસ પ્રોગ્રામ હતા, જે અત્યારે પંચાવન જેટલા છે.’

ભારત અને અમેરિકાની મેડિકલ સિસ્ટમ વિશે કુણાલ કહે છે, ‘ભારતમાં એજ્યુકેશન પર ફોકસ હોય છે, જ્યારે અમેરિકામાં ઇમ્પ્લીમેન્ટેશન અને ઍપ્લિકેશન પર વિશેષ ધ્યાન અપાય છે. ઘણીબધી પ્રોસેસ ડિજિટાઇઝ્ડ છે. જોકે એનું પણ એક જુદા પ્રકારનું સ્ટ્રેસ હોય છે. અમેરિકામાં એવું બને કે ઘણી વાર તમે ઇલેક્ટ્રૉનિક રેકૉર્ડ અપડેટ કરવામાં એટલા વ્યસ્ત હો કે પોતાની કેસ-હિસ્ટરી આપી રહેલા પેશન્ટને એમ લાગે કે અમારી સામે તો જુઓ.’

ડૉ. કુણાલ ઇચ્છે છે કે ભારતમાં પણ જો પૂરતી વર્ક-ઑપોર્ચ્યુનિટી મળે અને રિસર્ચનો સ્કોપ ઊભો થાય તો સો ટકા પાછા આવવું ગમશે.

# આ ડૉક્ટરો છે ટૅલન્ટનો ખજાનો




દર્શિની વશી
feedbackgmd@mid-day.com

હેક્ટિક અને સ્ટ્રેસફુલ પ્રોફેશનની વચ્ચે પણ જ્યારે કોઈ ડૉક્ટર વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફીમાં માસ્ટર હોય તો કોઈ રેગ્યુલર ક્લિનિક સાથે ભરતનાટ્યમમાં PhD કરી લે, કોઈ નાટ્યરૂપાંતરણ કરે છે તો કોઈ ક્રિકેટની પિચ પર સિક્સર ફટકારે છે. પ્રોફેશનલ જવાબદારીઓ વચ્ચે પણ પોતાના પૅશનને ફૉલો કરી રહેલા રંગીલા, મોજીલા અને દુનિયાથી અલગ એવા ડૉક્ટરો સાથે વાત કરીએ

## ડાયાબિટીઝના આ ડૉક્ટરને વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર બનવાની પ્રેરણા દરદીઓની પીડામાંથી મળેલી


ડાયાબેટોલૉજિસ્ટ ડૉ. અવનીશ રાજન

**પીડિતોની** પીડા સમજવા હું પ્રાણીઓ પ્રત્યે ખેંચાયો અને બની ગયો વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર એમ જણાવતાં ડાયાબેટોલૉજિસ્ટ ડૉ. અવનીશ રાજન કહે છે, 'હું ઘણા પેશન્ટ્સને હેરાન થતા જોઉં છું. મેં મારી નજર સામે લોકોને મરતા પણ જોયા છે. ઘણી વખત પેશન્ટ બોલી પણ ન શકે અને સમજાવી પણ ન શકે એટલી પીડા તેને થતી હોય છે. ડૉક્ટરને જ નહીં, પેશન્ટ તેના ફૅમિલી-મેમ્બર્સને પણ તેની તકલીફ બતાવી કે સમજાવી શકતો નથી. ત્યારે મને વિચાર આવ્યો કે ઍઝ અ હ્યુમન આપણને બોલવાની શક્તિ આપેલી હોવા છતાં આપણે આપણી પીડાને એક્સપ્રેસ નથી કરી શકતા તો પછી મૂંગાં પ્રાણીઓનું શું થતું હશે? પ્રાણીઓને પણ આપણી જેમ ઈમોશન્સ હોય છે પણ એમની પાસે સ્પીચની એબિલિટી નથી. એટલે હું પહેલી વખત વાઈલ્ડ ટૂર પર જવા નીકળ્યો અને પછી તો હું એમની સાથે ઈમોશનલી એવો જોડાઈ ગયો કે આજ સુધી આ જોડાણ તૂટ્યું નથી. ઍઝ અ ડૉક્ટર હું વર્ષ ૧૯૮૭થી કન્સલ્ટિંગ મેડિકલ ફિઝિશ્યન છું. ગ્રાન્ટ મેડિકલ કૉલેજ (જે. જે. ગ્રુપ ઑફ હૉસ્પિટલ)થી મેં અભ્યાસ કર્યો છે. હરકિસનદાસ રિલાયન્સ હૉસ્પિટલની સાથે હું સંકળાયેલો છું. ગ્રાન્ટ રોડમાં મારું નર્સિંગ હોમ પણ છે જ્યાં હું મારા પેશન્ટ્સને અટેન્ડ કરું છું. તેમ જ હું વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર પણ છું.'

મજાની વાત એ છે કે કેનિયા અને ટાન્ઝાનિયામાં પોતાની વાઈલ્ડલાઈફ ટ્રાવેલ કંપની ધરાવતા આ ડૉક્ટરે લેખક તરીકે એક મહિના પહેલાં જ વાઈલ્ડલાઈફ ઉપર એક બુક બહાર પાડી છે, જેમાં ૪૦૦ જેટલા ફોટોઝ છે. એમાં તેમણે દર્શાવ્યું છે કે પ્રાણીઓ પણ મનુષ્યની જેમ તમામ ઈમોશન્સ ધરાવે છે. છેલ્લાં ૨૦ વર્ષથી દર વર્ષે બે વખત વાઈલ્ડલાઈફ ટૂર પર જતા આ ડૉક્ટરને અત્યાર સુધીમાં નૅશનલ અને ઈન્ટરનૅશનલ લેવલ પર વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફીમાં ૩૦૦૦ જેટલા અવૉર્ડ પણ મળી ચૂક્યા છે. મુંબઈની મોટી-મોટી આર્ટ ગૅલેરીમાં તેમના ફોટો-એક્ઝિબિશન થાય છે.

## કચ્છી ભાષાના પરમ ઉપાસક, નાટ્યકાર, કવિ જેવાં વિશેષણોથી પણ ઓળખાય છે આ ફૅમિલી-ડૉક્ટર



ડૉ. વિશન નાગડા




**MBBS** થયેલા ડૉ. વિશન નાગડા છેલ્લાં ૪૩ વર્ષથી સાંતાક્રુઝમાં ફૅમિલી ફિઝિશ્યન તરીકે કાર્યરત છે અને એની સાથે તેઓ ભાષા, કવિતા, નાટ્યલેખન, શબ્દકોશ સર્જન વગેરેની સાથે સંકળાયેલા છે. તેઓ પોતાના પૅશન વિશે જણાવતાં કહે છે, 'હું સ્કૂલમાં હતો ત્યારથી મને સાહિત્ય પ્રત્યે ગાઢ પ્રેમ રહ્યો છે. હું ભણ્યો છું ડૉક્ટરનું અને એમાં પણ ઓતપ્રોત થઈને કામ મારું ચાલુ જ છે, પણ મારો સાહિત્ય પ્રત્યેનો પ્રેમ હજી પણ યથાવત્ છે; જેનો હું સમાજના હિતમાં સદુપયોગ કરી રહ્યો છું. મારો મુખ્ય વિષય છે ભાષાનું સંશોધન. અત્યારે હું કચ્છી ભાષાને ઈલાબરેટ કરી શકાય એવો શબ્દકોશ તૈયાર કરી રહ્યો છું. આ સિવાય હું ગીતો લખું છું. ૧૯૯૧ની સાલમાં મેં 'શબરીનાં બોર નામનું ગીત લખ્યું હતું, જે આજની તારીખમાં પણ સંગીતપ્રેમીઓનું પ્રિય ગીત છે. કચ્છીમાં પણ મેં ગીતોનું લેખન કર્યું છે. હું ગીત-ગઝલના કવિ તરીકે ઓળખાઉં છું. ૩૧ વર્ષથી હું નાટ્ય-રૂપાંતર કરું છું. એટલે કે ગુજરાતી નાટકને કચ્છીમાં ઢાળવાનું, કચ્છના માહોલને લાવવાનું અને કચ્છી ભાષાની વિશેષતા લોકો સમક્ષ મૂકું છું. આ નાટકને અષાઢી બીજના દિવસે થિયેટરમાં મૂકવામાં આવે છે અને હજારોની સંખ્યામાં કચ્છી લોકો એને જોવા આવે છે. ટૂંકમાં હું ગુજરાતી અને કચ્છી ભાષાના વિકાસ અર્થે સતત પ્રયત્નશીલ રહું છું. ડૉક્ટર તરીકે પણ હું અનેક સેવા આપું છું. કચ્છ ઉપરાંત મુંબઈમાં પણ અનેક મેડિકલ કૅમ્પમાં સેવા આપું છું.'

## આ હોમિયોપથી ડૉક્ટરનો ભરતનાટ્યમ પ્રત્યેનો પ્રેમ ભલભલાને દંગ કરે છે

**મારી** ઉંમર સાત-આઠ વર્ષની હતી ત્યારથી ભરતનાટ્યમ શીખું છું જેમાં મેં PhDની ડિગ્રી પણ મેળવી છે. આજે હું ભલે મેડિકલ ક્ષેત્રે ઍક્ટિવ છું, પણ મારો ભરતનાટ્યમ પ્રત્યેનો પ્રેમ હજી બરકરાર રાખ્યો છે એમ જણાવતાં બોરીવલીમાં રહેતા હોમિયોપૅથિક ડૉક્ટર પલક મહેતા કહે છે, 'મેં માત્ર ૧૪ વર્ષની ઉંમરે આરંગેત્રમ્ પૂર્ણ કરી દીધું હતું અને ૨૧ વર્ષની ઉંમરે મેં ભરતનાટ્યમમાં PhDની ડિગ્રી મેળવી લીધી હતી. ત્યારે મેં એક બુક પણ લખી હતી જેનો ઉપયોગ આજે પણ અનેક સ્ટુડન્ટ્સ કરે છે. એ સમયે મારી ઇન્સ્ટિટ્યૂટમાંથી હું પ્રથમ હતી જેણે ભરતનાટ્યમમાં PhD કરી હતી. આજની તારીખમાં પણ હું શીખવાનું ચાલુ જ રાખું છું. ફૅમિલી ફંક્શન હોય કે બાળકોની સ્કૂલના કાર્યક્રમો, હું મારી નૃત્યની પ્રતિભા દાખવવાનો મોકો છોડતી નથી. આજે પણ હું રોજ બપોરે નૃત્યનો અભ્યાસ કરું છું. સવારે અને સાંજે હું ક્લિનિક ઉપર હોઉં છું. એ પહેલાં રોજ સવારે એક કલાક યોગ કરું છું. બપોરે સ્વિમિંગ અને નૃત્યનો અભ્યાસ કરું છું. ઍસ્ટ્રોલૉજી પણ શીખી છું. હાર્મોનિયમ પણ વગાડી જાણું છું. પેઇન્ટિંગમાં પણ અનેક પરીક્ષાઓ આપી છે. સ્કૂલ- કૉલેજોમાં હતી ત્યારે પણ હું દરેક કૉમ્પિટિશનમાં ભાગ લેતી હતી. નૃત્યની સાથે મને મ્યુઝિકનો પણ એટલો જ શોખ છે અને એમાં હવે આગળ પણ શીખવાનું વિચારી રહી છું.'


ડૉ. પલક મહેતા

## આ ડેન્ટિસ્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ રમવા માટે જ્યાં પણ જવું પડે ત્યાં જવા માટે હંમેશાં તત્પર જ હોય છે

**કાંદિવલીમાં** ૨૦૧૦થી બે ક્લિનિક ધરાવતા ડેન્ટિસ્ટ ડૉ. કૃણાલ ઠક્કર ક્રિકેટના જબરા શોખીન છે. તેઓ કહે છે, 'જો ડૉક્ટર હોવું મારું પ્રોફેશન છે તો ક્રિકેટ રમવું મારું પૅશન છે. મુંબઈની વિવિધ ક્લબ અને ટુર્નામેન્ટમાં હું ભાગ લેતો આવ્યો છું જેમાં મને અનેક ઈનામો અને ટ્રોફી મળી ચૂક્યાં છે. ૨૦૦૮ની સાલથી હું રેગ્યુલર ક્રિકેટ રમું છું જેના માટે હું રોજ પ્રૅક્ટિસ અને વર્કઆઉટ કરું છું. અમારા કોચ પણ છે. પોઈસર જિમખાનામાં હું વધારે ઍક્ટિવ છું. અમારે ડૉક્ટર ટુર્નામેન્ટ વગેરે પણ હોય છે જે નૅશનલ લેવલે પણ થતી હોય છે. અલગ-અલગ રાજ્યોમાં આ ટુર્નામેન્ટ થતી હોય છે જ્યાં હું રમવા જાઉં છું. અમારું પ્રોફેશન એવું છે જેમાં તમારે ફિઝિકલી અને મેન્ટલી પણ ફિટ રહેવું પડતું હોય છે. તમારું પૅશન તમને એમાં મદદરૂપ થાય છે. મને ક્રિકેટ રમવાથી ખૂબ જ એનર્જી મળે છે અને સ્ટ્રેસ દૂર કરવામાં પણ મદદ કરે છે. મંગળવારથી લઈને શુક્રવાર સુધી મારે રોજ બે કલાક પ્રૅક્ટિસ કરવા માટે જવાનું હોય છે. શનિવારે અને રવિવારે મૅચ હોય. પૅશન પૂરું કરવા માટે સૌથી મહત્ત્વની વસ્તુ છે સમય, જે ભારે મુશ્કેલીથી હું કાઢી શકું છું. પેશન્ટનો ટાઈમ અને પ્રૅક્ટિસના ટાઈમની સાથે તાલમેલ જાળવવો પડતો હોય છે. ઘણી વખત એવું પણ બને છે કે મૅચ પતાવીને સીધા ક્લિનિક પર દોડવું પડતું હોય છે કેમ કે મારા પૅશન માટે કોઈની ટ્રીટમેન્ટને અટકાવી ન શકાય.'




ડૉ. કૃણાલ ઠક્કર

# હૉસ્પિટલ કે દરદીઓ વિશે ઘરમાં વાત નહીં આવી શરત કોઈ આ ડૉક્ટર પરિવારો સમક્ષ મૂકે તો તેઓ ૧૦૦ ટકા હારે




લક્ષ્મી વનિતા
feedbackgmd@mid-day.com

ફૅમિલી ડૉક્ટર સાથે આપણે ઘણી વાર વાતો કરી છે, પરંતુ ડૉક્ટરોની ફૅમિલી વિશે જો વાત કરવાની હોય તો? જ્યારે પરિવારના તમામ સભ્યો ડૉક્ટર હોય ત્યારે તેમના ઘરનો માહોલ કેવો હશે? તેમની વચ્ચે ચર્ચાઓ કેવા પ્રકારની થતી હશે? કયા મુદ્દે હસબન્ડ-વાઇફ લડી પડતાં હશે? ઘરમાં બધા જ સભ્યો ડૉક્ટર હોય તો એના લાભ શું અને ગેરલાભ શું? જેવા કેટલાક મજેદાર પ્રશ્નોના રોચક જવાબો જાણવા માટે આજે મળીએ મુંબઈના ત્રણ જાણીતા ડૉક્ટર પરિવારોને

## માનવામાં નહીં આવે પણ પરદાદાથી માંડીને નાના-નાની સુધ્ધાં ડૉક્ટર છે આ શેઠ પરિવારમાં

**આ** ડૉક્ટરનો પરિવાર બહુ જ મોટો છે અને એમાં લગભગ નજીકના પરિવારની જ વાત કરીએ તો ૧૦ ડૉક્ટરો તો આમ જ ફૅમિલી ફોટોમાં આવી જાય. મધરકૅર મૅટરનિટી અને સર્જિકલ નર્સિંગ હોમમાં પોતાના ડૉક્ટર પેરન્ટ્સ સાથે પ્રૅક્ટિસ કરતા ગાયનેકોલૉજિસ્ટ ડૉ. મનન શેઠ કહે છે, ‘હું માત્ર નજીકના પરિવારની વાત કરું તો એમાં લગભગ બધા જ ડૉક્ટર છે. આ ડૉક્ટર પરિવારનો ચીલો મારા ગ્રેટ ગ્રૅન્ડફાધર એટલે કે પરદાદાથી શરૂ થયો જેઓ આયુર્વેદના ડૉક્ટર હતા. મારા પિતા ડૉ. જયેશ શેઠ ગાયનેકોલૉજિસ્ટ અને મમ્મી કેતકી શેઠ ઍનેસ્થેસિયોલૉજિસ્ટ છે. મારા દાદા ડૉ. વિનોદ શેઠ અને કાકી ડૉ. હિના શેઠ જનરલ ફિઝિશ્યન છે. મારી વાઇફ ડૉ. અંકિતા શેઠ બ્રેસ્ટ- કૅન્સર સર્જ્યન અને બહેન ડૉ. પલક શેઠ દેસાઈ ડર્મેટોલૉજિસ્ટ છે. મારો પિતરાઈ ભાઈ ડૉ. ઉમંગ શેઠ ઑર્થોપેડિક સર્જ્યન છે. હવે મમ્મીની બાજુના પરિવારની વાત કરું તો મારા નાનાજી ડૉ. વસંત મહેતા અને મારા મામા મેહુલ મહેતા જનરલ ફિઝિશ્યન છે તેમ જ મારાં મામી ડિમ્પલ મહેતા ડેન્ટલ સર્જ્યન છે. આ તો એકદમ નજીકના પરિવારની વાત કરી. હજી થોડો આગળ જાઉં તો મારી એક્સ્ટેન્ડેડ ફૅમિલીમાં પણ ઘણાબધા ડૉક્ટર છે.’

ડૉક્ટર પ્રોફેશનના કારણે કેવી રીતે ડૉક્ટરો સમાજમાં મોડા પહોંચતા હોય છે એની વાત કરતાં ડૉ. મનન જણાવે છે, ‘ડૉક્ટર પરિવાર હોય ત્યારે સામાન્ય પરિવાર કરતાં ચોક્કસ થોડો માહોલ અલગ હોય. બિઝનેસ પરિવારમાં બહુ મુશ્કેલીથી લોકોને પરિવાર સાથે સમય મળતો હોય છે, જ્યારે પરિવારમાં બધા જ ડૉક્ટર હોય ત્યારે તમે મોટા ભાગનો સમય સાથે વિતાવી શકો છો. હું મારા ડૉક્ટર પેરન્ટ્સ સાથે જ કામ કરું છું એટલે અમે સાથે જ હોઈએ છીએ. એકબીજાના પેશન્ટ માટે મદદ પણ કરી શકીએ છીએ. ગાયનેકોલૉજિસ્ટ છીએ એટલે ઇમર્જન્સી ગમે ત્યારે આવી શકે તો આવી પરિસ્થિતિમાં મારી વાઇફ મારી સાથે આવીને મને મદદ પણ કરી શકે છે. કયા પેશન્ટને શેની જરૂર છે એ રીતે ઑપરેશનમાં એકબીજાને કન્સલ્ટ કરતાં હોઈએ છીએ. અમારા ચોવીસ કલાકમાં જ્યારે પણ વાત થાય ત્યારે દરદીઓ અને તેમના કેસો સેન્ટરમાં હોય છે. પરંતુ એ સિવાય સ્પોર્ટ્સ, ટ્રાવેલિંગ અને ફૂડની વાતો પણ થતી હોય છે. જો બધા જ ડૉક્ટર મળે તો શું સમસ્યા આવી શકે એ કહેવું મુશ્કેલ છે. પરિવારનો કોઈ પણ ડૉક્ટર તેના પેશન્ટ માટે દુખી હોય તો આખો પરિવાર દુખી થાય છે. એક ડૉક્ટર તરીકે ચોવીસ કલાક તમે જ્યારે દરદીઓ સાથે હો ત્યારે એમ્પથી (બીજાના દુઃખનો અહેસાસ થવો) આવી જતી હોય છે. બીજું કે બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે એનો કદાચ ખ્યાલ નથી આવતો હોતો, કારણ કે પરિવાર સાથે તમારા મિત્રો પણ ડૉક્ટર છે તો તમે મેડિકલમાં જ રચ્યાપચ્યા રહો છો.’



ગાયનેકોલૉજિસ્ટ ડૉ. મનન શેઠ ફૅમિલી સાથે



કૅન્સર-સર્જ્યન ડૉક્ટર શીતલ રાડિયા ઠક્કર ફૅમિલી સાથે

## ડૉક્ટર પરિવાર જ ઇમર્જન્સીનો સાચો અર્થ સમજી શકે છે

**વાત** ગમે ત્યાંથી શરૂ થાય, કોઈ પણ ટૉપિક પરથી શરૂ થાય પરંતુ ખતમ તો મેડિસિન અને હૉસ્પિટલ પર જ થાય એમ જણાવતાં વૉકહાર્ટ હૉસ્પિટલમાં પ્રૅક્ટિસ કરતાં ENT (કાન, નાક, ગળાના) સ્પેશ્યલિસ્ટ અને કૅન્સર-સર્જ્યન ડૉક્ટર શીતલ રાડિયા ઠક્કર કહે છે, ‘મારા જીવનમાં મેડિકો (મેડિકલ) ફૅમિલીનો બહુ જ મોટો ફાળો છે. મારા હસબન્ડ ડૉ. હાર્દિક ઠક્કર MD મેડિસિન ફિઝિશ્યન, મારા સસરા ડૉ. હરીશ ઠક્કર પ્રિવેન્ટિવ સોશ્યલ મેડિસિન, મારાં સાસુ ડૉ. વર્ષા ઠક્કર જનરલ પ્રૅક્ટિશનર છે. પરિવારમાં બધા જ ડૉક્ટર હોવાથી જીવનમાં ઘણો ફરક પડે છે. બધાને જ ઇમર્જન્સી શબ્દની સમજ પડે છે. સામાન્ય રીતે એવું હોય કે રવિવારે પરિવાર સાથે ઘરે રહેવાનું કે પરિવારને સમય આપવાનો, પણ ડૉક્ટર પરિવારની વહુ હોવાને નાતે એ ચિંતા મને નથી હોતી કારણ કે મારાં સાસુ ડૉક્ટર છે, એના કારણે તેઓ બહુ સારી રીતે સમજે છે કે ઇમર્જન્સી શું હોય. મને ઇમર્જન્સીનો ફોન આવે તો મારાં સાસુ મારા દીકરાને સાચવી લે છે અને મને મારા કામ પર ધ્યાન આપવા માટે પ્રેરે છે. ઘરમાં પગ મૂકતાં જ પરિવારના સભ્યોના ફેશ્યલ એક્સપ્રેશન પરથી ખ્યાલ આવી જાય છે કે તેમનો દિવસ હૉસ્પિટલમાં કેવો ગયો. હું, મારા હસબન્ડ, મારાં સાસુ- સસરા અમારા વચ્ચે કયો કેસ મેડિકલમાં શું પ્રોગ્રેસ કરી રહ્યો છે એ જ વાત થતી હોય છે. એક પૉઝિટિવ વાતાવરણ લાગે કે તમે સતત તમારા ફીલ્ડમાં પોતાને અપગ્રેડ કરી રહ્યા છો. એ સાથે જ હેલ્ધી કૉમ્પિટિશનની લાગણી પણ આવી જાય.’

મમ્મીના પરિવારની સૌથી પહેલી ડૉક્ટર છે ડૉ. શીતલ. તેમના પપ્પા એવું ઇચ્છતા હતા કે ડૉક્ટર પરિવારમાં દીકરીનાં લગ્ન થાય તો તેને આગળ કારકિર્દીમાં સારું રહે. ડૉક્ટર પરિવાર સાથે જોડાવાથી પરિસ્થિતિ કેમ વિન-વિન થઈ એની વાત કરતાં ડૉ. શીતલ કહે છે, ‘પ્રેગ્નન્સી વખતે મારો નવમો મહિનો ચાલતો હતો. જે દિવસે હું લેબરમાં ગઈ એ દિવસે સવારે મેં બે સર્જરી કરી હતી. હવે આ પરિસ્થિતિમાં જો હું મારી મમ્મીના ઘરે હોત કે જે નૉન-મેડિકો ફૅમિલી છે તો એ લોકોએ મને કદાચ કામ કરવાની સો ટકા ના પાડીને ઘરમાં જ રાખી હોત, પણ મારા ડૉક્ટર પરિવારે મને છેલ્લે સુધી કામ કરવાની સલાહ આપી. આ તેમની સમજ હતી કે મેડિકલ કરીઅરમાં મહિલા માટે બ્રેક લેવો થોડું સમસ્યાજનક થઈ શકે તો તેમણે એ ખાસ ધ્યાન રાખ્યું કે હું ડિલિવરી પછી મારા કામ પર પાછી જઈ શકું. મારા બે મહિનાના દીકરાને મારાં સાસુ પાસે મૂકીને હું હૉસ્પિટલમાં કામ કરતી થઈ ગઈ હતી. ડૉક્ટર પરિવાર હોવાથી તમારા પરિવારની ઊંઘ પણ બગડતી હોય છે. જેમ કે અમે ચાર ડૉક્ટર અલગ-અલગ બ્રાન્ચમાં કામ કરીએ છીએ તો કોઈ એકને ઇમર્જન્સી આવે અને જો રાત્રે જવું પડે તો તેના કારણે અન્ય લોકોની રાતની ઊંઘ પણ બગડતી હોય છે. બાકી નાની-મોટી વાત કે મતભેદ જે દરેક ફીલ્ડમાં થતા હોય એમ અમારામાં પણ થાય છે.’

## ડૉક્ટરના પરિવારને જ સમજ પડે રાહ જોવી કોને કહેવાય

**મેડિકલ** પ્રોફેશનને ઉમદા માનતા અરિહંત હાર્ટ ક્લિનિક અને સુપરસ્પેશ્યલિટી હૉસ્પિટલ, બોરીવલીના ડૉ. પરાગ અજમેરાના પરિવારમાં દીકરા-વહુ અને દીકરી-જમાઈ બધાં જ ડૉક્ટર છે. MD ઇન્ટરનલ મેડિસિન એટલે કે કાર્ડિયો-વેસ્ક્યુલર, ઇન્ફેક્શસ ડિસીઝ, ગૅસ્ટ્રોઇન્ટેસ્ટિનલ પ્રૉબ્લેમનું નિદાન એમ એક કરતાં વધારે રોગથી પીડાતા દરદીના રોગનું નિદાન કરતા ડૉ. પરાગ અજમેરા કહે છે, ‘અત્યારે લગભગ ડૉક્ટરના દીકરાને ડૉક્ટર નથી થવું હોતું. અમે જ્યારે ભણતા ત્યારે મેડિસિનમાં એટલો ખર્ચ નહોતો લાગતો અને ૨૬ વર્ષે અમે પ્રૅક્ટિસ કરી શકતા હતા. આજે આ ફીલ્ડમાં ભણવાનું અને સ્પર્ધા બહુ જ તીવ્ર થઈ ગયાં છે. પૈસા દરેક ફીલ્ડમાં છે, પરંતુ ડૉક્ટર જેટલો સંતોષકારક વ્યવસાય કોઈ જ નથી. એનો આનંદ જે મારાં સંતાનોએ મારામાં જોયો એ જ કારણોસર તેમણે પણ આ ફીલ્ડ પસંદ કર્યું. મારાં પત્ની ડૉ. અલ્પા અજમેરા ગાયનેકોલૉજિસ્ટ, મારો દીકરો ડૉ. રોનક અજમેરા ગૅસ્ટ્રોએન્ટરોલૉજિસ્ટ, વહુ ડૉ. ફોરમ રેડિયોલૉજિસ્ટ, દીકરી ડૉ. કૃપા અજમેરા-મોદી ડર્મેટોલૉજિસ્ટ અને જમાઈ ડૉ. રાહુલ મોદી ઑર્થોપેડિક સર્જ્યન છે. પરિવારમાં બધાને જ ડૉક્ટર બનાવવા એવું કોઈ દબાણ નહોતું, પરંતુ ઉદાહરણ જોઈને પરિવારમાં બધા ડૉક્ટરો બન્યા. પરિવારના દરેક સભ્ય આવી રીતે અલગ-અલગ ફીલ્ડ સાથે જોડાયેલા છે. અમારા ઘરમાં દુનિયામાં શું ચાલે છે એની ચર્ચા કરતાં મેડિસિનમાં શું થાય એની વાતો વધારે હોય.’

ડૉક્ટરના પરિવારને સામાન્ય પરિવાર સાથે સરખાવતા અને તેમની રીતથી જ દરેક તહેવારોની ઉજવણી કરતા ડૉ. પરાગ કહે છે, ‘અમારો પરિવાર સામાન્ય પરિવાર કરતાં અલગ તો નથી. હું ઇચ્છું છું કે ઘરે આવતાંની સાથે વાતની શરૂઆત દરદી કે હૉસ્પિટલથી ન થાય, હું કોશિશ પણ કરું કે હૉસ્પિટલ અને દરદીઓની વાત હૉસ્પિટલમાં મૂકીને આવું તેમ છતાં એ સંવાદમાં આવી જ જાય. જોકે આ વાતચીત કે સંવાદ એકબીજાને તેમના પ્રોફેશન માટે આગળ વધવાની પ્રેરણા જ આપતા હોય છે. બીજી એ વાત કે જ્યારે હૉસ્પિટલમાં કોઈ દરદીનું નિદાન કે કેસ સારો ન હોય તો એની અસર ઘરના બધા જ સભ્યોને થાય છે. સ્વાભાવિક છે કે કોઈ પણ પરિણામ ૧૦૦ ટકા નથી હોતું. હવે એ જ બાબતમાં માનો કે કોઈ દરદીનો કેસ જેમાં બહુ જ સારું પરિણામ મળે તો એકસાથે બધાને ખુશી પણ થાય છે. એક વાત જે ડૉક્ટરના પરિવારને જ ખબર પડે તે એ કે કેવી રીતે કોઈની વાટ જોવી. મારાં પત્ની ડૉક્ટર હોવાને લીધે મને મોડું થશે એવું કહું તો સમજી જાય કે કેટલું મોડું થઈ શકે છે. ડૉક્ટરના પરિવારને વાટ જોવાની ટેવ તો પડી જ જાય, કારણ કે ગમે ત્યારે ઇમર્જન્સી આવે અને જે-તે જગ્યાએ પહોંચવામાં મોડું થઈ શકે. જે લોકો આ ક્ષેત્રમાં હોય તેમનું પ્રથમ અને અંતિમ ધ્યેય તો લોકોને સાજા કરવાનું અને તેમને આનંદ આપવાનું જ હોય છે.’



ડૉ. પરાગ અજમેરા ફૅમિલી સાથે

**સમીર-અર્શ તન્ના**



**મારી વાત**

નૅશનલ અવૉર્ડ વિનર કોરિયોગ્રાફર જોડી સમીર-અર્શ તન્ના અનેક હિન્દી-ગુજરાતી ફિલ્મોનાં સૉન્ગ્સની કોરિયોગ્રાફી કરી છે

# જ્યાં-ત્યાં કચરો ફેંકવો એ આપણો જન્મસિદ્ધ અધિકાર હોય એવું બધાને લાગે છે

ગઈ કાલે અમે આ અમારી સગી આંખે જોયું. પેરન્ટ્સ તેના દસેક વર્ષના બચ્ચા સાથે એક ફાસ્ટ ફૂડ જૉઇન્ટ્સમાંથી બહાર આવ્યા અને ત્યાં ઊભાં-ઊભાં જ તેમનું ફૂડ પૂરું કરીને તેમણે જે રૅપર હતું એ ફુટપાથ પર ફેંકી દીધું. બચ્ચાનું એ વાત પર ધ્યાન નહોતું. તેણે પોતાનો મિલ્કશેક પૂરો કર્યો અને પછી આજુબાજુમાં જોઈને જ્યાં ડસ્ટબિન પડ્યું હતું ત્યાં જઈને એ ખાલી ગ્લાસ અંદર ફેંક્યો. ૧૦ વર્ષના બાળકમાં આજે એ સેન્સ આવી ગઈ છે કે મારે રસ્તા પર કચરો ન ફેંકવો જોઈએ, મારે મારું સિટી ક્લીન રાખવું જોઈએ, પણ તેની સામે જે ચાલીસ અને પચાસ વર્ષ કે પછી એનાથી વધારે ઉંમર ધરાવતા લોકો છે તેમને માટે અફસોસથી કહેવું પડે કે એ લોકોમાં હજી આ સિવિક સેન્સ ડેવલપ નથી થઈ. જો બાળક આવી ભૂલ કરે તો આપણે સમજીએ કે તેણે નાદાનીમાં ભૂલ કરી, પણ પેરન્ટ્સ આ ભૂલ કરે તો એ ખરેખર શરમજનક છે.

અમારું પર્સનલી માનવું છે કે રસ્તા પર કચરો કરવામાં સૌથી મોટો ફાળો જો કોઈનો હોય તો આ ફોર્ટી-પ્લસ એજ-ગ્રુપના લોકો જ હશે. આજની નવી જનરેશન આ બાબતમાં અવેર છે તો આજના ટીનેજ પણ સફાઈની બાબતમાં હવે અવેર થઈ ચૂક્યા છે. સિવિક સેન્સ હવે તેમની લાઇફસ્ટાઇલ છે અને એને લીધે જ કહેવાનું મન થાય કે આપણું ફ્યુચર સારું છે, પ્રશ્ન છે એ તો બસ આપણા પ્રેઝન્ટનો જ છે.

મ્યુનિસિપાલિટીએ ડસ્ટબિન મૂક્યું છે. ફાસ્ટ ફૂડ જૉઇન્ટ્સની બહાર પણ હવે ડસ્ટબિન કમ્પલ્સરી હોય છે. તમે ચોપાટી પર જઈને જુઓ, ત્યાં પણ ડસ્ટબિન હોય છે, પણ આપણને એનો ઉપયોગ કરવામાં ખબર નહીં કેમ તકલીફ પડે છે. રસ્તા પર કચરો ફેંકવો, જ્યાંત્યાં બૉટલ ફેંકી દેવી અને એવી આદતોને આપણે આપણો જન્મસિદ્ધ અધિકાર માનતા થઈ ગયા છીએ. છેલ્લા ત્રણેક મહિનામાં અમારે લગભગ દસેક વખત ફૉરેન જવું પડ્યું. અગાઉ પણ અમે જોયું છે, પણ આ વખતની અમારી આ ફૉરેન ટ્રિપમાં અમે એક ઘટના જોઈ, જે આપણા બધાની આંખો ખોલી નાખે એવી છે.

વાત લંડનની છે. અમારી સાથે હતા એ ભાઈએ રસ્તા પર પસાર થતાં સિગારેટનું પાકીટ ખોલ્યું. આ જે પાકીટ હોય એના પર પેલું ટ્રાન્સપરન્ટ જિલેટિન હોય, એ તેણે નીચે ફેંકી દીધું. અડધી મિનિટ થઈ હશે ત્યાં તો સ્થાનિક અંગ્રેજી ઝડપભેર પગલાં ભરતો એ ભાઈની આગળથી પસાર થયો અને તેણે પેલું જિલેટિન પેલા ભાઈના હાથમાં મૂક્યું અને કહ્યું કે તમારી આ વસ્તુ નીચે પડી ગઈ હતી. તેના ચહેરા પર જે પ્રકારનું ઇરિટેશન હતું એ જોઈને તમે સમજી જાઓ કે તેને જરા પણ ગમ્યું નથી કે તમે લંડનમાં કચરો ફેંક્યો. આ જ બ્રિટિશરો આપણે ત્યાં હતા. તેઓ હતા ત્યારે તેમણે આવી જ ચોખ્ખાઈ રાખી હશે અને આપણે એ પાળી હશે, તો બસ, જાતને પૂછો, હવે કેમ આપણે સ્વચ્છતા નથી રાખતા?

# રાશિચક્ર

GaneshaSpeaks.com
Your friend, astrologer & guide
FOR ASTROLOGY DIAL 55181*

**એરીઝ**
૨૧ માર્ચથી ૧૯ એપ્રિલ

આજે આપ પોતાની જાતમાં આક્રમકતા અને ઝનૂનનો અનુભવ કરશો. ગણેશજી આમ ન કરવાની સલાહ આપે છે. તેઓ ધીરજ રાખવાનું પણ કહે છે, કારણ કે ઉતાવળમાં કરેલું કામ જોઈએ એવું પરિણામ નથી આપતું.

**ટૉરસ**
૨૦ એપ્રિલથી ૨૦ મે

આજે આપે ઉગ્ર મિજાજ અને વાણી પર કાબૂ રાખવાની જરૂર છે. નવા કામ કે નવું આયોજન હાથ ધરવા માટે આજનો દિવસ આપના માટે અનુકૂળ નથી. ક્રોધાવેશમાં વાણી પર સંયમ ન રહેતાં અન્યોની લાગણી દુભાશે.

**જેમિની**
૨૧ મેથી ૨૦ જૂન

આજનો દિવસ આપના માટે સારો જણાઈ રહ્યો છે, છતાં ગણેશજી કહે છે કે આનંદ માણતી વખતે આપે સમતુલન જાળવવું જરૂરી છે. આપ મિત્રો અને સંબંધીઓ સાથે લાગણીના સૂત્રથી જોડાયેલા રહેશો.

**કૅન્સર**
૨૧ જૂનથી ૨૨ જુલાઈ

આજનો દિવસ પ્રવૃત્તિથી ભરપૂર રહેશે. વધુ પડતા ઘરકામને કારણે કંટાળાનો અનુભવ કરશો. આપના દિલ પર કંઈક ભાર હોય એવું લાગશે. ગણેશજીની સલાહ છે કે આપે વધુ પડતા લાગણીશીલ ન બનવું જોઈએ.

**લિયો**
૨૩ જુલાઈથી ૨૨ ઑગસ્ટ

પરિવારના નાના સભ્યોની પ્રત્યેક પ્રવૃત્તિ પર આપ આજે રસ લેશો. બાળકોનો અભ્યાસ અને તેમની કારકિર્દી માટે તેમનું દિશાસૂચન કરશો. મનોરંજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો પ્રસંગ બને.

**વર્ગો**
૨૩ ઑગસ્ટથી ૨૨ સપ્ટેમ્બર

આજે આપ લાભ મેળવવા માટે ગમે એવાં જોખમી પગલાં ભરશો, પરંતુ નાણાકીય બાબતોને એમાંથી બાકાત રાખવાની ગણેશજી સલાહ આપે છે, કારણ કે એમાં આપને નુકસાન થાય એવી શક્યતા છે.

**લિબ્રા**
૨૩ સપ્ટેમ્બરથી ૨૨ ઑક્ટોબર

આપનાં સંતાનો એવી સિદ્ધિ હાંસલ કરશે જેના પર ગૌરવ અનુભવી શકશો. જમીન કે વીમાની પૉલિસી ખરીદીને કે પછી ચોક્કસ ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરીને આપ પોતાનાં નાણાં બમણાં કરી શકશો.

**સ્કૉર્પિયો**
૨૩ ઑક્ટોબરથી ૨૧ નવેમ્બર

આજે આપનો સ્વભાવ વધારે ઉગ્ર રહેશે એથી ગણેશજીની સલાહ છે કે આપે કોઈ વ્યક્તિ સાથે ખોટી દલીલો ન કરવી જોઈએ. આજનો દિવસ કોઈ મહત્ત્વનું કે નવું કામ શરૂ કરવા માટે અનુકૂળ નથી.

**સૅજિટેરિયસ**
૨૨ નવેમ્બરથી ૨૧ ડિસેમ્બર

આજે આપ દરેક કામ સમયસર પૂર્ણ કરી શકશો એથી અપૂર્ણ રહેલાં તમામ કાર્યો આજે પૂરાં કરી શકશો. વિદેશ સાથે નવા સંપર્કો સ્થાપવા માટેનો દિવસ છે. આપ કોઈ ધાર્મિક પ્રસંગમાં હાજરી આપશો.

**કૅપ્રિકૉર્ન**
૨૨ ડિસેમ્બરથી ૧૯ જાન્યુઆરી

વ્યાવસાયિક ક્ષેત્રે આપને ઘણી સારી તકો હાંસલ થશે. બન્ને હાથે આ તક ઝડપીને જિંદગીમાં પ્રગતિ સાધી શકો છો. ગણેશજીને એમ લાગે છે કે આજના દિવસે આપની ઝોળીમાં ઘણી બધી તક આવી પડશે.

**ઍક્વેરિયસ**
૨૦ જાન્યુઆરીથી ૧૮ ફ્રેબ્રુઆરી

આપના મિત્રો આપનો પ્રેરણાસ્રોત બનશે. તેમની પ્રગતિ જોઈને આપ આપના જીવનમાં એ સ્થાન પ્રાપ્ત કરવા વિચારશો. આપની જીવનશૈલીમાં પણ ફેરફાર થવાનો સંભવ છે અને એ ખૂબ અનુકૂળ લાગશે.

**પાઇસીસ**
૧૯ ફેબ્રુઆરીથી ૨૦ માર્ચ

આજે લાભ કે આવક ઓછી અને ખર્ચ બમણો થઈ શકે છે, એવી ગણેશજી ચેતવણી આપે છે. પૈસાની બાબતે આપે વધારે સાવધાની રાખવી પડશે. નવાં કાર્યો, સોદો કે ઉદ્‍ઘાટન કરવા માટે શુભ દિવસ નથી.

## દિમાગ કા દહી

1. તાજેતરમાં કયા દેશમાં હિજાબ પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે?
2. ભારતના કયા શહેરને ગોલ્ડન સિટી ઑફ ઇન્ડિયા કહેવામાં આવે છે?
3. દર વર્ષે કઈ તારીખે આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક દિવસ મનાવવામાં આવે છે?
4. ભારતની સૌથી લાંબી રેલ ટનલ કઈ?
5. હાલમાં કયું શહેર ભારતનું પહેલું સિટી ઑફ લિટરેચર બન્યું છે?
6. જીઆઇ ટૅગ પ્રાપ્ત સાંઝી ક્રાફ્ટ કઈ જગ્યાની ઓળખ છે?
7. બ્રિક્સ ગેમ્સ ૨૦૨૪નું આયોજન કયા દેશમાં થયું?
8. સુનામી કઈ ભાષાનો શબ્દ છે?
9. પૃથ્વી પર સૌથી ગરમ મહાદ્વીપ (કૉન્ટિનેન્ટ) કયો?
10. પનામા નહેર કયા બે મહાસાગરને જોડે છે?

## શબ્દ-રમત

રશ્મિન શાહ



**આડી ચાવી**

૧. તમારા શબ્દોની બરાબર ઇફેક્ટ થઈ (૫)
૪. શ્યૉર, કન્ફર્મ (૩)
૬. સ્પેશ્યલ વ્યક્તિને મોકલી છે (૨)
૮. સદાય, હંમેશાં (૩)
૧૧. અતિશય, અઢળક (૪)
૧૩. નવાં કપડાંને અંદર મૂકી દો (૩)
૧૪. કામમાં માસ્ટર છે (૩)
૧૫. જો પૅન્ટ ખરીદો તો બેલ્ટ એમનેમ મળશે (૩)
૧૭. ખર્ચ કરતાં પહેલાં આવકને જોઈને બનાવી લો (૩)
૧૯. માગ્યા વિના ક્યારેય આપવી નહીં (૩)
૨૦. આવી શકાય એવી સિચુએશન નથી (૩)
૨૧. પૂજનીય, પ્રણામ કરવાનું મન થાય એવી વ્યક્તિ (૪)
૨૨. નવરા બેઠાં મારું બ્રેઇન નહીં ખાઓ (૩)
૨૪. તમારો ઓપિનિયન આપી દો (૨)
૨૬. એનું કામ જ લપ કરવાનું છે (૩)
૨૭. દીકરો પાછો જોઈતો હોય તો એક કરોડ તૈયાર રાખો (૫)

**ઊભી ચાવી**

૨. કાયમ, હંમેશાં (૩)
૩. મેરે દિલ મેં આજ ક્યા હૈ, તૂ કહે તો મૈં બતા દૂં... (૨)
૫. સૂર્ય આવી ગયો (૩)
૭. રસ્તા પર એક પણ ખાડાટેકરા નથી (૩)
૮. સફળ, સક્સેસ (૪)
૯. રાજાના ચહેરા પર સ્માઇલ આવ્યું (૪)
૧૦. આવી જાઓ બધા સામે (૩)
૧૨. બધાને ઇન્ફૉર્મ કરી દો (૩)
૧૫. મૅક્સિમમ ભાવ શું છે? (૪)
૧૬. બધી અરેન્જમેન્ટ થઈ ગઈ છે (૪)
૧૮. ધર્મ ખાતર આદરેલું યુદ્ધ (૩)
૧૯. આતંકવાદી સામેની સોસાયટીમાં છે એવા પુરાવા મળ્યા છે (૩)
૨૦. કાબૂ, કન્ટ્રોલ (૩)
૨૧. ખોટા રસ્તે ચડી ગયેલો (૩)
૨૩. અભણ, મૂર્ખ (૩)
૨૫. ધનોતપનોત થાય, કીડા પડે... મરો ત્યારે પાણીનું ટીપું પણ ન મળે... (૨)

## હટકે સુડોકુ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| A | | 5 | 8 | 7 | | | | 1 | 3 | 9 | |
| 1 | | 9 | | | | | | | | 7 | 5 |
| | 2 | | | | 9 | 6 | | | | | |
| 2 | | 1 | | | | | | | | | |
| | B | | | | | 0 | 2 | 5 | | | 8 |
| | | 0 | | | 8 | | 1 | | B | | A |
| 4 | | | 6 | | | | | | | | |
| | | B | | | 7 | 4 | | | | 8 | |
| | | 7 | | 3 | | | | 0 | 9 | | |
| 5 | | | | | | | B | | | 3 | 0 |
| | | 6 | 0 | | | 7 | 8 | A | | 5 | B |
| | | | | | | | | | | | 6 |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં બાર બૉક્સ છે અને દરેકમાં બાર ખાનાં છે. કરવાનું શું છે?

૧) દરેક બૉક્સમાં શૂન્યથી નવ સુધીનો આંક તથા A અને B આવવા જોઈએ. કંઈ રહી ન જવું જોઈએ.
૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ શૂન્યથી નવ સુધીનો આંક તથા A અને B આવવા જોઈએ. અહીં પણ કંઈ રહી ન જવું જોઈએ.
૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો.
૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં ભરવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.
૫) આ પઝલનો એક જ ઉકેલ છે.

## શનિવાર, તા. ૨૯-૬-૨૪ના ઉકેલ



| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 3 | 1 | 2 | 7 | 0 | 4 | 5 | 9 | B | A |
| 0 | 5 | 7 | A | 6 | 8 | 9 | B | 4 | 1 | 3 | 2 |
| B | 4 | 9 | 2 | A | 5 | 1 | 3 | 7 | 0 | 8 | 6 |
| 6 | 7 | 5 | 9 | 1 | 4 | 3 | 0 | A | B | 2 | 8 |
| 1 | 0 | 2 | B | 8 | 6 | A | 9 | 3 | 7 | 4 | 5 |
| A | 3 | 8 | 4 | B | 2 | 7 | 5 | 0 | 6 | 9 | 1 |
| 9 | 8 | 6 | 5 | 7 | 1 | 4 | 2 | B | 3 | A | 0 |
| 7 | 2 | B | 0 | 3 | 9 | 5 | A | 6 | 8 | 1 | 4 |
| 4 | 1 | A | 3 | 0 | B | 8 | 6 | 9 | 2 | 5 | 7 |
| 3 | B | 0 | 8 | 5 | A | 2 | 7 | 1 | 4 | 6 | 9 |
| 2 | A | 4 | 6 | 9 | 0 | B | 1 | 8 | 5 | 7 | 3 |
| 5 | 9 | 1 | 7 | 4 | 3 | 6 | 8 | 2 | A | 0 | B |

**દિમાગ કા દહીના જવાબ :** (૧) શુક્ર (૨) બૉમ્બે સ્ટૉક એક્સચેન્જ (૩) સરસ્વતી વીણા (૪) આસામ (૫) શ્રીલંકા અને સિંગાપોર (૬) ઍર-કન્ડિશનર (૭) ગોવા (૮) પુણે (૯) બાસ્કેટબૉલ (૧૦) કોયના

## સ્વાતિની સૂચના હતી કે મારો શ્વાસ હેઠો ન બેસે ત્યાં સુધી મારા મેકઅપ-રૂમમાં આવવું નહીં

# 'દાવાનળ'... લાઇવ!

## આગ સાથેનો અણધાર્યો ખેલ

વાર્તા-સપ્તાહ

પ્રકરણ ૧



લલિત લાડ



**સ્વાતિની** આ સીનમાં માસ્ટરી હતી.

જેટલી વખત નાટકનું આ દૃશ્ય ભજવાતું એટલી વખત પ્રેક્ષકોનાં રૂંવાડાં ખડાં થઈ જતાં હતાં. 'દાવાનળ' નાટકનો આજે પુણેમાં સળંગ દસમો શો હતો અને એ પણ હાઉસફુલ.

બીજા અંકનો પડદો પડે એ પહેલાંનું આ છેલ્લું દૃશ્ય. સ્વાતિ ચિત્કારો કરતી સ્ટેજ પર દાખલ થાય છે. તેની પાછળ-પાછળ રણજિત ધસી આવે છે. રણજિતની કામવાસના ભડકી ઊઠી છે. તે સ્વાતિને પોતાનો શિકાર બનાવવા માટે ચિત્તાની જેમ ત્રાટકે છે. સ્વાતિ ચીસો પાડતી પ્રતિકાર કરે છે. રણજિત તેને પકડીને નીચે ગબડાવી દે છે. છતાં સ્વાતિ જોર કરીને તેને હડસેલી મૂકે છે. સ્વાતિ નાસે છે, રણજિત તેની પાછળ પડે છે. ફર્નિચરોની ગબડાગબડી, ટેબલ-લૅમ્પનું પડવું, બલ્બનું ફૂટવું, ઇલેક્ટ્રિકના કરન્ટથી ઝબકારા થવા માંડવા... સ્વાતિ અને રણજિતની ઝપાઝપી... સ્વાતિ રણજિતને ફરી વાર હડસેલી મૂકે છે અને અચાનક...

અચાનક સ્વાતિના હાથમાં વિદેશી શરાબની બૉટલ આવી જાય છે. તે વીજળીના ચમકારાની ઝડપે નિર્ણય લઈ લે છે. તે ચીસ પાડે છે, 'તને તાબે થવાને બદલે હું મારી જાતને સળગાવી દઈશ! જો! જોઈ લે!' સ્વાતિ શરાબની બૉટલ પોતાના શરીર પર ઊંધી વાળી દે છે અને પછી તરત જ ટેબલ પર પડેલા લાઇટર વડે પોતાની સાડી સળગાવી દે છે!

પ્રેક્ષકોમાં હાહાકાર મચી જાય છે. ભડભડ બળતી સાડીના છેડા સાથે દોડતી સ્વાતિ, તેની પાછળ દોડી રહેલો રણજિત... અને એક ક્ષણે પેલો ભડકો મોટી જ્વાળા બની જતાં સ્તબ્ધ થઈને રણજિત થંભી જાય છે. સ્વાતિની એક ભયાનક ચીસ સંભળાય છે... જોરદાર લાઇટિંગની ઇફેક્ટ અને ધમધમાટ મ્યુઝિક સાથે સડસડાટ પડદો પડે છે!

પ્રેક્ષકો બે ક્ષણ માટે સ્તબ્ધ થઈ જાય છે. શું થયું? પડદો બંધ થવાની દસ સેકન્ડ પછી માઇકમાંથી અનાઉન્સમેન્ટ થાય છે, 'નાટકનો બીજો અંક અહીં સમાપ્ત થાય છે. માત્ર દસ મિનિટનો વિરામ. થૅન્ક યુ!'

રોમાંચિત થઈ ઊઠેલા પ્રેક્ષકો દર વખતે તાળીઓનો ગડગડાટ કરીને આખો હૉલ ગજવી મૂકતા!

પણ પડદા પાછળ શું બની ગયું એ પ્રેક્ષકો માટે કલ્પના બહારની વાત હતી, કારણ કે આ જ તો હતો સ્વાતિની ઍક્ટિંગનો કસબ!

દોડાદોડી અને ચીસાચીસ વચ્ચે શરાબની બૉટલમાંનું પ્રવાહી એ રીતે રેડાવું જોઈએ કે તેની સાડીના છેડા પર વધારે ઢોળાય અને શરીર પર ઓછું. લાઇટર વડે સળગાવતાંની સાથે જ સાડીનો છેડો ભડભડ બળવા લાગે ત્યારે એ શરીરને ન અડી જાય અને છતાં દોડાદોડી કરતી વખતે છેડાને એ રીતે ફંગોળતા રહેવાનું કે પ્રેક્ષકોને તેમના ઍન્ગલથી લાગે કે તે ભડભડ બળી રહી છે! પરંતુ તેમને શંકા પણ ન જાય કે સ્વાતિ હકીકતમાં શરીરથી સાડીના છેડાને દૂર રાખી રહી છે. છેલ્લી ઘડીએ જ્યારે પડદો પડે અને તખ્તો પૂરેપૂરો ઢંકાઈ જાય એ પછી સેકન્ડનો દસમો ભાગ પણ ન લાગે એટલી ઝડપે સાડી શરીર પરથી ઉતારી નાખવાની. બીજી જ ક્ષણે સ્ટેજની પાછળથી ધસી આવેલો એક અસિસ્ટન્ટ કાતર વડે સાડીનો સળગતો ભાગ કાપી નાખે, બીજો અસિસ્ટન્ટ ફાયર એક્સ્ટિંગ્વિશર વડે આગ બુઝાવી દે અને ત્રીજો અસિસ્ટન્ટ ભીનો કરેલો ઊનનો ધાબળો સ્વાતિના શરીરે લપેટી દે!

યસ, સ્ટેજની પાછળથી ધસી આવતા અસિસ્ટન્ટોની ચપળતા તો ખરી જ, પણ એ પહેલાંની પૂરેપૂરી સાડાત્રણ મિનિટનું જોખમ સ્વાતિએ એકલીએ જ ખેડવાનું રહેતું. એટલે જ તો પુણેમાં આ દૃશ્યની વાહ-વાહ આગની જેમ ફેલાઈ ચૂકી હતી. નાટકના પહેલા જ શો પછી સળંગ ૩૦ શોની ટિકિટો ઍડ્વાન્સ બુકિંગમાં વેચાઈ ગઈ હતી.

આજે દસમા શોમાં પણ વાદળોના ગડગડાટ જેવી તાળીઓથી હૉલ ગૂંજી ઊઠ્યો. સ્વાતિ ઝડપી પગલે ભીનો ધાબળો લપેટતી પોતાના મેકઅપ રૂમમાં પહોંચી ગઈ. અરીસાની સામે ગોઠવેલી ખુરશી પર બેસતાં પહેલાં તેણે ધાબળો ફંગોળીને બીજું વસ્ત્ર ઓઢી લીધું હતું, પણ શ્વાસ હજી એટલા જ જોરથી ચાલી રહ્યા હતા.

સ્વાતિની કડક સૂચના હતી કે જ્યાં સુધી મારો શ્વાસ હેઠો ન બેસે ત્યાં સુધી પ્લીઝ, કોઈએ મારા મેકઅપ-રૂમમાં આવવું નહીં. નૉર્મલ થઈ જાઉં પછી જ મને અભિનંદન આપવા હોય તો આપવાં.

નાટકના બીજા કલાકારો આ નિયમ બહુ જ શિસ્તથી પાળતા. આજે તો આગલા નવ શો કરતાં પણ સ્વાતિએ દિલધડક પર્ફોર્મન્સ કર્યો હતો એટલે લગભગ બધા જ કલાકારો દરવાજા પાસે રાહ જોઈને ઊભા હતા કે ક્યારે સ્વાતિ બહાર આવે અને અભિનંદન આપીએ.

પણ પાંચ મિનિટ થવા છતાંય જ્યારે સ્વાતિ બહાર ન આવી ત્યારે તેની કો-ઍક્ટ્રેસ કૌશલ્યાએ દરવાજા પર ટકોરા મારીને અંદર ડોકિયું કર્યું. સ્વાતિ હજી એમ જ બેઠી હતી. તેની નજરો ફૂલોના એક બુકે પર મંડાયેલી હતી.

કૌશલ્યા સામે એક નજર કરીને તેણે પૂછ્યું, 'આજે પણ આવ્યો છે તે?'

'હા.' કૌશલ્યાએ કહ્યું, 'આજે તો તેણે પોતાનો સીટ-નંબર પણ લખ્યો છે.'

સ્વાતિએ હવે બુકે પર ચોંટાડેલા કૉન્ગ્રેચ્યુલેશન્સ કાર્ડને ધ્યાનથી જોયું. એની નીચે સ્કેચ પેનથી લખ્યું હતું, 'યુ આર ગ્રેટ. H-15.'

'કોણ છે આ હલકટ માણસ?' સ્વાતિએ પૂછ્યું.

કૌશલ્યાએ શાંતિથી તેના ખભા પર હાથ મૂક્યો. 'પ્રેક્ષક છે અને પ્રેક્ષક આપણાં માઈ-બાપ છે.'

'પણ આ રીતે રોજ બુકે મોકલ્યા કરવાનો શો મતલબ છે?'

'મતલબ પણ ખૂલશે. આજે તેણે સીટ-નંબર લખ્યો છેને? કાલે ફરી આવશે ત્યારે તેનું નામ લખશે અને પરમ દિવસે જ્યારે શો છૂટશે ત્યારે તને મળવા પણ આવશે. ડોન્ટ વરી.'

કૌશલ્યાની વાત સ્વાતિને સાચી લાગી. અમુક પ્રેક્ષકો ઘેલા હોય છે. તેમની ઘેલછા ક્યારેક પાગલપનની હદ પણ વટાવી જતી હોય છે. આવા ઘેલસઘરાઓને બહુ ભાવ પણ ન અપાય. તેમને બહુ છંછેડવા પણ સારા નહીં.

ત્રીજા અંકનો પહેલો બેલ વાગ્યો એટલે બીજા કલાકારો ઝડપથી આવીને સ્વાતિને અભિનંદન આપીને પોતપોતાના કામમાં ગૂંથાઈ જવા લાગ્યા.

યસ, સ્ટેજની પાછળથી ધસી આવતા અસિસ્ટન્ટોની ચપળતા તો ખરી જ, પણ એ પહેલાંની પૂરેપૂરી સાડાત્રણ મિનિટનું જોખમ સ્વાતિએ એકલીએ જ ખેડવાનું રહેતું. એટલે જ તો પુણેમાં આ દૃશ્યની વાહ-વાહ આગની જેમ ફેલાઈ ચૂકી હતી. નાટકના પહેલા જ શો પછી સળંગ ૩૦ શોની ટિકિટો ઍડ્વાન્સ બુકિંગમાં વેચાઈ ગઈ હતી.

પણ સ્વાતિ હવે ફ્રી હતી, કારણ કે તેની પંદર મિનિટ સુધી એન્ટ્રી નહોતી. તેણે હવે સ્ટેજ પર નવા મેકઅપ સાથે એન્ટ્રી લેવાની હતી. રિમૂવર વડે તે ચહેરા પરનો મેકઅપ સાફ કરવા માંડી.

કપડાં બદલી લીધા પછી તેને ફરી ચટપટી થઈ. કોણ હશે તે? તેણે હૉલમાં બેઠેલા પ્રેક્ષકો પર વિન્ગમાંથી નજર દોડાવી. H-15 નંબરની સીટ પર બેઠેલા પ્રેક્ષક પર તેની નજર સ્થિર થઈ. સફારી સૂટ પહેરેલો આધેડ વયનો એક માણસ હતો. પહેલી નજરે તો ગાંડાઘેલો સાઇકિક કેસ હોય એવો નહોતો લાગતો.

'જે હોય તે...' સ્વાતિએ વિચાર્યું, 'કૌશલ્યા કહે છે એમ એક દિવસે શો છૂટ્યા પછી આવશે જને? ત્યારે વાત...'

•••

તે બરાબર પચીસમા શો પછી આવ્યો.

તે રોજ બુકે મોકલતો હતો. બુકેના કાર્ડ પર લખેલો સીટ-નંબર પણ એ જ હતો, પણ હજી સુધી તેણે તેનું નામ કાર્ડ પર લખ્યું નહોતું.

શો પૂરો થયો, હૉલ ખાલી થઈ ગયો અને સ્ટેજ પર પાડેલો પડદો હટાવી લેવામાં આવ્યો પછી તે બૅકસ્ટેજમાં આવ્યો. તેની નજરોએ સ્વાતિને દૂરથી જ શોધી લીધી હતી અને તે બિલકુલ બાજ પક્ષીની જેમ સડસડાટ સ્વાતિ પાસે આવીને ઊભો રહ્યો.

સ્વાતિએ તેને જોયો, પણ કોઈ રિસ્પૉન્સ ન આપ્યો.

'H-15.' તે બોલ્યો.

'H-15?' સ્વાતિએ અજાણ્યા થવાનો ડોળ કર્યો.

'રોજ એ જ સીટ પર બેસીને છેલ્લા ૨૫ શોથી તમારો અદ્ભુત પર્ફોર્મન્સ જોઈ રહ્યો છું.'

'બધા જુએ છે. આખો હૉલ ફુલ હોય છે.' સ્વાતિએ હળવું સ્મિત કર્યું. 'તમારા જેવા પણ ઘણા હોય છે, એક જ સીટ પર બેસીને અનેક શો જોનારા.'

'હશે.' તેના ચહેરાના ભાવ જરાય ન બદલાયા. 'પણ હું ક્યારેય કોઈ નાટક નથી જોતો. તમારું આ નાટક સળંગ ૨૫ નાઇટ જોયું. આઇ ઍમ ઇમ્પ્રેસ્ડ.'

'થૅન્ક્સ.'

થોડી ક્ષણો સુધી તે કંઈ ન બોલ્યો. સ્વાતિની નજરો તેને માપી રહી હતી. તે કંઈક કહેવા માગતો હતો અને એ કહેવા માટેની માનસિક તૈયારી કરી રહ્યો હતો. ખોંખારો ખાઈને તે કંઈક બોલવા ગયો કે સ્વાતિએ બીજી દિશામાં જોઈને બૂમ પાડી, 'ચાલો ભાઈ, કેટલી વાર? મને તો ક્યારની ઊંઘ આવે છે.'

સ્વાતિ ઍક્ટ્રેસ હતી એટલે સામા માણસની બૉડી-લૅન્ગ્વેજ વાંચવામાં પાવરધી હતી. પેલો માણસ ફરી ખોંખારો ખાશે, પોતાના કૉલર સરખા કરશે, બન્ને હાથ ભેગા કરી મસળશે, થોડી રાહ જોશે અને સ્વાતિ 'ચાલો બાય હોં?' એમ કહીને છટકી ન જાય એ માટે એકદમ સજાગ થઈને સ્પષ્ટ અવાજે બોલશે : 'એક્સક્યુઝ મી, પણ...'

આટલે સુધી બધું જ સ્વાતિની ધારણા પ્રમાણે થયું, પણ આગળના શબ્દો અલગ જ નીકળ્યા. તે સ્પષ્ટ અવાજે પણ ઝડપથી બોલ્યો : 'એક્સક્યુઝ મી, પણ આ કોઈની જિંદગી અને મોતનો સવાલ છે. તમને મોંમાગી રકમ આપી શકું છું.'

સ્વાતિ થંભી ગઈ, 'શું કહ્યું તમે?'

'જી, મેં કહ્યું કે તમને મોંમાગી રકમ આપી શકું છું.'

'ના, એ પહેલાં શું કહ્યું?'

'કે આ કોઈની જિંદગી અને મોતનો સવાલ છે.'

'કોની જિંદગી અને મોતનો?'

'મારી એક મા છે. તમે જ તેને બચાવી શકો એમ છો.'

સ્વાતિએ પહેલી વાર તે માણસનો ચહેરો ધ્યાનથી જોયો. પહોળાં જડબાંવાળો ચોરસ ચહેરો, પાતળા હોઠ, ખરબચડા ગાલ, મોટું કપાળ અને એ કપાળ પર થોડી ચિંતાની કરચલીઓ હતી. તેનાં જાડા કાચનાં ચશ્માં પાછળની આંખો ભીની હતી. તે હોઠ ભીડીને પોતાની લાગણીઓને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

'તમે મારી માને...' પેલા માણસે શબ્દો ગોઠવીને બહુ ધીમા અવાજે જવાબ આપ્યો. 'તમે મારી માને... તેની આગળ સળગી જવાનું આબેહૂબ નાટક કરીને બચાવી શકો છો!'

સ્વાતિ સ્તબ્ધ હતી. તે બોલ્યો : 'હું તમને શાંતિથી મળીને બધું જ સમજાવવા માગું છું. આ મારું કાર્ડ છે. તમે મને કાલે ફોન કરી શકો?'

કાર્ડ આપીને તે એક ક્ષણ પણ રોકાયા વિના જતો રહ્યો. સ્વાતિએ કાર્ડ જોયું : બિહારીલાલ પાંડે. એમાં કોઈ સરનામું નહોતું. માત્ર એક મોબાઇલ-નંબર હતો.

(ક્રમશઃ)

# લાઇફમસાલા

**શું વાત કરો છો?** ગૂગલ ટ્રાન્સલેટમાં ભારતીયો માટે વધુ ૭ ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે યુઝર્સ કોઈ પણ ભાષામાંથી ગૂગલ ટ્રાન્સલેટરમાં અવધી, બોડો, ખાસી, કોકબોરોક, મારવાડી, સંતાલી અને તુલુ ભાષામાં પણ અનુવાદ કરી શકશે.

## હૅરી પૉટરના પહેલા પુસ્તકનું ઑરિજિનલ આર્ટવર્ક ૧૬ કરોડ ૨૭ લાખથી વધુ રૂપિયામાં વેચાયું

**બ્રિટિશ** લેખિકા જે. કે. રોલિંગે ૧૯૯૭માં પહેલી વાર હૅરી પૉટરની ઓળખાણ કરાવી ત્યારથી આ પાત્રએ આખા વિશ્વને ઘેલું લગાડ્યું છે. 'હૅરી પૉટર ઍન્ડ ધ ફિલૉસૉફર્સ સ્ટોન' જે. કે. રોલિંગનું પહેલું પુસ્તક હતું જેના કવર પર પહેલી વાર લોકોએ હૅરી પૉટરને જોયો હતો. કાળા વાળ, ગોળ ચશ્માં ધરાવતા અને જિજ્ઞાસાથી હૉગવર્ટ્સ એક્સપ્રેસને જોઈ રહેલા હૅરીનું મૂળ ચિત્ર ૨૩ વર્ષના એક યુવકે બનાવ્યું હતું. આ ઑરિજિનલ વૉટરકલર આર્ટવર્કની અમેરિકામાં રેકૉર્ડબ્રેકિંગ ૧.૯ મિલ્યન ડૉલર (૧૬ કરોડ ૨૭ લાખથી વધુ રૂપિયા)માં હરાજી થઈ છે.

૧૯૯૭માં આર્ટ સ્કૂલનો વિદ્યાર્થી થોમસ ટાયલર લંડનમાં બ્લૂમ્સબરી પબ્લિશિંગ ઑફિસમાં ગયો હતો જ્યાં તેણે અમુક સ્કેચ રજૂ કર્યા હતા. અહીં તે જે. કે. રોલિંગના સંપર્કમાં આવ્યો અને તેમણે ભેગાં મળીને હૅરી પૉટર બનાવ્યો. સોથબીઝ ઑક્શનના એક વિડિયોમાં કહેવામાં આવ્યું હતું કે 'થોમસે બુક માટે બનાવેલું વૉટરકલર ઇલસ્ટ્રેશન પહેલી વાર ૨૦૦૧માં ૯૦ લાખ રૂપિયામાં વેચાયું હતું. તાજેતરના ઑક્શનની કિંમત ધાર્યા કરતાં ત્રણ ગણી વધી ગઈ હતી. બુક અને ફિલ્મોમાં હૅરી પૉટરનું કૅરૅક્ટરાઇઝેશન અને ગ્લોબલ મર્ચન્ડાઇઝ બધું જ આ વૉટરકલરથી શરૂ થયું હતું.'




## મધ્ય પ્રદેશની યુવતી વિશ્વની સૌથી યુવા CA બની ૧૯ વર્ષની ઉંમરે




**મધ્ય** પ્રદેશની નંદિની અગ્રવાલ ભારતની જ નહીં, વિશ્વની સૌથી યુવા ફીમેલ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ (CA) બની છે. તેની ઉંમર છે માત્ર ૧૯ વર્ષ. આ પ્રતિભાશાળી છોકરીએ નાની ઉંમરમાં બહુ મોટી સિદ્ધિ મેળવી લીધી છે. નંદિનીએ ૧૦મું ધોરણ ૧૩ વર્ષની ઉંમરે અને ૧૨મું ધોરણ ૧૫ વર્ષની ઉંમરે પાસ કર્યું હતું. ૧૯ વર્ષની ઉંમરે તેણે CA ટૉપ કરીને ઇન્ડિયા બુક ઑફ રેકૉર્ડ્સ અને ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સમાં નામ નોંધાવ્યું હતું. નંદિની મધ્ય પ્રદેશના મોરેના નામના નાનકડા શહેરમાંથી આવે છે જેણે નવેમ્બર ૨૦૨૧માં ૧૯ વર્ષ, ૮ મહિના અને ૧૮ દિવસની ઉંમરે દેશના ૮૩,૦૦૦ ઉમેદવારોને પાછળ છોડીને CAની પરીક્ષામાં પ્રથમ રૅન્ક મેળવ્યો હતો.

નંદિની ૧૧માં ધોરણમાં ભણતી હતી ત્યારે એક ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ વિજેતા તેની સ્કૂલમાં આવ્યો હતો અને ત્યારથી જ તેણે CA એક્ઝામ આપીને રેકૉર્ડ બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. બારમા ધોરણ બાદ તેને ઍપ્રેન્ટિસશિપ મેળવવા માટે બહુ મહેનત કરવી પડી, કેમ કે કોઈ કંપની તેને ૧૬ વર્ષની ઉંમરે હાયર કરવા માગતી નહોતી. તેના પિતા ટૅક્સ પ્રૅક્ટિશનર અને માતા ગૃહિણી છે. રસપ્રદ વાત એ છે કે નંદિની અને તેના ૨૧ વર્ષના ભાઈએ ૨૦૧૭માં સાથે જ ૧૨મું ધોરણ પાસ કર્યું હતું, કેમ કે નંદિનીએ શાળામાં બે ધોરણ આગળ અભ્યાસ કર્યો હતો.


As part of the pre-wedding celebrations of

Anant Ambani
&
Radhika Merchant,

a Mass Wedding of the underprivileged has been organized at

4:30 PM on Tuesday, 2nd July 2024

at Swami Vivekanand Vidyamandir, Wada, Palghar District.

Nita & Mukesh Ambani are contributing towards this noble cause and will also grace the occasion along with family.

We would be delighted if you could join us in witnessing this Celebration of Love.

## નીતા અને મુકેશ અંબાણીએ ગરીબો માટે સમૂહલગ્નનું આયોજન કર્યું

### આ ઇવેન્ટ પણ દીકરા અનંત અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ સેલિબ્રેશનનો જ ભાગ છે

**નીતા** અને મુકેશ અંબાણીએ મહારાષ્ટ્રમાં બીજી જુલાઈએ સમૂહલગ્નનું આયોજન કર્યું છે. તેમનો દીકરો અનંત અને રાધિકા મર્ચન્ટ ૧૨ જુલાઈએ જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં લગ્ન કરવાનાં છે. લગ્નનું પ્રી-વેડિંગ સેલિબ્રેશન આ વર્ષની શરૂઆતથી શરૂ થઈ ચૂક્યું છે. જામનગર બાદ યુરોપમાં ક્રૂઝ-પાર્ટીનું આયોજન થયું હતું અને હવે એ જ સેલિબ્રેશનના ભાગરૂપે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. પાલઘર જિલ્લાના કેટલાક ગરીબ પરિવારો માટે અંબાણી ફૅમિલીએ આ આયોજન કર્યું છે. પાલઘર જિલ્લાના વાડામાં આવેલા સ્વામી વિવેકાનંદ વિદ્યામંદિરમાં સાંજે સાડાચાર વાગ્યે લગ્નનું આયોજન છે. આ સમૂહલગ્નમાં તેઓ પોતે પણ હાજરી આપવાનાં છે. એ માટેનું ઇન્વિટેશન હાલમાં સોશ્યલ મીડિયામાં વાઇરલ થયું છે. દીકરાનાં લગ્ન ધામધૂમથી કરવાની સાથે અંબાણી ફૅમિલી એ પરિવારોનું પણ ધ્યાન રાખી રહી છે જેઓ લગ્ન કરવા માટે પણ સક્ષમ નથી. આથી સમૂહલગ્ન દ્વારા તમામ ગરીબ ફૅમિલી પણ ખુશી-ખુશી લગ્ન કરી શકે અને એ પણ કોઈ પ્રકારના નાણાકીય બોજ વગર એની તકેદારી અંબાણી પરિવાર રાખી રહ્યો છે.



## ફ્લોરલ ગાઉનમાં મહેકી ઈશા અંબાણી

**લક્ઝુરિયસ** લાઇફ-સ્ટાઇલ જીવનાર વ્યક્તિની લાઇફ જ અલગ હોય છે અને એમાં ભારતમાં અંબાણી ફૅમિલી હંમેશાં ચર્ચામાં રહે છે. હાલમાં ઈશા અંબાણીનો 'વોગ' મૅગેઝિન માટેનો ફોટોશૂટ ખૂબ ચર્ચામાં રહ્યો છે. એમાં તે ફ્લોરલ ડ્રેસમાં જોવા મળી છે. વાત જ્યારે ઈશા અંબાણીની હોય ત્યારે તેને તૈયાર કરનાર પણ નાની-મોટી હસ્તી થોડી હોય. ઈશાને હૉલીવુડની સ્ટાર ઝેન્ડાયાના સ્ટાઇલિસ્ટ લૉ રોચે તૈયાર કરી હતી. ઈશાનો આ ફ્લોરલ ડ્રેસ લક્ઝુરિયસ બ્રૅન્ડ ડિયોર દ્વારા કસ્ટમમેડ બનાવવામાં આવ્યો હતો. તેનો ડ્રેસ, લક્ઝુરિયસ ફુટવેર, નેકલેસ દરેક વસ્તુ પર ખૂબ ડિટેઇલમાં કામ કરવામાં આવ્યું હતું. લૉ રોચે ઈશાને તૈયાર કરી હતી અને તેનો મેકઅપ તન્વી ચેમ્બુરકરે કર્યો હતો.

ઈશાના બીજા લુકમાં વાઇટ રોઝની થીમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એવું લાગી રહ્યું છે કે એ સાચાં વાઇટ રોઝ હોય. આ ડ્રેસ લક્ઝરી બ્રૅન્ડ રિચર્ડ ક્વીન દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જે ઑફ-શોલ્ડર નેકલાઇન ડ્રેસ છે. આ લુકમાં તેને ખૂબ ઓછો મેકઅપ કરવામાં આવ્યો છે અને છતાં તે ખૂબ સુંદર દેખાય છે. ઈશાના ત્રીજા લુકમાં પણ ફ્લોરલ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.









## અમેરિકામાં ખેલાડીઓ અંધારામાં બેઝબૉલ રમીને ચમકી રહ્યા છે

**બેઝબૉલ** અમેરિકાની સૌથી લોકપ્રિય ગેમ છે. સામાન્ય રીતે આ ગેમ પૂરતા પ્રકાશમાં જ રમી શકાય, પણ વર્જિનિયા રાજ્યમાં ખેલાડીઓ ઘોર અંધારામાં બેઝબૉલ રમે છે. એક સધર્ન કૉલેજિયેટ બેઝબૉલ ટીમે 'કૉસ્મિક બેઝબૉલ' ગેમનો ચીલો ચાતર્યો છે જે ફક્ત રાતે રમાય છે અને એ પણ લાઇટ બંધ કરીને. આ ગેમનો માહોલ જુદો જ હોય છે. આખા સ્ટેડિયમમાં અંધારપટ છવાઈ જાય છે અને ખેલાડીઓ UV-રીઍક્ટિવ યુનિફૉર્મ, બૉલ અને બૅટ લઈને મેદાનમાં ઊતરે છે. એટલે કે જોનારાઓને માત્ર ચમકતા ખેલાડીઓ, બૉલ અને બૅટ જ દેખાય અને કોઈ વિડિયો ગેમ જોતા હોઈએ એવું લાગે.

ટ્રાઇ-સિટી ચિલી પેપર્સ બેઝબૉલ ટીમ પહેલી એવી ટીમ છે જેણે બ્લૅક લાઇટમાં સત્તાવાર રીતે કૉસ્મિક બેઝબૉલનું આયોજન કર્યું હતું. ટીમના ઓનર ક્રિસ માર્ટિનને કૉસ્મિક બેઝબૉલનો વિચાર વર્ષ પહેલાં આવ્યો હતો જ્યારે કોઈકે મેદાનમાં ગ્લો સ્ટિક ફેંકી હતી. ત્યાર બાદ એક લાઇટિંગ કંપનીની મદદથી તેમણે અઢાર ૫૦૦ વૉટ બ્લૅકલાઇટ ઇન્સ્ટૉલેશન કર્યું અને UV-રીઍક્ટિવ યુનિફૉર્મ અને સાધનો પણ વિકસાવ્યાં. કૉસ્મિક બેઝબૉલ પાછળ લગભગ ૧ લાખ ડૉલરનો ખર્ચ થયો છે અને એ થોડા સમયમાં જ લોકપ્રિય ગેમ બની ગઈ છે. ઘણાને કૉસ્મિક બેઝબૉલનો કન્સેપ્ટ બહુ મુશ્કેલ લાગતો હશે, પણ ખેલાડીઓનું કહેવું છે કે પ્રૅક્ટિસ બાદ UV લાઇટમાં રમવું સરળ છે અને તમારું લક્ષ્ય ફક્ત બૉલ હોય છે.

Postal Registration Number MCN/312/2024-2026



UP TO
60% OFF

Follow us on @mavyfashions

ANNUAL SALE
Retail at Wholesale Prices
Sale Starts from 5th July

MAVY
ETHNIC WEAR

Shop no 3, Gr.Floor, Raj Shopping Arcade, S.V.Road, Malad West,
Mumbai, Maharashtra, 400064 Tel: +919800088812